
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજના ઘરોનું એકમાત્ર માસિક · સંસ્થાપક: રવિશંકર રાવળ · વર્ષ ઓગણત્રીસમું અંક ચોથો · માહે એપ્રિલ · ઓગણીસસો બાવન · સળગ અંક ૩૪૦મો



સિદ્ધપુરના રુદ્ર મહાલયનો અવશેષ (ફોટો નલિનભાઈ પટેલ) સં. ૯૯૮માં મૂળરાજ સોલંકીએ શરૂ કરેલો ને ૧૨૦૨માં સિદ્ધરાજ જયસિંહે પૂરો કરેલો રુદ્રમહાલય સૌંદર્ય સાથે અતુલ સામર્થ્યનો મેળ કરીને ગુજરાતના શિલ્પીઓએ ઉતારેલા સ્થાપત્યનો પ્રાચીનતમ નમૂનો છે બૌદ્ધકાળના અસ્ત પછી બ્રાહ્મણકાળમાં રચાએલાં સ્થાપત્યમાં ગુજરાત જેવાં ઉત્તમ પ્રકારો હિંદભરમાં ક્યાંય નથી

તંત્રી · બચુભાઈ રાવત



ત્રણ મોતી · ચિત્રકાર: મનોહર જોશી ('મોજ'ના દીવાળી અંકમાંથી: તેમના તથા ચિત્રકારના સૌજન્યથી) કુમાર · એપ્રિલ ૧૯૫૨નું મુખચિત્ર

કુમાર
એપ્રિલ ૧૯૫૨
અંક ૩૪૦

એક પત્ર

જુહુ : ૩૦-૩-૫૨

સ્ને. ભાઈ રવિશંકર,

વર્ષોથી અજંતાના કલામંડપો જોવાની બહુ ઝંખના હતી. છેવટે ગઈ છઠ્ઠીએ અમે ત્યાં જઇ શક્યા. દુનિયાના ઘણા ભાગોમાં ફર્યા પછી પણ ત્યાં પહોંચીને સ્વપ્નદેશનો એક મનોરથ સિદ્ધ કર્યો...

વર્ષો પહેલાં તમારું સુન્દર પુસ્તક 'અજંતાના કલામંડપો' જોયેલું. બહુ ગમેલું અને અભ્યાસ માટે સંગ્રહમાં મૂકેલું. અજંતાના સૌંદર્યનો કંઈક સાક્ષાત્કાર થયા પછી... તમારું પુસ્તક હમણાં જ બહુ ઝીણવટથી પણ અતિ મુગ્ધતાથી, અભ્યાસીની ને પૂજકની દૃષ્ટિએ વાંચ્યું. તમે જે લાવણ્યભર્યાં શબ્દ-રેખા ને રંગચિત્રો આલેખ્યાં છે તે બધાં બહુ મોહક ને સ્તુતિપાત્ર લાગ્યાં. સૂર્યના ભર્ગ ઝીલતાં ચન્દ્રમાંથી ઝરતી ચન્દ્રિકા જેવાં તમારાં શબ્દ-રેખા-રંગચિત્રો આહ્લાદક લાગ્યાં. અજંતાની-ભારતના એક ભવ્ય ઇતિહાસપ્રકરણની-સમૃદ્ધિ મનોહર સ્વરૂપમાં ગુજરાતને ચરણે ધરીને તમે તો કલાપૂજનની તૃપ્તિ અનુભવી. પણ ગુજરાત અને ભારત તમારા આરતી-સંગીતમાં સૂર મેળવી કૃતકૃત્ય બને એ મારી પ્રાર્થના છે.


કલામંડપોમાં ઉદ્ભવતા ગગનગામી ભાવોને અનુરૂપ તમારી ગંભીર અને સુરેખ મનોહર લેખનશૈલી પણ મને બહુ ગમી....

લિ. સન્મુખલાલ પંડ્યાનાં વં. મા.

[વણમાગ્યા આવેલા ઉપરના પત્રમાં જણાવેલું પુસ્તક કુમાર કાર્યાલય લિમિટેડનું પ્રકાશન છે. કિંમત ત્રણ રૂપિયા: રજિસ્ટ્રેશન વગેરે સાથે પોસ્ટેજ ૦-૯-૦ જુદું]

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



સ્વતંત્ર ભારતની પહેલી ચુંટાએલી પાર્લામેન્ટ (લોકસભા)

ભારત સ્વતંત્ર થયા પછીની સર્વ પ્રથમ મતગણતરી જે તાજેતરમાં પૂરી થઇ, અને તે અનુસાર ચુંટાઈ આવેલા પ્રજાના પ્રતિનિધિઓની જે લોકસભા–પાર્લામેન્ટ હવે મળવાનો છે તેનો આ આલેખ છે. તેમાં એકએક ખાનું તે એકએક બેઠક છે, અને તે બેઠકો કયા કયા પક્ષોમાં કેટકેટલી સંખ્યામાં વહેંચાએલી છે તે દરેક ખાનામાં તેની વિવિધ સંજ્ઞા મૂકીને દર્શાવી છે. દાખલા તરીકે તદ્દન કાળા રંગે પૂરેલી છે તે બેઠકો કૉંગ્રેસની છે. અને તે એ પક્ષની કેટલી જબ્બર બહુમતિ છે તે દર્શાવે છે. તે પછીના જુદાજુદા આગળ પડતા પક્ષોએ જે બેઠકો મેળવી છે તે જે જે સંજ્ઞાઓ વડે બતાવી છે તેનો નિર્દેશ આ આકૃતિના ચાર ખૂણાઓમાં કરેલો છે. તે ઉપરાંતના બીજા પક્ષોની બેઠકોમાં તે તે પક્ષના નામના પ્રથમાક્ષરો લખીને આ મુજબ બતાવી છે: યુનાઇટેડ સોશિયાલિસ્ટ ઑર્ગેનિઝેશન=યુ; રેવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી=રે; હિંદુ મહાસભા=હિં; અકાલી દળ=અ; ગણતંત્ર પરિષદ=ગ; કૃષિકાર લોક પાર્ટી=કૃ; જનસંઘ=જ; રામરાજ્ય પરિષદ=રા; તામિલનાડ ટૉઇલર્સ પાર્ટી=તા; કૉમનવીલ પાર્ટી=કૉ; ત્રાવણકોર તામિલનાડ કૉંગ્રેસ=ત્રા; ઝરખંડ પાર્ટી=ઝ; દલિત વર્ગ ફેડરેશન=દ; લોકસેવક સંઘ; લો; મુસ્લિમ લીગ=મુ; ખેડૂત અને મજૂર પક્ષ=ખે; અને ફૉરવર્ડ બ્લૉક=ફૉ. આલેખ દર્શાવે છે તે મુજબ લોકગૃહની કુલ ૪૯૭ બેઠકો પૈકી ૩૬૩ બેઠકો કૉંગ્રેસે મેળવી છે. તેની સામે સામ્યવાદીઓ અને તેમના સાથીદાર પક્ષોએ ૨૭, સ્વતંત્ર ઉમેદવારોએ ૩૬, સમાજવાદીઓએ ૧૨, કિસાન મજદૂર પ્રજા પક્ષ (કે. એમ. પી. પી.) એ ૧૦, જનસંઘે ૩; દલિત વર્ગે ૨; કૃષિકાર લોક સંઘે ૧; અને અન્ય પક્ષોએ ૩૫; આ ઉપરાંત તથા પ્રમુખે ખાસ નિયુક્ત કરેલા ૮ સભ્યો મળી કુલ ૪૯૭ બેઠકોનું આપણું લોકગૃહ બનેલું છે. (અમૃત બઝાર પત્રિકા ઉપરથી)

ચરખો

ચરખો દિવ્ય ચલંત
અવિરત ચરખો દિવ્ય ચલંત
યુગયુગથી કંતાતો આવે પરમ પ્રેમનો અદ્‌ભુત તંત–ચ૦
ચક્ર ન દીસે હસ્ત ન દીસે,
જોઇ વળ્યો છું દિશેદિશે,
કેવળ ઊંજણથી નીતરેલું નેહામૃત મધુરું શું ઝમંત–ચ૦
ગંગે, કયાં તત્ર ઉદ્‌ગમતીરથ!
ધસમસતો જાતો કયાં જલરથ!
કેવળ મધ્યપટે નિરખું છું વ્હેતા દીપ સમા કંઈ સંત–ચ૦
ફૂલડાં આ ગમ ઊડીઊડી આવે,
ઓ પારની ખુશ્બૂ ફેલાવે,
હે વનમાળી! કયી ગમ તારા નંદનવનની નિત્ય વસંત–ચ૦

ઉશનસ્‌

એકાકી

· અનુષ્ટુપ ·

આવનારાં બધાં જાયે 'આવજે આવજે' કહી,
એકાકી ઉરને કોઈ 'ચાલ' કહેનાર છે નહીં.

જયંત પાઠક

અદમ્ય આકર્ષણ

· શાલિની-અનુષ્ટુપ : સૉનેટ ·

આવે છે એ આંગણે રોજ મારે
સાહેલીઓ સાથ વ્હેલી સવારે,
નર્તંતુ કો અપ્સરાવૃંદ જાણે
ઝનૂઝનૂકારે ઇંદ્રલોકે પધારે.

ન્યાળું હું લાલિત્ય ગૌરાંગનાનું
ઝીણા વસ્ત્રે જાય ડોકાઈ છાનું,
જાણે આછી વાદળી આવરે ત્યાં
સોહી ઊઠે રૂપ તો ચંદ્રમાનું.

હીરાની હારે શંનિઓ જડેલા,
માથે એના મુકુટો શા ધરેલા!
ને શી સ્પર્શે શીત નાજુક કાય
અંગો જેનાં આછું મ્હેકી રહેલાં.

સ્પર્શે, ગંધે, રૂપે, નાદે, સ્વાદે સુંદર ને પ્રિય
*બાટલી દૂધની કેવી આકર્ષે પંચ ઇન્દ્રિય!

ગીતા કાપડિયા

* મુંબાઈમાં રોજ વહેલી સવારે બરોબર આવતી સ્વચ્છ, શીતળ, ધવલ, ને સફેદ-વાદળી પતરાના સીલથી મંડિત દૂધકેન્દ્રની બાટલીઓ

કલાકારોને ઉદ્‌બોધન

શ્રી નંદલાલ વસુ

આધુનિક કળાકારો સહજ ઉત્તરાધિકાર સૂત્રે જે નવા અનુરાગના અધિકારી થાય છે તે ખૂબ જ પ્રાણવાન ને પ્રશંસનીય છે. પરંતુ ઉમર વધવાની સાથેસાથે, તેમજ દુનિયાના રોજબરોજના ઘાત-પ્રતિઘાતથી મનની જટિલતા, કાઠિન્ય અને સંદિગ્ધતા વધતાં જ જાય છે. એ મનને પાછું સરળ ને નવીન કરી દેવું જોઇએ; સંદિગ્ધ અને ભીત મનને નિશ્ચિત અને નિર્ભીક કરી દેવું જોઇએ; કઠિન મનને સ-રસ અને આનંદના છંદથી છંદોમય કરી દેવું જોઇએ. આ છે સાધનાનો રાહ. એ માટે કોઇ દક્ષ, સહૃદયી ને રસિક કલાકાર પ્રત્યે, તેની કૃતિઓમાં, આંતરિક શ્રદ્ધા અને પ્રેમ રાખવાં જોઈએ. કેવળ તેમનું બાહ્ય અનુકરણ જ યોગ્ય નથી. વિચારપૂર્વક ચિંતન કરી, પૃથક્કરણ કરી, તેમનાં કામ પ્રત્યે શ્રદ્ધા ને પ્રેમ રાખી, તેમના ભાવથી ભાવુક અને ગુણથી ગુણવાન તેમજ મહાન થવું જોઈએ. બીજી એક વાત. કલાકારે ટેકનીક (આંગિક) ઉપર પ્રભુત્વ મેળવવું જેમ જરૂરી છે, તેમ મનનાં આવેગ, પ્રીતિ ને ભાવનો હિલ્લોલ પણ જોઇએ. આ યુગમાં કેવળ ટેકનીક અને જાતજાતનાં કૌશલના પ્રદર્શનમાં જ કળાની સાર્થકતા મનાતી જણાય છે. કળાકાર રસની પ્રેરણાથી અને આવેગથી પોતાના મનની વાત પ્રગટ કરવા માટે જ્યારે તલપાપડ થાય, આંધળાની માફક ફાંફાં મારી રસ્તો ખોળે ત્યારે જ તેની સાર્થકતા છે. પણ કંઈ કહેવાનું ન હોય, પ્રેરણા ન હોય, અને માત્ર પ્રદર્શન ખાતર જ ટેકનીક કરવી એ કરુણ ને ક્લેશકર છે. ટેકનીક તો જોઈએ જ. દેહ ને પ્રાણનો જે સંબંધ છે તે જ ટેકનીક અને રસની પ્રેરણાનો સંબંધ છે. અને 'પ્રેરણા' એટલે કોઈ વસ્તુ કે ગુણ પ્રત્યે અહેતુ આકર્ષણ. એ આકર્ષણમાંથી જ્યારે કળાકારના મનમાં એકાદ અભૂતપૂર્વ વેદનાનો આવિર્ભાવ થાય અને એ વેદના કોઈ રૂપના અવલંબન દ્વારા, કોઈ રસ દ્વારા આનંદથી પ્રગટ થાય ત્યારે જ તે કળા બને છે.'

સાવધાન! માત્ર આંગિકનો (ટેકનીકનો) ઢબ, હાથના કૌશલની ચાલાકી ને ભાવોની ચોરી કરી કેવળ વખાણામણાં કરેલાં કળા-સર્જનો એ કળાથી બહુ દૂર છે. એ બધું સાધારણ જનસમાજના મનમાં કૌતુક જગાડશે, ઘડીભર સનસનાટી પેદા કરશે, પરંતુ રસને તુષ્ટ નહિ કરે. (અનુ૦ મણિલાલ અલગારી)



સવાઈ ગંધર્વ

એક ઓલવાતા દીપકની પ્રકાશ કથા

લેખક · પ્રો. વસન્ત જોષી એમ. એ.

રામભાઉ જ્યારે ગાવા બેસે ત્યારે ઘણીવાર શ્રોતાઓને એમ જ લાગે કે અબ્દુલ કરીમખાં જ ગાવા બેઠા છે. ખાંસાહેબના મૃત્યુ પછી રેડિયોમાં રામભાઉનું ગાયન સાંભળી લોકોને આશ્ચર્ય થતું કે ખાંસાહેબ તો ગુજરી ગયા છે છતાં એમનો અવાજ રેડિયોમાં ક્યાંથી?

ભારતના ગાયનાચાર્યોમાંનુ અબ્દુલ કરીમખાં પોતાની બધી વિદ્યા હિંદુ શિષ્યોને આપી દે અને એકે મુસલમાન ચેલાને તૈયાર કરે નહિ, એ મુસલમાન ગાયકોને ગમતું નહિ. એવા ગાયકોમાં ખાંસાહેબના ભાણેજ અબ્દુલ વહીદખાં (હીરાબાઈ બડોદેકરના ગુરુ) પણ હતા. એમની પાસે ઘરાણાની ચીજોનો સારો સંગ્રહ હોવાથી ખાંસાહેબ પણ એમની પાસેથી ચીજો મેળવતા; એટલે વહીદખાંને પણ એ વાતનો થોડોઘણો ફાંકો રહેતો અને ખાંસાહેબ પોતાની પાસેથી ચીજો લે છે એ વાત તેઓ અભિમાનથી જાહેર કરતા. ખાંસાહેબને કાને આ વાત આવી હતી. એક વાર મિજલસમાં ખાંસાહેબના બધા શિષ્યો ભેગા થયા હતા. ઘણા મુસલમાન કલાકારો હાજર હતા. એમાંના એક બુઝર્ગ સમાજે ખાંસાહેબને સવાલ પૂછ્યો, 'યહ હમારી સબ વિદ્યા હિંદુઓં કે ઔર બમ્મનોં કે વાસ્તે હૈ?' ખાંસાહેબે તરત જ જવાબ આપ્યો, 'વિદ્યા કા જતન કરના ઔર ઉનકી પ્રતિષ્ઠા રખના ઉન લોગોં કા હિ કામ હૈ.' આ સાંભળી વહીદખાં ચિડાયા અને કહે, 'અજી મામૂ! યે બમ્મન હમારે સામને કયા ગા સકતે!' ખાંસાહેબને તો ભાણેજનું અભિમાન ઉતારવું જ હતું. તેમણે કહ્યું, 'અજી ભાઇ! બમ્મનકે સાથ દો તાનેં તો ગા કે દેખો, જબ માલૂમ હો જાયગા.' તરત જ વહીદખાંએ તંબૂર મેળવ્યા અને ગાવા બેઠા. ખાંસાહેબે પોતાના 'બમ્મન' શિષ્ય સવાઈ ગંધર્વને એમની સાથે ગાવાની આજ્ઞા કરી. વહીદખાંએ મુલતાની ગાવાની શરૂઆત કરી. બંને તૈયાર ગવૈયા. વારાફરતી દરેક સમ પર આવતો જાય ત્યારે શ્રોતાઓ ખુશ થાય. બે જણા પંચમ સુધી આવ્યા ત્યાં એક કલાક નીકળી ગયો. વહીદખાં આગળ જવાના હતા ત્યાં 'અભિ આગે મત બઢિયે', એમ ખાંસાહેબે કહ્યું અને 'ફીરતમાં ગાઓ' એમ ફરમાવ્યું. ફીરતમાં આખો મામલો પલટાઈ ગયો. સવાઈ ગંધર્વ જે ગમકમાં ફરે એ ગમક વહીદખાંને આવડે નહિ અને એમની તાન પણ ઘરાણાની નીકળે નહિ. ત્યારે ખાંસાહેબ બોલ્યા, 'યહ બમ્મનકા ગાના હી કિરાને કા ગાના હૈ યહ વિદ્યા જો કરેગા ઉસકી હૈ.'

પોતાના જે શિષ્ય માટે ખાંસાહેબ અબ્દુલ કરીમખાં બહુ જ મગરૂર રહેતા એ આ જ 'સવાઈ ગંધર્વ'. અથવા એમના નામથી એમને ઓળખવા હોય તો શ્રી રામભાઉ કુંદગોળકર.

સંગીતકલાકારના જીવનનું એક મોટું દુઃખ છે કે એ જ્યાં સુધી ગાઈ શકે ત્યાં સુધી લોકો એના પર ફિદાફિદા થઈ રહે; પણ કમભાગ્યે જેવો એના ગાવામાં કોઈ અંતરાય આવ્યો કે તરત લોકો એને ભૂલી જવાના. સાહિત્યકાર કે ચિત્રકાર સર્જન કરતો બંધ થાય કે મરી જાય તોપણ પાછળ પોતાની કૃતિઓ મૂકતો જાય છે. પણ સંગીતકારનો તો અવાજ કામ આપે ત્યાં સુધી જ એની કીર્તિ લોકોમાં પ્રસરતી હોય છે એ માતો બંધ થાય ત્યારે લોકોને એના અસ્તિત્વનું ભાન પણ નથી રહેતું. માત્ર કોઇ રડ્યાખડ્યા શૉખીનો એની રેકર્ડો સંઘરે અને હેતથી સાંભળે. બાકી સામાન્ય જનોને તો એને વિષે ખબર પણ નથી હોતી. આજે તો શાસ્ત્રીય સંગીતની રેકર્ડો પણ મળતી નથી, એટલે રામભાઉને દુનિયા ભૂલી ગઈ છે એમ કહીએ તો ચાલે.

દસેક વર્ષ ઉપર રામભાઉને લકવો થયો. મહારાષ્ટ્રમાં આ સમાચાર ફેલાયા ત્યારે રસિકો ઉદ્વિગ્ન થયા અને રામભાઉને આરામ થાય એમ સૌએ પ્રાર્થના કરી. ઘણા ઉપચારો બાદ એમની તબિયત તો સુધરી, પણ તેઓ આજે બેઠકમાં ગાઇ શકતા નથી.

માણસ ધારે તો શું કરી શકે છે એનું રામભાઉનું ચરિત્ર ૨૫ષ્ટ ઉદાહરણ છે. કેવળ અવાજ સારો હોવાથી પ્યારાસાહેબ ગાયકો નામના મેળવી ગયા. અબ્દુલ કરીમખાંની ગાયકીના યશમાં પણ ગાયકના મધુર અવાજે મહત્ત્વનો ભાગ ભજવ્યો એ તો એમની કોઈ પણ રેકર્ડ સાંભળ્યા પછી કહી શકાય છે. રામભાઉને એવી કુદરતી બક્ષિશ ન હતી. એમના અવાજમાં માધુર્ય ન હતું. કુદરતી કંપ કે ફીરત જેવું યે હતું નહિ, કે નહોતી અવાજમાં ઉંચાઈ. તેમ છતાં રામભાઉને દેશે 'સવાઇ ગંધર્વ' નામથી નવાજ્યા એટલી કોટિએ એમના ગાયનનું વૈશિષ્ટ્ય પહોંચ્યું. એનાં કારણ બે: રામભાઉની મહેનત, અને ખાંસાહેબે પ્રેમથી એમની પાસે કરાવેલું કામ.

ખાંસાહેબનું ઘરાણું તંતુકારનું હતું. એમના કાકા સારંગી સરસ વગાડતા. ખાંસાહેબ પોતે પણ બીન, દિલરૂબા, સારંગી, હાર્મોનિયમ, સતાર વગાડતા. એટલે તંતુકારો પાસેથી વિદ્યા મેળવી તૈયાર થયેલો મધુર અવાજવાળો અને સૂરીલો ગુરુ રામભાઉએ શોધ્યો એમાં એમની પણ ચતુરતા દેખાય છે. રામભાઉની ગુરુભક્તિ અસાધારણ! આજે પણ ખાંસાહેબનું નામ લેતાં એમની આંખોમાં અશ્રુ આવી જાય છે. 'પિયા બિન નહિ આવત ચૈન' ગાવાનો તમે એમને આગ્રહ કરો ત્યારે એ જરૂર કહે, 'એ મારાથી કેમ ગવાય? ખાંસાહેબ જેવું મને આવડે નહિ. માફ કરજો. એ હું નહિ ગાઉં.' રામભાઉ પરોઢિયે ઊઠતા અને ખાંસાહેબના ખાટલા પાસે જ તંબૂરો લઇ બેસતા. ખાંસાહેબ ઊઠે કે તરત કામ શરૂ થાય. રામભાઉ એમના પ્રિય શિષ્ય. બીજા શિષ્યોના અનુભવથી અને રામભાઉની ગુરુભક્તિ અને મહેનત જોઇ ખાંસાહેબ હમેશાં ખુશ થતા.

અબ્દુલ કરીમખાં જેવા ગુરુ રામભાઉને કેવી રીતે સાંપડ્યા એ ઇતિહાસ પણ મનોરંજક છે.

રામભાઉ પોતાને ગામ કુંદગોળમાં રહેતા ત્યારથી—નાનપણથી જ એમને નાટ્ય-ગાયનનો ખૂબ શોખ હતો. એમના પિતા પણ રસિક હતા. ગામમાં કોઈ પણ સારો ગાયક આવે તો એ એનું ગાન સાંભળવા જતા. રામભાઉ પણ એમની સાથે હોય જ. ગાન સાંભળી ઘેર આવ્યા પછી રામભાઉ ગાયકના ગાનનું આબેહૂબ અનુકરણ કરી બતાવતા. એ વખતે ગામમાં ઘણી નાટક કંપનીઓ પણ આવતી. નાટકો જોઇ રામભાઉ એમાંની ગાયકીનું પણ અનુકરણ કરતા. આમ, નાટક-ગાયનનો એમનો શોખ એટલો વધ્યો કે અભ્યાસ કરવાનું એમને મન થતું નહિ. ગમે તેમ કરી તેઓ મરાઠી છઠ્ઠા અને અંગ્રેજી ત્રીજા ધોરણમાં પાસ થયા. અને એમને ગાવાનું જાણે સ્વાતંત્ર્ય મળ્યું. ગામમાં અવેતન રંગભૂમિના રસિક સેવકો હતા જ. એમનાં નાટકોમાં જ્યારે રામભાઉએ કામ કર્યું અને ઈનામો મેળવ્યાં, ત્યારે 'છોકરાના ગાયનના અભ્યાસ માટે કંઈક વ્યવસ્થા કરવી જોઇએ' એમ એમના પિતાને લાગ્યું. આ અરસામાં—એટલે ૧૮૯૭માં કોલ્હટકર નામના ગાયક કુંદગોળ રહેવા આવ્યા. ધ્રુપદ ગાવામાં તેઓ પ્રવીણ હતા. ગણપ્પા કુંદગોળકરે—ભાઉરાઉના પિતાએ—રામભાઉને એમને ત્યાં ગાયન શીખવા મોકલ્યા. શિષ્યની ભણવાની ઇચ્છા જોઈ ગુરુ ખુશ થયા અને દોઢ વરસમાં એમણે રામભાઉને પંચોતેર જેટલા ધ્રુપદ અને પચીસ તરાણા અઘરા તાલોમાં શીખવાડ્યા. એ ઉમરમાં પોતે બ્રહ્મતાલ, મત્તતાલ જેવા અઘરા તાલમાં કોઇની પણ પખજની સાથેસાથે ગાઈ શકતા એમ રામભાઉ આજે કહે છે. ૧૮૯૮માં કોલ્હટકરનું મૃત્યુ થવાથી રામભાઉનું શિક્ષણ બંધ થયું. પણ કુંદગોળ જેવા નાના ગામડામાં એમને 'બાલગવઈ' તરીકે ખ્યાતિ મળી ચૂકી હતી. રામભાઉ ત્યાં જ રહ્યા હોત તો એક સારા ધ્રુપદિયા ગાયક તરીકે નામના મેળવત. પણ નસીબમાં જુદું જ લખાયું હતું.

હુબળીમાં બે સારા મુસલમાન ગાયકો આવ્યા છે એવા સમાચાર કુંદગોળ આવ્યા અને કેટલા યે લોકો એમને સાંભળી આવ્યા. કુંદગોળ હુબળી પછીનું જ સ્ટેશન: પંદરવીસ મિનિટનો જ રસ્તો. રોજ લોકો હુબળી જાય અને આ બે ગાયકોનાં વખાણ લાવે. હજી સુધી રામભાઉ હુબળી ગયા ન હતા. એમની માતાના મૃત્યુ પછી ઘરમાં એ એકલા હતા. પિતા એમને ક્યાંય જવા દે એમ હતું નહિ. હુબળી જવાનું મન તો ઘણું થતું હતું. આખરે વિચાર સૂઝ્યો કે અંગ્રેજીનો આગળ અભ્યાસ કરવા માટે હુબળી જવાની રજા માગવી. ત્યાં ગયા પછી ગાયનનો અભ્યાસ થઇ શકશે. પિતા પહેલાં માન્યા નહિ. અંતે છોકરાની હઠથી થાકી એને હુબળી મોકલવા તૈયાર થયા ને રામભાઉ હુબળીની નિશાળમાં અંગ્રેજી ચોથા ધોરણમાં દાખલ થયા.

ગાયકો હુબળી ક્લબમાં ઊતર્યા હતા. ત્યાં તેઓ રોજ ગાય છે એમ રામભાઉએ સાંભળ્યું હતું. નિશાળમાં ભણવાનું તો ગૌણ હતું. એટલે સવારસાંજ તેઓ ક્લબ આગળ આંટા મારી ગાયન સાંભળી શકાય છે કે કેમ તે જુએ, પણ સાંભળવાની તક મળે નહિ. અને ગાયકોએ પણ કાંઈ રોજ ગાવું જ જોઇએ—અને તે પણ રામભાઉ બહાર આંટા મારતા હોય ત્યારે, એવું તો હતું જ નહિ. એટલે દિવસો વીતવા માંડ્યા અને રામભાઉ અધીરા બન્યા. એટલામાં એક રાતના ગાયન થવાનું છે અને મોટામોટા માણસો સાંભળવા આવવાના છે એવા સમાચાર એમને મળ્યા. પણ એમને અંદર કોણ દાખલ કરે? આજનું ગાન તો નથી જ ચૂકવું એવો નિર્ધાર કરી રામભાઉ અંદર તો ધૂસ્યા. વ્યવસ્થાપકે એમને ધક્કા મારી છેક દીવાલ પાસે બેસાડી દીધા. નક્કી કરેલા સમયે એક કાળી ઠીંગણી અને કૃશ વ્યક્તિ બેઠક પર આવી. પાછળ રૂપમાં એવો જ પણ ઉંમરમાં નાનો ૧૫-૧૬ વર્ષનો છોકરો હતો. છોકરાએ હાથમાં તંબૂર લીધો અને ગાન શરૂ થયું. રામભાઉએ બાજુમાં તપાસ કરી ત્યારે એમને ખબર પડી કે એ ગાયકો સગા ભાઇઓ છે અને વડોદરાથી આવ્યા છે. મોટાનું નામ અબદુલ કરીમ અને નાનાનું અબદુલ હક. ગાન સાંભળી રામભાઉ દેહભાન ભૂલી ગયા અને એમણે તરત જ નિશ્ચય કર્યો કે આ ગવૈયા પાસેથી જ ગાયનકલા શીખવી.

આ ગાયન સાંભળ્યું ત્યારથી રામભાઉની વૃત્તિમાં ફેર પડ્યો. અભ્યાસમાં તો પહેલાંથી જ બહુ મન હતું નહિ, અને હવે તો સાવ ઊડી ગયું. આ ફેર પિતાના ધ્યાનમાં આવ્યો અને એમણે પૂછ્યું: 'સ્કૂલમાંથી ઊઠી જઈ ગાયન શીખવાનું જ મન થાય છે ને?' નીચું ઘાલી રામભાઉએ 'હા' તો કહ્યું, પણ સાથે 'ખાંસાહેબ પાસેથી જ' એમ ઉમેર્યું. દરમિયાન સમાચાર મળ્યા કે કુંદગોળના નાડગીર જાગીરદારને ઘેર ખાંસાહેબ ગાવા આવવાના છે. રામભાઉ તરત જ કુંદગોળ ભેગા થઈ ગયા. ગામના બાલગવૈયા તરીકે એમને ખાંસાહેબ પાસે બેસવાની તક મળી, ખાંસાહેબ જોડે પરિચય થયો અને નાડગીર જાગીરદારે એમને કહ્યું, 'ખાંસાહેબને થોડું ગાઇ તો બતાવ!' આવા શ્રેષ્ઠ ગાયકની હાજરીમાં ગાવાનું કહેવામાં આવતાં રામભાઉને પરસેવો છૂટ્યો, પણ નાડગીરના આગ્રહને માન આપી આવડ્યું તેવું થોડું ગાયું. સાંભળતાંની સાથે જ ખાંસાહેબ બોલી ઊઠ્યા 'લડકે કા અવાજ બહુત અચ્છા હૈ. અચ્છેકે પાસ સીખેગા તો તૈયાર હો જાયગા.' રામભાઉને તથા એમના પિતાને પણ એ જ જોઇતું હતું. 'શીખવાનું હોય તો આપની પાસે જ, એમ છોકરાની જિદ છે.' પિતાએ કહ્યું.

'ઠીક હૈ, હુબલી ચલો. મૈં સિખાઉંગા.' ખાંસાહેબ બોલ્યા.

રામભાઉનો હરખ તો માય નહિ. તે હુબલી ગયા અને ખાંસાહેબ પાસે અભ્યાસ શરૂ થયો. ભૂપ રાગમાં 'સુગ્રે બોલ' ખ્યાલથી શરૂઆત કરી. અસ્તાઇ પૂરી થઇ. રામભાઉને લાગ્યુ કે હવે ગવૈયા બનતાં શી વાર? બે મહિના તો ખાંસાહેબે ખૂબ આસ્થાથી એમને શીખવ્યું અને એક દિવસ જાણે ચેલાની પરીક્ષા કરવા માગતા હોય તેમ તે હુબલીમાંથી અલોપ થઈ ગયા! રામભાઉ નિરાશ થયા. શાળાનું ભણતર તો ક્યારનું પૂરું થયું હતું. હવે ગુરુ નાઠા એટલે ગાયનની પણ એ જ દશા થઈ. પાછા કુંદગોળ ગયા વગર ચાલે એમ હતું નહિ!

રામભાઉ વીલે મોંએ પાછા ઘેર આવ્યા અને એકાદ વર્ષ ત્યાં જ રહ્યા. આ અરસામાં જ પિતાએ એમને પરણાવી દીધા. આ ઉંમરમાં ઘણાખરા છોકરાઓના અવાજ ફાટે છે અને ઘેરા બને છે. રામભાઉનો મૂળ અવાજ પણ તેમ જ ફાટી ગયો. હવે ગાવા જેવો અવાજ રહ્યો ન હતો. ગાયક થવાની બધી મહત્ત્વાકાંક્ષા ધૂળમાં મળી ગઈ અને આશાભંગનું દુ:ખ અનુભવતા રામભાઉ કુંદગોળમાં રહ્યા.

એકાદ વર્ષ બાદ ખાંસાહેબ પાછા હુબલી આવ્યા છે એવા સમાચાર એમને મળ્યા અને રામભાઉના મનમાં ફરીથી આશા જાગી. ગુરુને એકવાર મળી લેવાય તો યોગ્ય માર્ગદર્શન મળે એવા વિચારથી તેઓ હુબલી આવ્યા.

'ક્યોં મિયાં, રિયાઝ ચાલુ હૈ?' ખાંસાહેબે પૂછ્યું.

બિચારા રામભાઉ શો જવાબ આપે? ખાંસાહેબે એમની સિકલમાં આશાભંગ પારખી લીધો. થોડી વાર રહી બીતાંબીતાં રામભાઉ કહે, 'આપ મને શીખવાડવાના હતા ને?'

'ક્યોં નહિ સિખાયગા? ઈસ બખ્ત સચ્ચી મહેનત લેની ચાહિયે. તુમ્હારી ગંડા બાંધનેકી તૈયારી હૈ?' ખાંસાહેબે પૂછ્યું.

આ 'ગંડા'ના તંત્રની રામભાઉને ગતાગમ નહોતી. ખાંસાહેબે સમજણ પાડી અને પિતાની રજા લેવા રામભાઉ ઘેર ગયા. રામભાઉની તીવ્ર ઇચ્છા જોઇ પિતાએ રજા આપી અને એક દિવસ હુબળીમાં 'ગંડા' બાંધવાની વિધિ કરવામાં આવી. પોતાની શક્તિ પ્રમાણે રામભાઉએ ગુરુને ફેંટો આપ્યો અને બીજું નજરાણું કર્યું; અને ખાંસાહેબે રામભાઉના મુખમાં ચણા–ગોળ નાખી ગાયન શીખવવાની શરૂઆત કરી. આ દિવસથી રામભાઉ ખાંસાહેબના શાગિર્દ બન્યા. એક વર્ષ આમ ચાલ્યું અને ખાંસાહેબ હુબલીથી બીજે ગામ જવાની તૈયારીમાં મશગૂલ થયા. 'તુમ ભી મેરે સાથ ચલો' એમ એમણે રામભાઉને કહ્યું. અબદુલ હક હૈદરાબાદ ગયા હતા. આ ગુરુ શિષ્યની જોડી હુબલીથી સોલાપુર આવી.

રામભાઉ ગુરુને મહેનતાણું આપતા નહિ. ખરચના પૈસા પિતા તરફથી મળતા એમાં વીશીમાં જમી લેતા. ગુરુ પણ એવા ઉદાર કે એક પાઇની અપેક્ષા ન રાખે ને દિલ ખોલી ચેલાને વિદ્યા આપી દે! રામભાઉ ખાંસાહેબનું બજારહાટ, હોકો ભરવાનું, એવું કામ કરતા. કોઈ પણ હલકું કામ ખાંસાહેબ એમની પાસે કરાવતા નહિ. એક વખત ખાંસાહેબ ગાયન પૂરું કરી ઘેર આવ્યા. એમને ઘણો થાક લાગ્યો હતો. એ જોઇ રામભાઉએ એમના પગ ચાંપવા માંડ્યા, ત્યારે ખાંસાહેબ તાડૂકી ઊઠ્યા: 'તુમ બમ્મન હો હમારે પૈરકો હાથ લગાના તુમ્હારા કામ નહિ!' શિષ્યને માટે ખાંસાહેબને આટલો આદર હતો!

ખાંસાહેબની ગાયકી 'કિરાના ઘરાણાની' તરીકે ઓળખાય છે. કુરુક્ષેત્ર પાસે કિરાના નામનું ગામ છે. ખાંસાહેબના પૂર્વજો ત્યાંના વતની હતા. આ લોકોની ગાયનશૈલીને 'ગોબરહારી બાની' (એટલે મન અને ઇન્દ્રિયોનું હરણ કરતી બાની અથવા તરકીબ) તરીકે ખાંસાહેબ ઓળખાવતા. લેવાય એટલો શુદ્ધ અને સ્વચ્છ સ્વર લઈ, ગાયનની ભાવના સમજી, શ્રોતાનું હૃદય જીતી લેવાની આ તરકીબ 'કિરાના ઘરાણા' જેટલી બીજા લોકોમાં નથી. આ તરકીબથી ગાયકો ગાય છે ત્યારે બધા રાગોમાં કરુણ રસનું પ્રાધાન્ય દેખાય છે, અને કરુણ રસ ઘણીવાર ભક્તિ રસમાં પરિણમે છે. ઉપરાંત ખાંસાહેબે કર્ણાટકી સંગીતનો અભ્યાસ કરી ત્યાંનું વૈશિષ્ટ્ય પોતાની પદ્ધતિમાં દાખલ કર્યું હતું. ખાંસહેબની 'ગોપાલા મેરી કરુણા' રેકર્ડ જેમણે સાંભળી હશે એમને આ શૈલી વિષે વિશેષ કહેવાનું રહેતું નથી. અથવા એમની શંકરા—જે રાગ વીર રસનો ગણવામાં આવે છે તે—રાગની 'આજ સુહાગ' ચીજમાં કરુણ રસનું કેવું અજબ મિશ્રણ થયું છે એ પણ સાંભળવાથી જણાશે. વળી બીજા ગાયકો એ તંબૂર પંચમમાં મેળવે છે તેમ ખાંસાહેબના ઘરાણામાં બનતું નથી. તે એક તંબૂર પંચમમાં અને બીજો નિષાદમાં મેળવવામાં આવે છે અને ત્યારે સૂરોનો ખરો વૈભવ દેખાય છે. પંચમના બે તંબૂરમાં બસૂરું ગાયન ઢંકાઈ જાય પણ નિષાદનો તંબૂર હોય ત્યારે બસૂરું ગાયન તરત જ ઉઘાડું પડે. અને 'સંગીતરત્નાકર'માં કહ્યું છે તેમ 'कार्यौ ग नी तु करुणे' તેમ કરુણરસને ઉઠાવ સારો મળે. આજે બડે ગુલામઅલીખાં પણ તંબૂરો નિષાદમાં મેળવે છે. કિરાના સિવાય બીજા ઘરાણાના ગાયકો તેમ કરતા હોય એવું લાગતું નથી. ખાંસાહેબનું મૂળ ઘરાણું તંતુકારનું એટલે તેઓ ગાતા ત્યારે અવાજ તંબૂરના અવાજમાં એકજીવ થઇ જતો. સવાઈ ગંધર્વ પણ ગુરુ પાસેથી એ જ વિદ્યા શીખ્યા.


પણ આવી વિદ્યા ગુરુ પાસેથી મેળવવાનું કામ સહેલું ન હતું. ગુરુનો અવાજ અસાધારણ સુંદર અને ઊંચો, ત્યારે શિષ્યનો એટલો ખરાબ કે ચડે જ નહિ. એટલે ગુરુ દરરોજ સવારે બબ્બે કલાક શિષ્ય પાસે ખરજ ગોખાવે. શિષ્ય એવા કે મહેનતથી થાકે નહિ. રોજ સોળસોળ કલાકની મહેનત કરે. નામના મેળવ્યા પછી પણ રામભાઉ રોજ આઠ-આઠ કલાક 'રિયાઝ' કરતા. એમને ઘણી ઇચ્છા હતી કે ગુરુ મિશ્ર અને અઘરા રાગ શીખવાડે તો સારું. પણ ગુરુ કહેતા, 'પાંડિત્યનું પ્રદર્શન કરવું છે કે નાદબ્રહ્મમાં લોકોને તરબોળ કરી દેવા છે? જે ગાવાનું હોય તે સમજીને ગાવું અને લોકોનાં મન જીતી લેવાં. રૂક્ષરીતે પાંડિત્યપ્રદર્શન કરવાથી કશો લાભ થવાનો નથી.' ખાંસાહેબની શૈલીનું ગાયન સાંભળીએ છીએ ત્યારે એની પાછળ કેટલી મહેનત-જહેમત રહેલી હોય છે તેનો ખ્યાલ આપણને આવતો નથી. પણ ગળામાંથી એવા સૂર કાઢવાનો પ્રયાસ કરીએ અને નિષ્ફળ નીવડીએ ત્યારે જ કંઈક ખ્યાલ આવે છે. એમની ગાયકી સાંભળી આંખમાં આંસુ આવે છે તેવાં ભાગ્યે જ બીજા ગાયકોને સાંભળી આવે છે. રામભાઉએ આ બધી વિદ્યા ગુરુ પાસેથી મેળવી લીધી અને તેઓ ખાંસાહેબના 'પટ્ટશિષ્ય' તરીકે ઓળખાયા.

૧૯૦૭ના અરસામાં રામભાઉની ગાયક તરીકેની ખ્યાતિ દેશમાં પ્રસરતી હતી. મરાઠી રંગભૂમિ પર શ્રી નારાયણરાવ રાજહંસે (બાલગંધર્વે) પદાર્પણ કર્યું હતું અને મરાઠી નાટકોની જાહોજલાલીનો જમાનો શરૂ થઇ ચૂક્યો હતો. નારાયણરાવનું રૂપ અને કંઠમાધુર્ય એ બે ગુણોએ લોકોને એવા વશ કરી લીધા હતા કે બીજી કોઈ નાટક કંપની બાલગંધર્વ સામે ટક્કર ઝીલી શકે એમ હતું નહિ. બાલગંધર્વ પૂનામાં હોય ત્યારે લોકો મુંબાઇથી એમનાં નાટકો જોવા આવતા. ત્યારે નાટકકંપનીઓ નાની ઉમરના સારા ગાયકોની શોધમાં રહેતી. એવા એક કંપનીવાળાની નજર રામભાઉ તરફ ગઈ અને એણે રામભાઉને નાટકમાં ખેંચવાનો પ્રયત્ન કર્યો. ગુરુ રજા આપવાના નથી એની ખાત્રી હતી, એટલે રામભાઉએ ના પાડી. નાટકવાળા એવા કાચાપોચા ન હતા કે એક 'ના' સાંભળી બેસી જાય. એ સીધા કુંદગોળ પહોંચી ગયા અને રામભાઉના પિતાને મનાવવામાં સફળ થયા. માસિક સો રૂપિયાનો પગાર એ વખતે ઘણી મોટી રકમ જેવો લાગતો. પિતાએ પહેલાં આનાકાની તો કરી, પણ આખરે સંમતિ આપી. ગુરુને ખબર આપી રામભાઉ ઘેર આવ્યા હતા ત્યાં આ વાત બની. ગુરુ શિષ્ય પર બહુ જ ખીજવાયા અને ગુરુ-શિષ્ય વચ્ચે લાંબા વખત સુધી અણબનાવ રહ્યો. રામભાઉ જેવો ગાયક નાટકમાં જાય એ ગુરુને ગમતું ન હતું.

રામભાઉ જરા બીકણ સ્વભાવના છે. એમનામાં આત્મવિશ્વાસ ઓછો છે એમ આપણને લાગે. બાર-તેર વર્ષ પર તેઓ અમદાવાદ આવ્યા ત્યારની વાત છે. રાતના એમને પ્રાર્થનાસમાજ હૉલમાં ગાવાનું હતું. લક્ષ્મીનિવાસ હૉટેલમાં એમની રૂમ પર હું આશરે પાંચેક વાગ્યે ગયો ત્યારે તેઓ રાતનું ગાન કેવું થશે એ વિચારથી વ્યાકુળ બની રૂમમાં આમતેમ આંટા મારતા હતા! એટલે શરૂમાં નાટકના સ્ટેજ પર આવતાં એમના મનમાં વિચારોનું કેવું તોફાન જાગ્યું હશે એનો મને તરત જ ખ્યાલ આવી શકે છે. એમને સ્ત્રી-પાર્ટ ભજવવાનો હતો. જાહેરખબરોમાં એમનું નામ જાહેર થઈ ચૂક્યું હતું અને આ નવા ગાયકને જોવા લોકો આતુર હતા. ધ્રૂજતાંધ્રૂજતાં રામભાઉ સ્ટેજ પર આવ્યા ત્યારે માથા પરના ખોટા વાળ બાજુ પર સરકી ગયા હતા! અને પ્રેક્ષકોએ તાળીઓથી એમને વધાવ્યા. સદ્ભાગ્યે પડદો પડ્યો અને રામભાઉ બચી ગયા. પછીના પ્રવેશમાં એમના ગાયનોમાં લોકોને પ્રથમ રસ પડ્યો નહિ પણ અવાજ જામતો ગયો તેમ એક ગાયન સુંદર થવા માંડ્યું, તે પચીસ મિનિટ ચાલ્યું અને મહારાષ્ટ્રમાં એક નવા અદ્ભુત ગાયક-નટનો ઉદય થયો. આસ્તેઆસ્તે લોકોને એમનાં ગાયનની એટલી તો (અનુ. પૃ. ૧૩૮મે)

મગરનો શિકાર

મહન્ત ધનરાજપુરીની
હિંદી વાર્તા પરથી
અનુવાદક
જયેન્દ્ર ગિ. ત્રિવેદી



મારી નાનકડી દીકરી શાન્તાએ મારા હાથમાં બંદૂક આપતાં કહ્યું, 'માએ કહ્યું છે મગર મારી લાવો!'

મેં તેના તરફ જોઇને કહ્યું, 'મગરને શું કરશો, બેટા?'

'મા કહે છે કે સૂટકેસ બનશે.'

'એમ? સૂટકેસ માટે મગર જોઇએ?'–કહીને મેં મારા સામાન તરફ નજર નાખી જોઈ. ટ્રેન પકડવાની ઉતાવળ હતી. સમય બહુ ઓછો હતો ને હાથી પર ત્રણ માઇલનો રસ્તો કાપી સ્ટેશને જવું હતું. સામાન જલ્દી પૅક કરાવ્યો અને હું સ્ટેશન તરફ ઊપડ્યો.

ભાદરવાના દિવસો હતા. આકાશમાં કાળાં કાળાં વાદળાં છૂટાં-છવાયાં રખડતાં હતાં. આવા મસ્તીભર્યા વાતાવરણમાં હું સાસરે જતો હતો––મોજ કરવા નહિ, શિકાર ખેલવા. મારા સાળાએ લખ્યું હતું, 'ખબર નથી કોણ જાણે ક્યાંથી, પણ મગરની એક મોટી જમાત આ બાજુ આવી ચડી છે. જ્યાં જુઓ ત્યાં રેતીના પટમાં નાના મોટા મગર જ નજરે ચડે છે. તમે જો ફક્ત બે દિવસ પૂરતા જ આ બાજુ આવી જાઓ તો મગરમચ્છોનાં ચામડાંથી હોડી આખી લદાઈ જાય. આવો—જરૂર આવો.' મારી સાળીઓએ લખ્યું હતું, 'સાંભળ્યું છે કે આપ શિકારાર્થે અહીં પધારો છો. જોજો હો, આવતી વખતે શરીર પર બીજું ચામડું મઢાવીને આવજો. જો એક પણ ગોળી ખાલી જશે તો પછી તમારી ખેર નથી! નોંધી લેજો, યાદ કરી રાખજો, ગાંઠ વાળી લેજો, પછી કહેશો નહિ કે કીધું નહોતું...'

પત્ર વાંચતાં જ રૂંવાડાં ઊભાં થઈ ગયાં. અરે, બાપ રે! ધમકીઓનો તો કંઇ પાર નથી! હવે તો પરમાત્મા જ બચાવે!

બગહા સ્ટેશને ઊતર્યો. તાપ સખત હતો. ભાદરવાના તીખા તડકાની તે શી વાત કરવી? ટ્રેનમાં જ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. મારી જાત પર પણ ઓછો ગુસ્સો નહોતો ચડ્યો. શિયાળામાં ફુરસદ ન મળી અને ભાદરવામાં શિકારનું સૂઝ્યું છે! ત્યાં તો એક લાંબા, કાળા, મજબૂત માણસે આવી મને સલામ કરી. એના તરફ જોતાં જ મેં સ્મિત કર્યું. તે નદીના શિકારનો મારો કાયમી સાથી 'નથુની' હતો: ગંડકી નદીના ખૂણેખૂણાનો પરિચિત અને નાવ ચલાવવામાં પૂરો ઉસ્તાદ! કોણ જાણે કેટલી યે વાર એના હસ્ત-કૌશલ પર મુગ્ધ થયો છું. મગરો અથવા પક્ષીઓની છેક પાસે જવાની ધૂનમાં જ્યારે ગંડકીનો કોઇ છેક છીછરો કાંઠો દુર્ધર્ષ દુશ્મનની જેમ મોં ફાડીને સામે ઊભો રહે છે ત્યારે પોતાના અભૂતપૂર્વ હસ્તકૌશલ વડે એ ચાર છ આંગળ ઊંડા પાણીમાં પણ તીરની જેમ નાવ હંકારી જનારો તો મેં આ માત્ર લાંબો કાળો માનવી એક જ જોયો છે.

'કેમ? આ વખતે નદીમાં બહુ જ મગર આવી ગયા છે?'

'વાત જ કરો મા, સરકાર! આજ ત્રીસ વરસથી નદીમાં નાવ ચલાવવાનો ધંધો કરું છું. પણ મગરોની આટલી સંખ્યા તો ક્યારેય નથી દીઠી! રેતી પર જ્યાં નજર નાખો ત્યાં મગર ને મગર જ છે.'

'એમ? ત્યારે તો એના શિકાર માટે ઠેઠ 'ગહન મરચહવા' સુધી જવાની જરૂર નહિ પડે; આસપાસમાં જ ક્યાંક શિકાર મળી રહેશે.'

નથુની જરા હસતોહસતો બોલ્યો, 'આસપાસ? અરે જો ઇચ્છા હોય તો હમણાં જતાંજતાં રસ્તામાં જ બે ચાર તો મારી શકશો!'

મેં જરા અનુત્સાહ દેખાડીને કહ્યું, 'હમણાં તો નહિ. નાવ પર બધો સામાન મુકાવીને પહેલાં તો પેટપૂજાની વ્યવસ્થા કરવી છે. કંદોઈની દુકાને સારો માલ તો મળશે ને?'

મારા હાથમાંથી બંદૂક લેતાં નથુનીએ કહ્યું, 'દુકાનની કંઇ જરૂર નથી. બાબૂજીએ (મારા સાળાએ) આપને ખાવા-પીવા માટે પૂરતો સામાન મારી સાથે જ મોકલ્યો છે. ટીફીન નાવ પર જ રાખ્યું છે. નાવ પર બેઠાબેઠા જમતા જજો અને સાથેસાથે ચારે બાજુ મગર માટે નજર પણ ફેરવતા રહેજો.'

'તમારા બાબૂજી પણ ખરા છે!' મેં હસીને કહ્યું. પછી પૂછ્યું, 'તું એકલો આવ્યો છે કે બીજું કોઇ સાથે છે?'

'હલેસાં તો જાણે હું જ મારીશ. પણ જરૂર પડે તો હોડી ખેંચવા માટે મેં બળદેવને સાથે લીધો છે.'

અત્યાર સુધીમાં ટ્રેનમાંથી બધો સામાન નીચે ઉતારાઇ ગયો હતો.

પોતાની ડાયરીની સાથે ચીજે ચીજને મેળવતો 'પહલાદ' બધો સામાન એક બાજુ ગોઠવતો હતો. મેં એના તરફ જોઈને કહ્યું, 'વેઇટિંગ રૂમમાં સામાન મૂકવાની કંઈ જરૂર નથી; નાવ પર જ લઇ લે. જમવાનું પણ ત્યાં આવી ગયું છે. જમતા જશું અને રસ્તામાં લાગ મળશે તો એક બે ફાયર કરી લેશું.'

'ભલે,' કહીને પહલાદે આદેશાનુસાર કામ કરવું શરૂ કર્યું.

મગરનું ચાગડું 'બુક' કરવા વિષે સ્ટેશન માસ્તરને થોડી જરૂરી માહિતી પૂછીને હું અર્ધાક કલાકમાં નાવ પર પહોંચી ગયો. ભાદરવાનાં ભરપૂર પાણી અને હલકી હોડી! એમાં યે પાછું વહેણની દિશામાં જ જવાનું! નાવની ગતિ તીરની ગતિની હરીફાઇ કરે એટલી હતી. અમે આનંદપૂર્વક જમવા બેઠા.

જમવાનું પતાવીને હું પાન ખાવાની તૈયારી કરતો હતો ત્યાં જ નથુનીએ કહ્યું, 'પણે રેતી પર બેત્રણ મગર પડ્યા લાગે છે.'

'ક્યાં?' કહીને મેં ઉત્સુક નજરે એ બાજુ જોયું. અંતર જરા વધારે હતું એટલે નરી આંખે કંઇ સ્પષ્ટ દેખાતું નહોતું. મેં બાઈનોક્યુલર કાઢીને જોયું. લાંબાં જડબાંવાળા પાંચપાંચ છછ હાથ લાંબા ત્રણ મગર પડ્યા હતા. એને મારવાનો આનંદ તો ક્રૂર આનંદ ગણાય. મેં હસીને નથુની તરફ જોઇને કહ્યું, 'આવાં દૂધપીતાં બચ્ચાં જ આવ્યાં છે કે પછી મોટા પણ છે?'

ત્યાં અચાનક મારી નજર નાના ચાહા પક્ષીઓના એક ટોળા તરફ ગઇ. એ બટેરિયા-ચાહાનું ઝુંડ હતું, જેમાં હજાર બારસો પક્ષીઓ તો હશે જ! એ બાજુ નદીના પ્રવાહની એક ધારા ગઇ હતી અને તેના કિનારે કતાર બાંધીને ત્રણચાર હારમાં વહેંચાઇને બેઠાંબેઠાં તે 'ટુન્-ટુન્ ટુન-ટુન્' કરતાં હતાં. એમની હાર જોઈને મને થયું કે છરાનું નિશાન જો સરકતું લીધું હોય તો સો-પચાસને મારવાં તો સાવ સરળ વાત છે. મારા મસ્તક પર બાળબુદ્ધિનું ભૂત સવાર થઇ ગયું. બટેરિયા-ચાહાનું માંસ સ્વાદિષ્ટ અને શેરવો પૌષ્ટિક હોય છે. એમાં બટેર જેવો જ સ્વાદ આવતો હોવાથી એનું નામ બટેરિયા-ચાહા પડયું હશે. વળી એક ફાયરમાં સો-પચાસનો શિકાર કરી નાખવો એ શિકારીની આબરૂ વધારે તેવું કામ પણ છે. તો પણ મગર મારતાંમારતાં ચાહા મારવાની તાલાવેલી થઈ જાય એને છોકરવાદી સિવાય બીજું શું કહેવાય?

ખેર, ગમે તેમ પણ મારા મગજ પર બચપણનું ભૂત સવાર થઈ ગયું અને મેં જરા અચકાતાં સ્હેજ શરમાતા સ્વરે નથુનીને કહ્યું, 'નાવ કિનારે લે. હું પેલી તરફના પ્રવાહ બાજુ એક ફાયર કરવા માગું છું.'

'એ બાજુ? ત્યાં વળી શું છે?' નથુનીએ આશ્ચર્યથી પૂછયું.

મેં ટૂંકમાં જવાબ આપ્યો: 'ચાહાનું ટોળું!'

'ચાહાનું ટોળું? મગર નહિ ને ચાહા?!'

કોઈના આશ્ચર્યપર મેં ધ્યાન ન આપ્યું અને કોઈની વાતનો જવાબ પણ ન આપ્યો. નાવ કિનારે લઇ જવામાં આવી. મેં કારતૂસની સંભાળ લેવા માંડી. છ નંબરથી વધુ નંબરના કારતૂસ મારી પાસે નહોતા. નાનાં પક્ષીઓના ઝુંડમાં ફાયર કરીને વધુમાં વધુ પક્ષી મારવાં હોય તો ઓછામાં ઓછા આઠ-દસ નંબરના છરાના કારતુસ જોઇએ. થોડો અફસોસ તો થયો, પણ શું થાય? બાર'બોર'ની બંદૂકની બન્ને નળીઓમાં છ નંબરના છરાના બે કારતુસ નાખ્યા અને કદાચ જરૂર પડે એમ વિચારી લીથલ-ગોળીના બે કારતુસ ખિસામાં નાખી હું નાવ પરથી ઊતરી પડયો.

ઝુંડની સીધી હારમાં જઇને ફાયર કરી શકાય તે માટે નદીના કિનારે જરા દૂર સુધી ફરીને જવું પડે તેમ હતું. પૂરને લીધે ચીકણી કાંપની માટી કિનારા પર પથરાઇ વળી હતી. મેં એની પરવા ન કરી. નદીને કિનારેકિનારે જ મારે જવું હતું. ચીકણા કાંપમાં પગ પડતાં જ ઘૂંટણ સુધી ખૂંચી જતા હતા. બપોરના સખત તડકામાં કીચડમાં ખૂંચી જતા પગને કાઢવાનો ભગીરથ પ્રયત્ન કરવામાં કમ્મર દુખવા આવી ને પરસેવાથી લથપથ થઈ ગયો. જળોની જેમ કાદવ ચોંટી જતો હતો, એટલે હું જાણે હાથી-પગો થઈ ગયો હતો! રોજ શિકાર પાછળ ઝડપી ગતિએ દોડનારા પગ આજે ઉપાડયા પણ ઊપડતા ન હતા. મને મારી જાત ઉપર જ ખીજ ચડવા માંડી.

આ યાત્રા પણ અંતે પૂરી તો થઈ જ. હવે તો લગભગ સો વાર ઘસડાઈને પેટે જ જવાની જરૂર હતી. એટલા માટે કે ચાહાનું ટોળું ઊડી ન જાય. એ તરત જ ભડકી ઊઠનારી જાત છે. દૂર દૂર સ્હેજ અવાજ થતાં જ 'ટુન-ટુન' કરતી ઊડી જાય છે. મેં કફનીની બાંયો ચડાવી લીધી અને ધોતિયાનો કચ્છો વાળી ઘૂંટણિયે પડી જમીન પર ઢળી ગયો. એ વખતે મારી મુખમુદ્રા અને ચાલઢાલ જોવા જેવાં હતાં. જમણી કોણી પર એક વખત આખા શરીરનો ભાર નાખી દેતો અને ડાબા પગને આગળ કરીને ડાબા હાથે બંદૂકને આગળ કરતો. પછી બીજીવાર ડાબી કોણી પર બધો ભાર નાખીને જમણા હાથ ને આગળ લઈ જમણા પગથી આગળ વધતો. છાતીની નીચેનું કપડું કીચડમાં ખૂંચી જતું અને હું અથાક પરિશ્રમ કરતો એ જ ચાલે આગળ વધતો-સાપ અને દેડકાની ચાલોનું મિશ્રણ કરીને જો કોઇ નવી ચાલ બનાવાય તો એ મારી આ ચાલને બહુ મળતી આવે!

સિત્તેર પંચોતેર વાર જતાંજતાંમાં તો મારો આખો દેહ શિથિલ થઈ ગયો અત્યાર સુધીમાં તો હું નદીની એક બહુ જ નાની ધારાને પાર કરી ચૂક્યો હતો. ઠેરઠેર છીયા ઊગ્યા હતા અને તેની અંદર થઇને પાણી નદીની મુખ્ય ધારાને મળી જતું હતું. શરીરને ફરીથી સબળ ને સચેષ્ટ બનાવવા થોડી વાર શ્વાસ લેવાની જરૂર લાગવાથી હું પડ્યો પડ્યો આરામથી શ્વાસ લેવા માંડયો.

ચાહાના ટોળામાં અચાનક 'ટુન્-ટુન્'નો અવાજ થતાં જ મારું હૃદય ધડકી ઊઠતું: પક્ષીઓ ક્યાંક ઊડી તો નથી જતાં ને! જો આમ ઊડી જાય તો મારી આ બધી મહેનત પર પાણી ફરી વળે! થોડીક વાર શ્વાસ ખાઈને મેં ફરીવાર સરકવું શરૂ કર્યું.

પણ આ શું? જેવો મેં ડાબી કોણી પર આખા શરીરનો ભાર દઈને જમણા પગને આગળ લેવાનો પ્રયત્ન કર્યો, અને જેવો મારો જમણો પગ બે ચાર આંગળ આગળ વધ્યો કે 'કડાક'ના અવાજ સાથે જાણે મારી એડી પર જાડી ડંડા લાઠી પડી! ઘાની સાથોસાથ મારા શરીરમાં કંપારી છૂટી ગઈ. આ વળી શી બલા? મેં ગરદન જરા વાંકી કરીને પાછળ જોયું; અને જોતાં જ મારા પર જાણે વીજળી જ તૂટી પડી! એક વિશાળકાય મગર પોતાનું ભયાનક મોં ફાડીને મારા ડાબા પગ પર આક્રમણ કરવા તત્પર હતો! જેમ વીજળીનો 'કરંટ' મળતાં જ પંખો પોતાની ધરી પર નાચવા માંડે છે, તેમ હું એકદમ ઊંધો હતો એને બદલે ચત્તો થઈ ગયો અને મારા ડાબા પગનું મેં ટૂંટિયું વાળી લીધું!

આટલું કરવા છતાં અમારા બન્ને વચ્ચે અંતર ફક્ત દોઢ વારનું હતું. જરા ઊંચો થઈને હુમલો કરે તો એ મારા ગમે તે અંગને પકડી શકે તેમ હતો. મારા મુખ પરથી દીનતા વરસતી હતી અને એની ખૂની આંખોમાંથી ભયાનક લાલચ! મેં સ્પષ્ટ જોયું કે એના આગલા બન્ને કદરૂપા પંજા માટીમાં ખૂસતા જાય છે અને એની છાતી આગળ સરકતી આવે છે. આટલો મોટો, બદમાશ, ખૂની ને લાલચુ મગર મેં મારી જિંદગીમાં જોયો ન હતો. પળવાર તો (અનુ. પૃષ્ઠ ૧૩૧મે)



મનોમંથન

કાકાસાહેબ કાલેલકરનાં તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ની અનુગામી) લેખમાળા

૪ આગનો અનુભવ

કાકાસાહેબ કાલેલકરનાં શૈશવકાળનાં સંસ્મરણોની લબ્ધપ્રતિષ્ઠ લેખમાળા 'સ્મરણયાત્રા' 'કુમાર'-માં પૂરી થયા પછી તરુણકાળનાં સંભારણાંના જે બે'ક હપતા 'કુમાર'માં પ્રકટ થએલા તે પૈકીનો જ એક (આગનો અનુભવ) હિંદીમાં અનુવાદિત કરીને આ વખતે 'મંગલ પ્રભાત'માં લેવાયો છે. તે આ નીચે મૂળ ગુજરાતીમાં હતો તેમજ ફરી પ્રકટ કરીએ છીએ: ખાસ તો એટલા માટે કે એના પ્રકાશન વખતે હતી તેના કરતાં 'કુમાર'ની વાચક સંખ્યા આજે બમણા ઉપરાંતની હોઇ મોટા ભાગના વાચકો માટે તે તદ્દન નવો જ છે; અને સમગ્ર સ્મરણો સાથે તે સમયાનુક્રમે કડીબંધ આવી પણ રહેશે.

એક દિવસ તાર આવ્યો કે સરકારે લાલા લજપતરાય અને અજીતસિંહને પકડીને ક્યાંક મોકલી દીધા છે.

તે દિવસે લોકમાન્ય સિંહગઢ પર હતા. એમને ખબર પહોંચાડવામાં આવી હશે. બીજે દિવસે તેઓ સિંહગઢથી ઊતરી પૂને આવ્યા હતા. તે જ દિવસે છેક દક્ષિણ તરફની કોઇ વિદ્વાન બાઇનું સંસ્કૃતમાં વ્યાખ્યાન થવાનું હતું. તિલકે અધ્યક્ષસ્થાન સ્વીકારેલું. અમે કૉલેજના ઘણા વિદ્યાર્થીઓ તિલકનું વ્યાખ્યાન હોય ત્યાં અચૂક હાજર રહેવાના. ઘણી વાર એવા ખબરો મળે કે આજે તિલક કંઈ ખાસ બોલવાના છે ને તેથી પોલીસ સાદા વેશે સભામાં આવી ધાંધાટ કરી સભામાં ભંગાણ પાડવાના છે, એવે દિવસે અમે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ને વિશેષ તૈયારી કરીને જતા. હાથમાં સરસ લાકડી હોય. ધોતિયાની અંદર લંગોટ કસેલો હોય. ગજવામાં પાંચપચ્ચીસ પથરા તો હોય જ. જેને ફેંટો બાંધવાની ટેવ હોય તે તો એ દિવસે ટોપીને બદલે ફેંટો જ કસીને બાંધે અને શરીર પર સૌ જાડા કોટ પહેરીને જઈએ.

એવે દિવસે હમેશની પેઠે વિદ્યાર્થીઓનું ટોળું એકત્ર થઈને ન બેસે. સભાસ્થાનમાં સરખે અંતરે એક બે, એક બે, એમ અમે ફેલાઇ જતા. જેટલા પોલીસોને ઓળખીએ તેમને વીણી કાઢી પોલીસ દીઠ બબ્બે વિદ્યાર્થીઓ એને પડખે જ બેઠેલા હોય. પોલીસો જરા પણ તોફાન કરે તો એમને ત્યાં ને ત્યાં જ ઘાયલ કરતાં અમને વાર લાગે તેમ ન હતું. લોકમાન્યને તો અમારી આ તૈયારીની ખબર પણ નહિ હોય. પોલીસોનો ધાંધાટ કરવાનો ઇરાદો સાચે જ હતો કે નહિ એ અમે ક્યાંથી જાણીએ? પણ અમારા તરફથી અમે સજ્જ રહેતા. એટલું જ સમાધાન અથવા આવી ઉત્તેજના અમારે માટે બસ હતાં. પોલીસો તોફાન ન કરે તો આપણે પણ શાંત રહેવું, હાથે કરીને ઝગડો ન કરવો, એટલો સંયમ અમારામાં પૂરેપૂરો.

આજની સભામાં વિદ્યાર્થીઓ બહુ ઓછા હતા. સંભવ છે કે એ રજાના દિવસો હોય. કયો મહિનો હતો એ આજ યાદ નથી. કેરળની પેલી વિદુષીએ दुर्लभं भारते जन्म એ શ્લોક લઈ સંસ્કૃતમાં લાંબું પ્રવચન કર્યું. લોકોમાં એની કદર કરવા જેટલી શાંતિ હતી જ નહિ. લજપતરાયની હદપારી વિષે તિલક શું બોલવાના છે એ જાણવાની ઉત્કંઠા જ દરેકના મનમાં હતી. આખરે સંસ્કૃત વ્યાખ્યાનનો અંત આવ્યો અને લોકમાન્ય બોલવા ઊઠ્યા. એમણે કહ્યું કે માનવ-જન્મ દુર્લભ છે એ ખરું; હિંદુસ્તાનમાં જન્મ એ પણ પરમ ભાગ્ય છે. પણ આજનો સવાલ તો એ છે કે આપણે માણસ જ છીએ કે નહિ. ને હિંદુસ્તાન તો આપણો નથી જ. હિંદુસ્તાન આપણો હોત અથવા આપણે માણસો હોત તો લાલાજી જેવા દેશભક્તને વગર ગુને, વગર તપાસે હદપાર થવું જ ન પડત.

લોકમાન્ય જ્યારેજ્યારે બોલતા ત્યારેત્યારે હૃદયથી બોલતા, અને આજે એમનો આત્મા ઊકળી ઊઠ્યો હતો. ભાષણ પૂર જોસમાં આવ્યું હતું. એટલામાં પાછળની બાજુ કાંઈક દૂર આગ લાગ્યાની બૂમ સંભળાઈ. સાંજનો વખત હતો. અંધારું થવા આવ્યું હતું. એટલામાં આકાશમાં લાલ ધુમાડાના ગોટેગોટા ને તણખા ઊડવા લાગ્યા. મારા મનમાં વિચાર આવ્યો, કે ભાષણ સાંભળવા બેસીએ કે આગ હોલવવા જઇએ. આ ધર્મસંકટનો નિવેડો કેમે કરીને થાય નહિ. એ વખતે ભાષણ સાંભળવું એ સ્વચ્છંદ લાગતો ન હતો. એ એક ધાર્મિક ક્રિયા છે, દીક્ષા છે એમ જ લાગતું. બીજી બાજુ એમ પણ મનમાં થતું કે જે પ્રજાને સ્વરાજ્ય મળે એટલા ખાતર આપણે પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છીએ એ પ્રજાની પ્રત્યક્ષ સેવા કરવાની આ તક છે તે કેમ છોડાય? એ પણ એક દીક્ષા નથી? એટલામાં લોકમાન્યે પાછા વળીને એ આગનું દૃશ્ય જોયું અને બોલવા લાગ્યા, 'આટલી નાનકડી આગ જોઈ તમે અસ્વસ્થ થયા છો. પણ આખા દેશને આગ લાગી છે એનો કોઇ વિચાર કરે છે? એ મોટી આગ હોલવવા દરેકે દોડવું જોઈએ.' આ જ જાતનું કાંઈક વિવરણ આગળ ચલાવીને એમણે પોતાનું ભાષણ પૂરું કર્યું.

પછી તો ધર્મસંકટ હતું જ નહિ. હું એકદમ આગની દિશાએ દોડતો ગયો. ત્યાં જોયું તો અમારી કૉલેજના બીજા પાંચસાત જણ બીજે રસ્તેથી દોડતા આવતા હતા. હવે તો કાંઇક જરૂર કરી શકીએ એવી મનમાં ખાત્રી થઇ. સામે નવું જ બાંધેલું એક મકાન હતું. કેટલાંક ગરીબ લોકોએ પોતાની મૂડી ભેગી કરી એક ચાલ જેવું મકાન બાંધ્યું હતું અને બીચારા સુખેથી રહેતા હતા. એટલામાં અગ્નિ-નારાયણનો કોપ થયો અને કોઈની ભૂલથી મકાન સળગી ઊઠ્યું. અમે પહોંચ્યા ત્યાં સુધીમાં તો જ્વાળાઓ ઉપરના છાપરા સુધી પહોંચી ગઈ હતી. બૈરાંઓનો કકળાટ તો સાંભળ્યો જાય એમ ન હતો. કેટલાક ભાઇઓ દોડમદોડા કરતા હતા ને કેટલાક તો હેબતાઈ જઇને બેસી જ ગયા હતા. તેઓ ન તો રૂએ. ન કશો પ્રયત્ન કરે. લોકોની તો ઠઠ જામી હતી. અમે એ ગીરદીમાંથી અંદર ઘૂસ્યા અને શું કરી શકાય એ જોવા લાગ્યા. અમારી ટોળીમાં શરીરે દુર્બળ હું એકલો જ હતો. પણ હિંમતમાં બીજાથી ઊતરતો જરા ય ન હતો. અને અભિમાનપૂર્વક કહી શકું કે અણીને પ્રસંગે શું કરવું એની સૂઝમાં બીજા કરતાં કાંઇક ચડિયાતો જ હોઈશ.

અમે જોયું કે ઘર આગળ એક બંબો ઊભો છે અને પાસે જ એ ચલાવવાનું એક ઍંજિન છે! મ્યુનિસિપાલિટીવાળાઓ આગ હોલવવાની તૈયારી તરીકે એ ઍંજિન સળગાવવા બેઠા હતા. આસપાસ પાણી ન હતું. દૂરથી પાણીની ગાડીઓ આવતી હતી. પણ લોકોની ઠઠને લીધે ગાડીઓ આવવાનો માર્ગ મળતો ન હતો. આફતને વખતે, નિરાશાને વખતે, અગ્નિને પ્રસંગે જેનું મગજ ઠેકાણે હોય છે, જેને કંઇક સૂઝ પડે છે એનું જ રાજ્ય વગર તકરારે ચાલે છે. રસ્તા પર જે પોલીસો હતા તેમને મેં કહ્યું—ના હુકમ કર્યો કે પાણીની ગાડીઓ આવવાનો રસ્તો કરી આપો. લોકોને હઠાવો ને ન માને તો ચાબુક ચલાવો. મોટા ઘાંટા પાડીને મેં વિનતિ કરી કે આમ રસ્તો રોકવો એ ગરીબ લોકોની જાન લીધા બરાબર છે. સમજુ લોકો તરત જ ખસ્યા. કેટલાક કુતૂહલપ્રધાન બાઘા લોકોને ચાબુકથી સમજાવવા પડ્યા. એક ઠેકાણે તો મારે જ ચાબુક હાથમાં લેવો પડ્યો. જેમતેમ ગાડીનો માર્ગ ખુલ્લો થયો અને પાણી પણ ઝટઝટ આવવા લાગ્યું. બે પોલીસોને માર્ગ ફરી બંધ ન થઈ જાય એ સંભાળવા માટે નીમી દીધા અને હું બંબા પાસે આવ્યો. ત્યાં મેં થત્તેને જોયો. એ ભીષણ પ્રસંગે પણ એની વીર મૂર્તિ તરફ કદરની નજરે જોતાં ઊભા રહેવાનું મને મન થયું. શરીર પર ફક્ત એક પહેરણ અને એના ઉપર પૅન્ટ. માથાના વાળ ગમે તેમ વિખરાઈ ગએલા અને પરસેવાથી કંઈક બેસી ગએલા. એ ગમે તેવા બળતા ઘરમાં ઘૂસી જાય અને લોકોની ચીજો બહાર કાઢી આપે. એણે ફુલબૂટ પહેરેલા એટલે એને ગમે ત્યાં જતાં આંચકો આવતો ન હતો. મલાકળગકર તો ચંપલ પહેરીને જ આવેલા. પરંતુ એ પણ ગમે ત્યાં ઘૂસી જાય.

મેં આવીને પેલા ઍંજિનવાળાને કહ્યું કે ઍંજિન સળગાવવાનું પડતું મેલો. ઍંજિન સળગતાં વાર થશે ને ઍંજિનથી પંપ કરવા જેટલું પાણી યે આપણી પાસે નથી. આપણે હાથે જ બંબો ચલાવીએ. પ્રથમ તો અમારા કૉલેજના વિદ્યાર્થીઓ બંબાનાં લાંબા હૅંડલો સામસામા પકડીને ચલાવવા લાગ્યા. બહાદુર થત્તેએ બંબાની સૂંઢ પકડી ને અગ્નિની જ્વાલા જ્યાં ખૂબ ફાટી નીકળતી હતી ત્યાં પાણીનો મારો ચલાવ્યો. એ હાથે સૂંઢ પકડી એ ગમે ત્યાં ધસી જાય.

પાણીનો વર્ષાવ ક્યાં કેટલો કરવો એ નક્કી કરનાર હું છું એ જોઈ ઘરવાળાઓ કરગરીને મને કહે, 'થોડું પાણી આ મારા ઘર પર નાખો: તમારું ભલું થશે.' ધીરજપૂર્વક સમજાવવાનો ત્યાં વખત ન હતો. ચિડાઇને હું કહેતો, 'મને મારા ભલાની પડી નથી અને તમારા ભલાની પણ પડી નથી. મારે તો આગ દબાવવાની છે.' બેત્રણ જણને મેં આમ કાઢ્યા એટલામાં એક બાઇ આવીને મારા પગને વળગી અને કહે, 'મારા ઘર પર પાણી ન છોડો તો તમને અહીંથી ખસવા ન દઉં' એ મારે માટે કઠણ પ્રસંગ હતો. મેં એને સમજાવવાનો થોડો પ્રયત્ન કર્યો. પણ એનું મગજ ક્યાં ઠેકાણે હતું? આખરે મારા પગ છોડવવા નછૂટકે મારે એ બાઈને લાત મારવી પડી. તે વખતે મારા આખા શરીરમાં શું થયું એ એક ભગવાન જ જાણે!

મેં જોયું કે આગ હોલવવા માટે પૂરતા લોકો નથી, એટલે બંબો ચલાવનાર મારા મિત્રોને મેં થત્તે અને કળગકરને મદદ કરવા મોકલી દીધા અને આગ જોવા ભેગા થએલા તમાશબીનોમાંથી મજબૂત મજબૂત લોકોને સખ્તાઇથી વીનવી બંબે વળગાડ્યા. લોકો આવે ખરા પણ જરાક થાકે એટલે ખસી જાય. મારે ફરી ફરી નવા લોકો આણીને ગોઠવવા પડતા. પણ સદ્ભાગ્યે એ લોકોમાંથી જ એક જણે આગળ આવી મને કહ્યું કે તમે અહીંથી જાઓ બંબો ચાલતો રાખવાની જવાબદારી હું માથે લઉં છું. હું ત્યાંથી ખસ્યો. જરાક માથું ઊંચું કરીને જોઉં તો આગના ક્ષેત્રથી થોડે દૂર ઘાસની એક મોટી ગંજી માથું ઊંચું કરીને ઊભી છે અને પવન પણ એ ગંજી તરફ જ વાય છે! મારા પેટમાં ફાળ પડી. જો આગમાંથી બે ચાર તણખા એ ગંજી સુધી પહોંચી જાય તો આખી સદાશિવ પેઠ બળીને ભસ્મ થઈ જાય.


હવે બળતાં મકાનો બચાવવાની દૃષ્ટિ ન રહી આગ ફેલાય નહિ એ જ જોવાનું કામ મુખ્ય રહ્યું. નાનપણમાં અમારા શાહપુરમાં લાતીઓમાં એક ગાડીખાનું હતું તે બળતું મેં જોએલું. એ વખતે અમારી શેરીના એક પહેલવાન સમાજસેવકે પોતાના અખાડાના મલ્લને હુકમ કર્યો હતો કે પહેલું કામ છાપરું તોડીને ચાર દીવાલની અંદર નાખવાનું છે, જેથી લાતીમાં આગ પહોંચે નહિ. એ વાતનું મને સ્મરણ થયું અને તરત જ અમે લાંબા વાંસ લઇ બળતું છાપરું અંદર તોડી પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. સૂંઢ બીજાના હાથમાં સોંપી થત્તે પણ અમારી સાથે થયો. અનેકવાર કળગકર અને થત્તેના હાથ દાઝી જતા. પણ તેઓ એક ક્ષણ પણ વિસામો લેવા થોભ્યા નહિ.

અમારું કામ ધમધોકાર ચાલતું હતું, એટલામાં આ ચાલમાં રહેનાર એક બાઇ બહાર ગએલી હશે તે તે જ ક્ષણે પાછી આવી. અને એણે તો મારો દીકરો ઘરમાં બળી જાય છે, એવી બૂમ ચલાવી. એણે બતાવેલા ઘરમાં હું ઘૂસી ગયો, કેમકે મારા પગમાં પણ ફુલબુટ હતા. ધુમાડામાંથી મારગ કાઢતો, જ્વાલામાંથી પોતાને બચાવતો હું બધે ફરી વળ્યો, પણ બાઇનું બાળક ક્યાંય જડે નહિ. નિરાશ થઇને પાછો ફર્યો. એટલામાં થત્તેએ લાંબા વાંસ વતી ગબડાવેલું મોભિયું બરાબર મારા માથા પર આવી પડ્યું. એક બે જણનું મારા પર ધ્યાન હતું તેઓ તરત જ મારી વહારે ધાયા. મોભિયું માથા પર વાંસું પડેલું એટલે મને જૂજ જ વાગેલું. માથાના વાળને સહેજ ઝાળ લાગી ગઈ એટલું જ. બહાર આવીને તપાસ કરતાં ખબર પડી કે એ બાઇનું બાળક એના પાડોશીએ આગની શરૂઆતમાં જ ઘરમાંથી બહાર કાઢી એક ખૂણે બેસાડ્યું હતું. બાઈ તો હજી યે 'મારો દીકરો' 'મારો દીકરો' કરીને રોતી હતી. આસપાસના લોકો એને કહેતા-કે તારો દીકરો છે. પરંતુ એ સાંભળે ત્યારે ને? એની તો એક જ વાત 'મારો દીકરો! મારો દીકરો!' જ્યારે કોકે એનો દીકરો આણીને એના ખોળામાં મૂક્યો ત્યારે જ એનો જીવ હેઠો બેઠો.

બધાં છાપરાં આખરે દીવાલ વચ્ચે આવ્યાં. બચાવી શકાય એટલો માલ બહાર આણ્યો હતો અને આગનું જોર પણ ઓછું થયું હતું. હવે અમને છાત્રાલયમાં પાછા જવાનું સૂઝી આવ્યું. સગડીની પેઠે ભડભડ બળતા મકાનોને એમ ને એમ છોડી અમે કૉલેજ તરફ વળ્યા. ખાવાનું ઠંડું થઈ ગયું હતું. અને અમને પણ ઉત્સાહ રહ્યો ન હતો.

બીજે દિવસે 'દૈનિક જ્ઞાનપ્રકાશ'માં આગ લાગ્યાની ખબર પ્રસિદ્ધ થઇ હતી અને અંતે એક લીટી હતી કે આગ હોલવવામાં કૉલેજના વિદ્યાર્થીઓએ સારી મદદ કરી હતી. બીજે દિવસે બે જ વિચાર મારા મનમાં આવતા: પેલી બાઇને લાત મારતાં મારો જીવ કેમ ચાલ્યો અને પોલીસોએ અમારી સૂચનાનો આટલી રાજીખુશીથી અમલ કેમ કર્યો? પણ દેશમાં લજપતરાયની વાતો એટલી બધી ચાલતી કે દેશમાં સળગેલી એ મોટી આગમાં અમે રાતની પેલી નાની આગ સહેજે ભૂલી ગયા.

દુનિયામાં જે કંઈ સુખ છે તે બીજાઓનું ભલું કરતાં જન્મ્યાં છે; ને જે દુઃખો છે તે જાતનું ભલું કરવા જતાં ઉત્પન્ન થયાં છે.



માનવદેહની કારવાઈમાં કોઈ અદૃશ્ય પણ અજબ-અદ્‌ભુત ભાગ ભજવી રહેલી, છેલ્લી શોધાએલી 'હૉર્મોન્સ'ની પ્રક્રિયા કરનારી

અંતઃસ્રાવી ગ્રંથીઓ

[કાયાની કરામત : હપતો ૧૯મો]

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આ હપતામાં જેનું વર્ણન આવે છે તે ચાર અંતઃસ્રાવી ગ્રંથીઓનાં નામ સામેના ચિત્રમાં આપ્યાં છે. (તેના ઉપરની પાંચ ગ્રંથીઓનું વર્ણન ગયા હપતામાં આવી ગયું.) આ આકૃતિમાં દેહના રેખાલેખનમાં ટપકાંવાળી લીટીથી શરીરની અંદરનાં અંગો બતાવ્યાં છે, અને તેમાં ગ્રંથીઓ કયે સ્થાને છે તે સ્પષ્ટ આલેખન વડે દર્શાવ્યું છે. (દાખલા તરીકે ઍડ્રેનલ ગ્રંથીઓ બે મૂત્રાશયને મથાળે ટોપીની જેમ આવેલી છે.) આ એક જ આકૃતિમાં સ્ત્રી અને પુરુષ બંનેની પ્રજનનગ્રંથી દર્શાવવા માટે દેહનો નીચેનો ભાગ ઊભી લીટીઓ વડે બે વિભાગમાં વહેંચી નાખીને એકમાં સ્ત્રીની જનનગ્રંથીનું સ્થાન દર્શાવ્યું છે અને બીજામાં પુરુષની જનનગ્રંથીનું.

પાચનક્રિયાની વાત વખતે આપણે સ્વાદુપિંડના પાચક રસો વિષે જાણી ગયા. પણ આ ગ્રંથીનું કામ બેવડું છે. એમાં છૂટાછવાયા આવેલા કોષસમૂહો (જેનું નામ એના શોધક ઉપરથી આઈલૅન્ડ્ઝ ઑફ લૅન્ગરહૅન્સ કહેવામાં આવે છે)નો સ્રાવ અંતઃસ્રાવી પ્રકારનો છે. એ સ્રાવનું નામ ઇન્સ્યુલીન છે.

શરીરનું સ્વાસ્થ્ય જાળવવામાં ઈન્સ્યુલીનનું કામ ભારે મોટું છે. તે પાચન થએલી ખાંડનું ગ્લાઇકોજેનમાં રૂપાંતર કરે છે અને તેને ખૂટતા પ્રમાણમાં લીવરમાં તથા માંસપેશીઓમાં સંઘરી રાખે છે. એનાથી લોહીમાં ખાંડનું ખૂટતું પ્રમાણ જળવાઈ રહે છે. શરીરને મુખ્ય શક્તિ આપનારા કાર્બોહાઇડ્રેટ પદાર્થો હોય છે. આ પદાર્થોની જ્વલનક્રિયામાં મદદ કરીને માંસપેશીમાં તેની સમતુલા જાળવનાર અને તેના વપરાશનું નિયમન કરનાર શરીરમાં અતિ મહત્ત્વનું તત્ત્વ એક જ—આ ઇન્સ્યુલીન છે.

એ ઇન્સ્યુલીનનો સ્રાવ જ્યારે બીલકુલ ન હોય કે ઓછો હોય ત્યારે લોહીમાં ખાંડનું પ્રમાણ વધી જાય છે. આથી પેશાબમાં પણ ખાંડ આવે છે. સાથેસાથે પેશાબનું પ્રમાણ પણ વધી પડે છે. તેથી શરીરમાં સ્ટાર્ચનો સંઘરો થતો નથી અને ખાંડનું ગ્લાઇકોજેનમાં રૂપાંતર થતું નથી. આથી પુષ્કળ ખાવા છતાં યે માણસની શક્તિ હણાયા કરે છે. વળી શરીર પણ ગળવા માંડે છે. આ બધાં મધુમેહ (ડાયાબીટીસ) નામના રોગનાં ચિહ્નો છે. અમેરિકા, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા વગેરે ધાન્યસમૃદ્ધ દેશોમાં તથા યહૂદીઓ, હિંદુઓ અને ઇરાનીઓમાં આ રોગનું પ્રમાણ વધારે હોય છે.



પાચનક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવતું આપણું આ સ્વાદુપિંડ પણ એક ગ્રંથી છે.

ઇન્સ્યુલીનને અભાવે પચ્યા વગરની ખાંડ લોહીમાં ફરતી રહેવાથી ઝેરી અસરો ઉત્પન્ન થાય છે. વળી ચરબીનું પણ પૂરું જ્વલન થતું નથી. આથી ચરબી-ઍસિડો લોહીમાં જમા થયા કરતા રહેવાથી 'ઍસિડોસિસ' નામની જીવલેણ સ્થિતિ આવી પડે છે.

મધુમેહનો રોગ તો સૈકા-જૂનો જાણીતો છે. પણ તે થવાનાં કારણો તો ઓગણીસમી સદીના અંતભાગમાં જ શોધાયાં. સ્વાદુપિંડ ગ્રંથીમાં ઈન્સ્યુલીન સ્રવતા કોષોની ન્યૂનતા કે અભાવ આ રોગના કારણરૂપ છે. આ ઉપરથી ઈ.સ ૧૯૨૨માં ટૉરૉન્ટો યુનિવર્સિટીના ડૉ. બૅન્ટિંગ અને બૅસ્ટે એ ગ્રંથીના સત્ત્વમાંથી ઇન્સ્યુલીન દવા રૂપે શોધી કાઢયું. એ ઈન્સ્યુલીન મધુમેહની રામબાણ મહૌષધિ છે. એ શોધાયા પહેલાં મધુમેહના રોગીઓ મહા કષ્ટ ને ત્રાસભરેલું ટૂંકું આયુષ્ય ભોગવતા. પણ આ દવાના ઉપચાર તથા ખોરાક ઉપરના અંકુશથી હવે આ રોગીઓ આરોગ્યપૂર્ણ લાંબું આયુષ્ય ભોગવે છે.

ઍડ્રેનલ કે સુપ્રારીનલ ગ્રંથીઓ

ભય કે સંકટ વખતે આપણને નાસી જવાની કે સામા થવાની જે વૃત્તિ થાય છે તે ક્રિયાની પાછળ શરીરમાં જે અજબ જેવા ફેરફારો થાય છે તેની આપણને જો જાણ હોય તો તે આશ્ચર્ય પમાડે તેવા છે.

આ સમયે (૧) ઍડ્રેનલ ગ્રંથીઓ ઍડ્રેનલીન નામનો સ્રાવ લોહીમાં છોડે છે અને (૨) તેને પરિણામે ચામડી તથા પાચનવર્ગના અવયવોમાંનું લોહી મગજ, કરોડરજ્જુ અને માંસપેશીઓમાં ધસી જાય છે; (૩) લોહીમાં ખાંડનું પ્રમાણ વધે છે; (૪) હૃદય જોશથી અને ઝડપથી ધબકે છે. પરિણામે શરીરમાં લોહી ઝડપથી ફરે છે કે જેથી જ્ઞાનતંતુ અને માંસપેશીઓને જોઇતો પ્રાણવાયુ અને ખોરાક મળી

રહે. આંખ અને કાનની ક્રિયાઓ સતેજ બને છે. લોહીનું દબાણ વધે છે. શરીરમાં જાણે કે શક્તિનો ઝરો ફૂટે છે અને શરીર લડવા કે નાસવા માટે તૈયાર બને છે. પ્રાણીઓમાં વળી આ ઉપરાંત આંખના ડોળા આગળપડતા બને છે, કીકીઓ પહોળી થાય છે, વાળ ખડા થાય છે, જેને પરિણામે પ્રાણી કદમાં મોટું, બીક લાગે એવું અને ઝનૂનભર્યું દેખાય છે. ઉદાહરણાર્થ જુઓ આપત્તિનો સામનો કરતી બિલાડીનું આ બાજુનું ચિત્ર.



સંકટનો સામનો કરવા પ્રાણીમાત્રના શરીરને તૈયાર કરનારી આ ઍડ્રેનલ ગ્રંથીઓ આપણા બંને મૂત્રપિંડો ઉપર રૂંછાંવાળી ટોપી જેવી રહેલી છે. કદમાં તે અરધો ઈંચ લાંબી ને બેઠકમાં બે ઇંચ પહોળી છે. પિચ્યુટરી ગ્રંથી પેઠે એના પણ બે ભાગ છે, મેડુલા અને કૉર્ટેક્સ. એમાં કૉર્ટેક્સ જાણે કે એ ગ્રંથી ઉપર આવેલી છાલ જેવી છે, અને મેડુલા તે અંદરનો ગર્ભ.

મેડુલાના સ્રાવનું નામ ઍડ્રેનલીન છે. તે અત્યંત સૂક્ષ્મ પ્રમાણમાં લોહીમાં હોય છે. પણ ક્રોધ, ભય અને ચિંતા વખતે તેનો સ્રાવ વધી જાય છે. તેની અસરથી કેશવાહિનીઓ સંકોચાયી હોઈ ત્યારે ચહેરા ને શરીર ઉપર ફિક્કાશ આવી જાય છે. ક્રોધ કે ઉશ્કેરાટ વખતે ચહેરા ઉપર રતાશ આવવાને બદલે ફિક્કાશ આવે તે ઉલટી વધારે ભયાનક છે, કારણકે શરીરમાં પૂરી તાકાત ભરાવાની તે નિશાની છે.

ઍડ્રેનલીનનો સ્રાવ હૃદયની ક્રિયાશક્તિના ખોરાક માટે તૈયાર ગ્લુકોઝ સતત પૂરો પાડે છે. તે હૃદયની માંસપેશીઓને પુષ્ટિ આપે છે અને તેને ઉત્તેજિત પણ કરે છે. કોઈ જીવલેણ અકસ્માતથી કે કલૉરોફૉર્મ આપતી વખતે એકાએક હૃદય બંધ પડવાથી જો મૃત્યુ આવી પડે તો એ વખતે તરત જ બેચાર મિનિટમાં હૃદયમાં ઍડ્રેનલીનનું ઈન્જેકશન આપવાથી પુનઃ જીવન પ્રાપ્ત થાય છે.

તેની અસરો શરીરના જુદાજુદા ભાગો પર ભિન્નભિન્ન છે. શ્વાસનળીઓ તેનાથી પહોળી થાય છે અને કેશવાહિનીઓ સંકોચાય છે. આથી દમના હૂમલા વખતે તેનું ઈન્જેકશન તરત આરામ આપે છે; તેના પ્રવાહીનું પૂમડું નાકમાં મૂકવાથી નસકોરી ફૂટવાથી પડતું લોહી એકદમ બંધ થઇ જાય છે.

મિથ્યા અસંતોષ, આડંબર, દંભ, મહાત્વાકાંક્ષા એ આધુનિક યુગના માનવી ઉપર ઊતરેલા શાપ છે. આનાથી માનવીમાત્ર થોડાવત્તા અંશે સદા ચિંતાભર્યો કે ભયગ્રસ્ત રહે છે. આની અસરથી ઍડ્રેનલીન સ્રાવનું વધુકું પ્રમાણ લોહીમાં રહ્યા કરે છે. પરિણામે લોહીનું ઊંચું દબાણ (હાઇ બ્લડપ્રેશર) રહે છે. વિપદાવસ્થાનો સામનો કરવા માટે તત્પર બનેલું શરીર આમ તો નિષ્ક્રિય રહેલું હોય છે. આથી લાંબા ગાળે હૃદય ઉપર બોજો વધવાથી અચાનક અકાળ મૃત્યુ આવવાના કરુણ પ્રસંગો આવી પડે છે. આ બનાવમાં 'ચિંતા ચિતા સમાન'ની લોકકહેતી ફલિતાર્થ થતી નથી લાગતી ?

તંદુરસ્ત માનવી થાકી જવાની કે પૂરતી ઊંઘ ન મળવાની ભાગ્યે જ ફરિયાદ કરે છે. વળી તે આળસુ કે આરામપ્રિય પણ ભાગ્યે જ હોય છે. ઉલટું તેને કંઇ ને કંઈ કામ કરવાની ઇચ્છા જ રહે છે. પણ જ્યારે ઍડ્રેનલીન સ્રાવ પૂરા પ્રમાણમાં નથી હોતો ત્યારે માનવી રોજિંદા કામકાજ કે ઘરકામથી વારંવાર થાકી જાય છે, નિરુત્સાહી બની છેવટે મનથી ભાંગી પડે છે. વળતી બપોરે ધંધાદારીઓનું કે સ્ત્રીઓનું થાકેલાં, માંદલાં કે ઢીલાં બનવું, ને વિશાળ કુટુંબ અવેરનાર પ્રેમાળ માતાનું ચીડિયલ બનવું એ પણ આ કારણથી જ. કોક તો વળી હાથપગ બરફ જેવાં ટાઢાં પડી જવાની ફરિયાદ પણ કરે છે.


ત્યારે બીજી બાજુ, જેમનામાં આ સ્રાવની વિપુલતા હોય છે તેઓ રણાંગણોમાં મોખરે લડનાર શૂરવીર યોદ્ધાઓ કે સામાજિક તથા ઉદ્યોગક્ષેત્રમાં અવિશ્રાંત કામગીરીથી અગ્ર સ્થાન મેળવનારા હોય છે. આવા લોકોને લોહીનું ઊંચું દબાણ રહે છે, અને જો તેઓ દાબીને ખાનાર તથા તામસી સ્વભાવના હોય તો કો'ક દિવસ મગજમાં નસ તૂટી જવાથી જીવલેણ મૂર્છાના ભોગ બને છે. आकृति गुणान कथयति એ સૂત્રનુસાર આવા 'હાઇપર ઍડ્રેનલ્સ' લોકોનો બાંધો ટૂંકી ગરદન ને ભરાવદાર શરીરવાળો હોય છે. એમની ખાસિયતમાં વાચાળતા, ઝનૂન ને કામ કરવાનો તટવરાટ હોય છે.


સંકટ કે ભયની જીવન-પ્રતિવાહિતા પૂરી થતાં, વેગે ચડેલું કે તંગ બનેલું શરીર ઠંડું તો પડવું જ જોઇએ; નહિતો શરીર પોતાના જ પ્રગટાવેલા અગ્નિમાં બળીને ભસ્મ થઇ જાય. આ કાર્ય, આ ઍડ્રેનલ ગ્રંથીનો બીજો વિભાગ કૉર્ટેક્સ (જે તેના કોટલા જેવો છે તે)માંથી નીકળતો સ્રાવ કરે છે. એ સ્રાવનું નામ કોર્ટીન. આ ઉપરાંત એ ખાંડ અને સ્ટાર્ચના પાચનમાં પણ ખૂબ મદદકર્તા છે.

આ કોર્ટીન-સ્રાવ ખૂબ વિલક્ષણ છે. એની ઊણપ કે વધારો શરીરમાં અદ્ભુત, આશ્ચર્યજનક ને વિપરીત ફેરફારો આણે છે. બાળકમાં તેનો સ્રાવ વધારે હોય તો તેનામાં પ્રૌઢતા ઘણી વહેલી આવે છે. એક વર્ષની ઉમરના બાળકના દેહમાં ત્રણ વર્ષની વયે હોય એટલા દાંત અને અઢાર વર્ષની વય જેટલો ગુહ્યાંગોનો વિકાસ હોય છે! અને જો મોટી ઉમરે આ ગ્રંથીનું કાર્ય વધુકું હોય તો જાડા શરીર ઉપર વાળનો પુષ્કળ ભરાવો, લોહીનું ઊંચું દબાણ, અતિ કામવાસના વગેરે ચિહ્નો દેખા દે છે.

સ્ત્રીઓમાં આ સ્રાવ વધારે હોય ત્યારે તેમનામાં પુરુષત્વનાં લક્ષણો આગળપડતાં થાય છે. એનાં સ્ત્રીત્વનાં લક્ષણો નાશ પામે છેઃ નિતંબ અને સ્તન કૃશ થઈ જાય છે, મોં પર દાઢીમૂછ ને શરીર ઉપર પુરુષની જેમ વાળ ઊગે છે, અવાજ મર્દાની બને છે અને પુરુષને છાજે એવી વૃત્તિઓ તથા સ્વભાવનો તેનામાં પ્રવેશ થાય છે. પુરુષસમોવડી બની પર્વતનાં ચઢાણ ચડવા જેવાં કામ કરવાના તરવરાટથી ભરેલી તે બને છે. તેનામાં ઝનૂન, ઉદ્ધતાઇ અને સાહસવૃત્તિ તરતાં દેખાય છે. અને પ્રૌઢાવસ્થામાં જો સ્ત્રીમાં આ ગુણો સાથે પુરુષોની જેમ વાળ ઊગે તો નક્કી માનવું કે તેના કૉર્ટેક્સના સ્રાવની સમતુલા જોખમાઈ છે. વળી આવી સ્ત્રીઓ પુષ્ટ માંસપેશીઓવાળી, અખાડિયન અને અક્કર માથાળી ઍમૅઝોન (પુરુષલક્ષણી) હોય છે.

પણ એથી ઉલટું જો પુરુષોમાં આવી વિકૃતિ થાય તો એનું પૌરુષ વધતું નથી પણ બે વર્ષના ગાળામાં સ્ત્રીઓની જેમ તેનો સ્તનપ્રદેશ વધે છે, કામવૃત્તિ અને પુરુષાતનની ઓટ આવે છે, દેખાવ, લ્હેકા અને અવાજમાં સ્ત્રીત્વ નજરે પડે છે.





ડાબીબાજુ: મૂત્રાશયઉપર રૂંછાંવાળી ટોપી પેઠે આવેલી ઍડ્રેનલ ગ્રંથીઓ; જમણી બાજુ: એ ગ્રંથીને વચ્ચેથી કાપીને દર્શાવેલું છેદચિત્ર : જેમાં (૧) તે અંદરનો ગર્ભ 'મેડુલા' છે, અને (૨) તે ઉપર આવેલી છાલ જેવું 'કૉર્ટેક્સ' છે.

એ ગ્રંથીની આ વિકૃતિનું કારણ તેના ઉપર થતા ગુંડનું દબાણ હોય છે. એ ગુંડનું ઑપરેશન કરી નાખવામાં આવે તો આઠ દિવસમાં પુરુષમાં ફરી પુરુષત્વનાં ને સ્ત્રીમાં સ્ત્રીત્વનાં ચિહ્નો દેખાવા માંડે છે. પુરાણોમાંની ઋષિઓના શાપ ને અનુગ્રહના જેવી આ બીના નથી?

ઇન્ફ્લ્યુએન્ઝા જેવા તાવ પછી લાંબા વખત સુધી રહેતી કમતાકાતનું કારણ એ માંદગી દરમિયાન આ કૉર્ટેક્સનું 'થાકી' જવું ગનાય છે, અને આ ગ્રંથીના સત્વને દવારૂપે આપવાથી ફાયદો થાય છે.


હવે બીજી બાજુ, કૉર્ટેક્સનો સ્રાવ જો કમી થાય તો શરીર ઉપર કાંસા જેવો વર્ણ અને 'એડીસોનિયન ઍનીમિયા' નામની ભયંકર રોગાવસ્થા આવી પડે છે. આ ગ્રંથીના સ્રાવનું સૌથી પ્રથમ વર્ણન લંડનની ગાઇ ઑસ્પિટલના ડૉક્ટર એડીસને ઈ. ૧૮૮૧માં કરેલું; તેથી એના નામ પરથી એ દર્દનું નામ પાડવામાં આવ્યું છે. ઍડ્રેનલીનના સ્રાવનું આ સત્વ ઇ. ૧૮૯૫માં દવા રૂપે શોધાએલું.

ઉમરવધતાં શરીરની બધી અંત:સ્રાવી ગ્રંથીઓનું કામ મંદ પડે છે, પણ ઍડ્રેનલ ગ્રંથીઓનું કામ તો યથાવત્ કાયમ જ રહે છે. એ ગ્રંથીનો મેડુલા ભાગ જો કાઢી નાખવામાં આવે તો શરીર વિષે કશી ખાસ હાની નથી થતી, પણ કૉર્ટેક્સ નાબૂદ થાય તો દસ દિવસમાં જ મૃત્યુ થાય છે. પૅરાથાઇરૉઈડ ગ્રંથીઓ પણ જિંદગી માટે આટલી જ ઉપયોગી છે તે આપણે જોઈ ગયા.

પ્રજનન ગ્રંથીઓ

પુરુષ અને સ્ત્રીને તેમનાં મન અને શરીરનાં પુરુષત્વ ને સ્ત્રીત્વનાં લક્ષણો આપનારી આ ગ્રંથીઓના સ્રાવ વિષે લોકો જૂના કાળથી જાણીતા છે. ગરત આખલા અને ઘોડાને 'ખસી' કરી, તેમને નાથ વીંધાય ને લગામ નંખાય એવા નરમ બનાવવાની ક્રિયા તો પ્રાચીન કાળથી ચાલી આવે છે. નાનપણમાં જો આ ગ્રંથીઓનો સ્રાવ નાશ પામે કે તે કાઢી નાખવામાં આવે તો જાતીય (સેક્સ્યુઅલ) લક્ષણોનો વિકાસ અટકી પડે છે; એ જ રીતે, ઑપરેશન દ્વારા જો શરીરમાં એ ગ્રંથીઓ મૂકવામાં આવે તો જાતીય લક્ષણો વિકસવા માંડે છે. ખૂબીની વાત તો એ છે કે સ્ત્રી કે પુરુષના શરીરમાં સામી જાતિની ગ્રંથી ગોઠવવાથી તે સામી જાતિ–opposite sexના જેવાં જ લક્ષણો શરીરમાં પ્રગટ થવા માંડે છે. સ્ટીનાક નામના વિજ્ઞાનીએ પુરુષ હીજડાઓમાં અંડ ગ્રંથી અને સ્ત્રી હીજડાઓમાં શુક્રગ્રંથી ગોઠવવાનો પ્રયોગ કર્યો હતો. પરિણામે પુરુષમાં સ્ત્રૈણ ભાવ અને સ્ત્રીમાં પુરુષેય લક્ષણો જોવામાં આવ્યાં હતાં.

પુરુષને પુરુષત્વ આપનારી પ્રજનન ગ્રંથીનું નામ છે શુક્રગ્રંથી (ટેસ્ટિસ); અને સ્ત્રીને સ્ત્રીત્વ અર્પનારી પ્રજનનગ્રંથીનું નામ છે બીજગ્રંથી (ઓવરીઝ). પણ અજબ જેવી હકીકત તો એ છે કે પુરુષમાં અંડગ્રંથીના અંશ હોય છે ને સ્ત્રીમાં શુક્રગ્રંથીના! જેથી કોકમાં બન્નેનાં જાતિગત લક્ષણોનો મેળ જોવામાં આવે છે: પુરુષોમાં સ્ત્રૈણ અંશ ને સ્ત્રીમાં પૌરુષ.



પુરુષની પ્રજનનગ્રંથી 'ટેસ્ટિસ' કે 'વૃષણ'

આ પ્રજનન ગ્રંથીઓનું કામ વ્યક્તિમાત્રમાં તેર કે ચૌદ વર્ષની વયે શરૂ થાય છે, ને તે એન્ટીરીઅર પિચ્યુટરી ગ્રંથીની અસર નીચે વિકાસ પામે છે. જો પિચ્યુટરીનો સ્રાવ વધુ હોય તો આ વિકાસ વહેલો થાય છે ને ઓછો હોય તો વિકાસ ના યે થાય કે અલ્પ થાય છે. આ પછી તેમનો સ્રાવ લોહીમાં ભળવો શરૂ થાય છે. પરિણામે પુખ્ત ઉમરના થતાં સુધીમાં વ્યક્તિમાં જાતિગત પ્રાથમિક તેમજ ગૌણ લક્ષણોનો ઉદય થાય છે.

આની શરૂઆતના પ્રાથમિક ચિહ્ન લેખે ભગાસ્થિ ઉપર વાળ ઊગે છે. અંગ્રેજીમાં આ ભાગને પ્યૂબિક કહે છે, એટલે આ સ્થળે વાળ ઊગવાના શરૂ થતાં પ્યૂબર્ટી (યુવાની)ના ઉંબરે પગ મૂક્યાનું ગાનવામાં આવે છે. તે પછી બગલ અને ચહેરા ઉપર વાળ ઊગે છે, જનનેન્દ્રિયનો વિકાસ થઈ જાતિગત શક્તિ પ્રાપ્ત થાય છે. કિશોરનો અવાજ બદલાય છે. ને તેની છાતી જાંઘ, અને ગરદન પુષ્ટ થાય છે. કિશોરીઓમાં બસ્તિપ્રદેશ (દૂંટીની નીચેનો ભાગ) પહોળો થવા સાથે શરીરમાં ઠેકઠેકાણે ચરબી જમા થઇ સ્ત્રીત્વનો ઘાટ ઘડાય છે અને ચારિત્ર્ય આદિ માનસિક બંધારણ તો પચ્ચીસમા વર્ષે પૂર્ણત્વને પામે છે. ચારિત્ર્યના બંધારણ બાદ જાતિગત શક્તિ પ્રાપ્ત થતી હોત તો કેવું સારું! માનવીના લલાટે 'ગદ્ધાપચ્ચીસીના વિકારો' જેવા શબ્દો લખાએલા ન હોત!

હવે આપણે આ બંને ગ્રંથીઓનું કાર્યક્ષેત્ર જોઇએ.

બીજગ્રંથીઓ (ઓવરીઝ): સ્ત્રીઓના પેડુમાં ડાબી-જમણી બે બીજગ્રંથીઓ આવેલી હોય છે. જન્મ વખતે તો તેમાં હજારો બીજકણો (કે જે ભવિષ્યનાં સંભવિત સંતાનો છે) હોય છે, જેમાંના યૌવનકાળે તો ફક્ત દસ ટકા જ કાયમ રહે છે અને ઋતુનિવૃત્તિ (મેનોપોઝ–રજોદર્શન બંધ થવાના સમય) વખતે તો બધાં જ નાશ પામે છે. આથી ગર્ભાધાનનો સંભવ રહેતો નથી.

આમાંથી દર મહિને એક બીજકણ (ફોલિકલ) મોટું થઈ ફાટે છે અને તેમાંનું બીજ (ઓવમ) બીજવાહી નળી વાટે ગર્ભાશયમાં આવે છે. આ ક્રિયામાં બે દિવસ જેટલો સમય વીતે છે. આ દરમિયાન જો શુક્રજંતુ (સ્પર્મ) સાથે તેનું મિલન થાય તો ગર્ભાધાન થાય છે. આમ ન થાય તો તે કરમાઇ જઈ મૃત્યુ પામે છે.

આ સમય દરમિયાન બીજકણમાં કૉર્પસ લ્યુટિયમ નામની એક પીતરંગી રૂપાંતરાવસ્થા થાય છે. આ અવસ્થા ગર્ભના ઉછેર અને સંભાળ માટે એક ખાસ યોજાયેલી કાયાની અજબ કરામત છે. ગર્ભાધાન જો ન થાય તો સ્ત્રીના દેહ વિષેની આ 'કૉર્પસ લ્યુટિયમ'ની ગર્ભધારણની બધી તૈયારીઓ ઉપર પાણી ફરી વળે છે. ગર્ભનાં પોષણ અને સંભાળ માટે ગર્ભાશયમાં બંધાએલું અસ્તર તેની લોહીની નળીઓ સાથે તૂટી—ખરી પડે છે. આ સ્થિતિ સાધારણરીતે ત્રણથી છ દિવસ સુધી ચાલે છે ને તેને આપણે રજોદર્શન—અડકાવ આવવો (અંગ્રેજી-મેન્સીસ) કહીએ છીએ. આ અડકાવના દિવસો તે બીજા મહિને સંભવિત ગર્ભાધાન માટે નવું અસ્તર બંધાવા માટેની સાફસૂફી છે. જેમાં મૃત પામેલું અસ્તર દૂર કરવાની શારીરિક ક્રિયા ચાલે છે. આ દિવસોને આપણે વિશિષ્ટ રીતે પાળીએ છીએ. ગર્ભાધાન જો થઇ જાય તો પછી કૉર્પસ લ્યુટિયમનું કામ તરત શરૂ થાય છે. પરિણામે રજોદર્શન બંધ થાય છે.

બીજકણમાંથી બે પ્રકારના સ્રાવ થાય છે: ઈસ્ટ્રીન અને પ્રોજેસ્ટેરોન. ઈસ્ટ્રીન તે જનનેદ્રિયના વિકાસ ને પકવતાને વેગ આપવા ઉપરાંત સ્ત્રીને માતૃત્વ માટે તૈયાર કરે છે. સાથે શારીરિક જોમને તથા કામવૃત્તિને ઉત્તેજે છે.

રજોદર્શનના માસિક હપતાના પહેલા પખવાડિયામાં બીજકણમાંથી ઈસ્ટ્રીન સ્રવે છે, અને બીજા પખવાડિયામાં પ્રોજેસ્ટેરોન.

ઈસ્ટ્રીન અને પ્રોજેસ્ટેરોન બંને જુદાજુદા ગુણધર્મી છે. ઇસ્ટ્રીનની અસર તળે અડકાવ આવવો શરૂ થાય છે, જ્યારે પ્રોજેસ્ટેરોન ગર્ભને રક્ષનાર છે. ઇસ્ટ્રીનની અસરને પ્રોજેસ્ટેરોન નાબૂદ કરે છે અને બીજો અડકાવ આવતાં સુધી પ્રોજેસ્ટેરોનની અસર કાયમ

રહે છે. પૃથ્વી પરનાં પ્રાણીઓનો વંશવેલો વિસ્તારવાનું અતિ ઉપયોગી કામ દેહમાં આ જ સ્રાવો કરે છે.

પ્રોજેસ્ટેરોનની અસરથી ગર્ભ ગર્ભાશયમાં શાંતિપૂર્વક ટકીને વધે છે. આ સ્રાવ ઓછો હોય તો ગર્ભાશયનું સંકોચન શરૂ થાય છે અને ગર્ભસ્રાવ (મિસકૅરેજ)ની દશા આવી પડે છે. ગર્ભાધાનના ત્રીજા કે ચોથા મહિના બાદ પ્રોજેસ્ટેરોનનો સ્રાવ ઓછો થઇ જાય છે. આથી જ આ મુદત દરમિયાન ગર્ભસ્રાવના બનાવો વિશેષ બને છે. વળી સ્તનની દુગ્ધગ્રંથીઓ પણ તેની જ અસર નીચે ધાવણ આપવા માટે તૈયાર થાય છે.

બીજગ્રંથીઓમાં જો મૂળથી જ જન્મગત કાંઈ વિકૃતિ હોય તો એમનું કામ મંદ હોય છે. અગર તો ટાઇફૉઈડ, ક્ષય, લાપટિયું અને એવા બીજા ચેપી રોગોને લીધે તેમાં વિકાર થવાથી એમનું કાર્ય મંદ પડે છે. આ દશામાં ગુહ્યાંગોનો અને સ્તનનો અલ્પ વિકાસ, રજોદર્શનમાં ખામી, અને વંધ્યત્વ આવી પડે તો ચહેરા ઉપર પુરુષની જેમ વાળ ઊગવા પણ શરૂ થાય છે!

સામાન્યરીતે સ્ત્રીની ૪૫–૫૦ વર્ષની ઉંમરે અડકાવ બંધ થઇ જઇને ઋતુનિવૃત્તિ ('મેનોપોઝ' યા 'ક્લાઈમેક્ટિક પીરિયડ') આવે છે. વૃદ્ધાવસ્થાની શરૂઆત જેવી આ અવસ્થા મોટા ભાગની સ્ત્રીઓ માટે તો સાધારણ ને કુદરતી બની રહે છે, પણ કોક માટે તે કપરી પણ નીવડે છે. એ વખતે તેમનામાં ગભરામણ, શરીરે ઊનવા, ઠંડી લાગવી અને પરસેવો થવો, સાંધા અકડાઈ જવા. પુરુષની જેમ મોં પર વાળ ઊગવા, ચરબી વધવાથી જાડા થવું વગેરે ચિહ્નો દેખા દે છે. કોક તો વળી માનસિક અવ્યવસ્થા કે ગાંડપણનાં ભોગ પણ બને છે.

શુક્રગ્રંથીઓ ('ટેસ્ટિસ' કે 'વૃષણ'): ખૂબ સૂક્ષ્મ અને ગૂંચળાં વળેલી નલિકાઓની બનેલી શુક્રગ્રંથીઓના કોષો ટેસ્ટોસ્ટેરોન નામનો સ્રાવ સ્રવે છે. એ સ્રાવ જીવનમાં બીજાં કોઇ કામ માટે તો આવશ્યક નથી, પણ પુરુષત્વ માટે ખાસ જરૂરી છે. આની અસર નીચે વ્યક્તિમાં મર્દાની દેખાવ, વૃત્તિ અને લક્ષણો ખીલે છે તથા ગુહ્યાંગોનો તેમજ શુક્ર પેદા કરનાર કોષોનો વિકાસ થાય છે. પુરુષોમાં–અને કુમારીઓમાં પણ–તે સ્તનના સ્રવવાના કાર્યને રોકે છે. વળી તે ચામડી નીચે ચરબીના થર જામવાનું (જાડા થવાનું) નિયમન કરે છે. યૌવનાવસ્થા આવતાં કોષોની વૃદ્ધિ થાય છે અને સ્રાવ પણ વધે છે. એ જેટલી ઝડપથી બને છે તેટલી જ ઝડપથી વપરાઇ પણ જાય છે. વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે અથવા તો શુક્રગ્રંથીઓને ઇજા થઇ હોય તો સ્રાવ ઓછો થાય છે અને કોષો નાશ પામતાં વ્યક્તિમાં કામવૃત્તિ ઓછી થાય છે.

આ શુક્રગ્રંથીઓ ન હોય કે તેનો બરાબર વિકાસ ના થયો હોય ત્યારે નાનપણથી જ શરીરનો ઘાટ સ્ત્રીત્વની દિશામાં વળે છે. શરીરના પ્રમાણમાં હાથ અને પગ લાંબા હોય છે. અવાજમાં સ્ત્રીઓના જેવો લ્હેકો આવે છે. ગુહ્યાંગ ચામડીની ગડમાં ઢંકાઈ જાય એવાં અલ્પવિકસિત હોય છે. આવા સ્ત્રૈણ માણસો (હીજડા) બુદ્ધિમંદ, શરમાળ, ચીડિયા અને વિચિત્ર સ્વભાવના હોય છે.

શુક્રગ્રંથીઓની વિકૃતિનાં ઘણાં કારણોમાં થાઇરૉઇડ કે પિચ્યુટરી ગ્રંથીઓનો મંદ સ્રાવ પણ મુખ્ય કારણ છે. લાપટિયું અને પરમિયાને લીધે પણ એમાં વિકાર થાય છે. એક્સ–રે અને રેડિયમની સારવારના ખાતામાં કામ કરનારા અને અતિશય દારૂ પીનારાઓ પણ આના ભોગ થઈ પડે છે. પુખ્ત ઉંમર પછી ગ્રંથીમાં વિકાર થઇ આવે તો કોઈ પણ પ્રકારની શારીરિક વિરૂપતા નથી આવી પડતી, પણ શુક્ર પેદા કરનાર કોષો નાશ પામવાથી વંધ્યત્વ આવે છે.

વિવાહિત કે અવિવાહિત પુરુષોમાં ઉંમર વધતાં શુક્રગ્રંથીઓનું કાર્ય મંદ પડે છે અને એમનામાં પણ સ્ત્રીઓની પેઠે 'ક્લાઈમેક્ટેરિક' સમય થોડાવત્તા અંશે આવી પડે છે. પરિણામે ઊનવા, ઠંડી–પરસેવો, થાક-બેચેની, નિરુત્સાહ, ચિત્તક્ષોભ અને કવચિત ચિત્તભ્રમ વગેરે દેખા દે છે.

પ્રજનનગ્રંથીઓના સ્રાવ યૌવન અને શક્તિ આણનાર તથા જાળવનાર છે. આ હકીકતના આધારે વૃદ્ધાવસ્થામાં પુનર્યૌવન મેળવવા માટે પશુની શુક્રગ્રંથી કે બીજ–ગ્રંથી માનવ શરીરમાં મૂકવાનો ઉપચાર અસ્તિત્વમાં આવ્યો છે. ઇ. સ. ૧૯૨૦માં મિ. વૉરોનોફ (Voronoff) તંદુરસ્ત ચિમ્પાન્ઝી કે ઉરાંગઉટાંગ વાંદરાની શુક્રગ્રંથી કે બીજગ્રંથીના ટુકડાઓ શસ્ત્રક્રિયા કરીને માનવ શરીરમાં ગોઠવ્યા, (ગ્લાન્ડ–ગ્રાફ્ટિંગ કરી,) અને વૃદ્ધોને ફરી જુવાન બનાવવાની શસ્ત્રક્રિયા જગત સમક્ષ રજૂ કરી. વીજળીની બૅટરીમાં જેમ પાવર ખલાસ થઇ જતાં દીવો ઝાંખો બળે છે, પણ પાછો નવો પાવર મૂકવાથી દીવો તેજ બળે છે, એ જ પ્રમાણે વય વધે ત્યારે શુક્ર કે બીજગ્રંથીઓનું કાર્ય ક્ષીણ થતાં તાજી ગ્રંથીઓ મૂકવાથી વૃદ્ધત્વ દૂર થઈ પુનર્યૌવન પ્રાપ્ત થાય છે. આ અસર ત્રણ વરસ સુધી રહે છે.

આવી જ રીતે શુક્રગ્રંથીના સ્રાવનો વધારો કરીને પણ પુનર્યૌવન પ્રાપ્ત કરવા માટે એક સ્ટીનાક ઑપરેશન છે. વિયેનાના ડૉ. સ્ટીનાકે (Steinach) ઈ. સ. ૧૯૧૧માં આવાં ઑપરેશન કરી સિદ્ધ કર્યું છે કે શુક્ર વહી જનાર નલિકાને બંધ કરી દેવાથી શુક્ર પેદા કરનાર કોષોનો લોપ થાય છે અને સ્રાવ વધારનાર કોષો વૃદ્ધિ પામવાથી સ્રાવનું પ્રમાણ વધે છે. આમ થવાથી શરીરના બધા કોષો નવજીવન પામે છે અને થોડુંઘણું આયુષ્ય પણ વધે છે. મહાભારતમાં યયાતિ રાજાએ પોતાના પુત્રનું યૌવન ધારણ કરી સેંકડો વર્ષ સુધી વિષયસેવન કર્યાનો ઉલ્લેખ છે. આજે પણ આવી જીવનલાલસાવાળા માણસો ગ્લાન્ડ–ગ્રાફ્ટિંગ કે સ્ટીનાક ઑપરેશન કરાવે છે.

અન્ય પ્રાણીઓ કરતાં માણસને મગજની શક્તિ વધારાની હોઈ, તે એટલું શ્રેષ્ઠત્વ પામ્યો છે. એની ખીલવણી એ ગ્રંથીઓની જ અણમૂલી બક્ષિશ છે. મનની સ્થિરતા, શાંતિ અને સ્વસ્થતા પણ ગ્રંથીઓના આધારે જ છે. વિઘ્નોનો સામનો કરવાની શક્તિ, ખંતથી કામ કરવાની ધગશ, એકાગ્રતા, શોધક વૃત્તિ, કળા પરત્વે અનુરાગ, પલટાતા સંજોગોમાં અનુકૂળ વર્તન, આવાંઆવાં માનવીનાં ધૃતિ બુદ્ધિ અને ચાતુર્ય ગ્રંથીઓના કાર્યને જ આભારી છે.

દેહનાં ઘાટ, કદ, ઊંચાઈ, સૌંદર્ય, બાંધો, ગતિ, માનસિક બંધારણ, પ્રજનનશક્તિ આ બધાંનું નિર્માણ આ ગ્રંથીઓ જ કરે છે. આ ઉપરાંત સાંભળવાની, સૂંઘવાની અને સ્વાદની જ્ઞાનશક્તિઓની કાર્યક્ષમતા પણ થાયરૉઇડગ્રંથીના અમલમાં છે. પૅરાથાઈરૉઈડ અને પિચ્યુટરી ગ્રંથીઓ આંખની શક્તિઓની ધાત્રી છે.

દેહના માળખામાં આવેલા અવયવોનો વિકાસ, હાડકાનું બંધારણ, પુષ્ટ કે નબળી માંસપેશીઓનું આવરણ, અને એ બધાં કરતાં યે સર્વોપરિ શરીરનાં સર્વ અંગોના નિયામક જ્ઞાનતંત્રની સ્થિરતા કે અસ્થિરતા, એ સઘળાંના નિર્માણમાં ગ્રંથીઓનો જ મોટો હિસ્સો છે.

યૌવન અને શક્તિ,–અરે વૃદ્ધત્વ, આરોગ્ય અને આયુષ્ય સુદ્ધાં આ ગ્રંથીઓની કાર્યક્ષમતા ઉપર જ અવલંબે છે. આરોગ્ય અને રોગ, જીવન અને મૃત્યુ, જીવનનાં આ પાસાંઓની સમતુલા જાળવવાનું પણ ગ્રંથીઓના અંકુશ હેઠળ છે. ટૂંકામાં, આપણું જીવન ગ્રંથીઓની દયા ઉપર છે. આપણે જે કંઇ છીએ તે બધું ગ્રંથીઓની જ અનોખી અને અદ્દભુત કરામત છે.

(ચાલુ)



લેખમાં નિર્દેશેલી વિવિધ માહિતી આપતો તથા કેટલીક ખોટી માન્યતાઓનો રફોટ કરનો ખાસ તૈયાર કરેલો ચોક્કસાઇ 'ભર્યોનકશો.

બનાસનું સૌંદર્યદર્શન

પયસ્વિની પર્ણાશા [૨]

લેખક **પ્રો. રામપ્રસાદ શુક્લ** એમ. એ.

સાબરમતીને કિનારે જિંદગી જીવનારો બનાસનાં સંસ્મરણો લખવા બેસે એ કેટલાં અધૂરાં હોય! પરંતુ બાળપણમાં માએ કોઈ માંદગી વખતે અંબાજી માતાની માનતા માનેલી, એટલે બારતેર વરસની ઉંમરે વીરમગામના ભાદરવી સંઘ સાથે અંબાજીની યાત્રાએ ગયો ત્યારે ત્યાંથી પાછા ફરતાં ખરાડી ગામમાં ફરવાનું થયું. જેમની સોબતમાં નીકળ્યો હતો એ ધાર્મિક વૃત્તિના ભાઈ બનાસમાં ખંખોળિયું ખાવાનું શાના ચૂકે? એટલે એમની સાથે મને પણ બનાસનાં જળ ઝીલવાનો લાભ મળ્યો. નજર સામે જ તોળાઇ રહેલ અર્બુદગિરિને ભયપૂર્વક જોતાંજોતાં ખંખોળિયાં ખાધેલાં એવું કાંઇક આછું સ્મરણ છે. 'દીઠો આજ આબુ ગિરિરાજ એવો' એ દલપતશાહીથી પંક્તિ તો મનમાં તાજી જ હતી. પરંતુ 'એવો' એટલે કેવો? ન જાણે. પ્રથમ વાર આવડો મોટો પહાડ જોનાર ભવ્યતાના ભારણ નીચે સહજ દબાઈ જાય એ સ્થિતિમાં પર્વત પર શી રીતે પહોંચાય એ પૂછવાના યે ક્યાં હોશ હતા? વળી ઉપર જવા માટે જરૂરી પૈસાની જોગવાઇ પણ શાની હોય? વધુમાં માએ ચોક્કસ સોબત ગોઠવીને મોકલેલો, એટલે ઉપર એકલા જવાનો વિચાર પણ સ્ફુરવો મુશ્કેલ. આમ 'ત્યહીં તેર ગાઉતણાં તો તળાવ, પીવા ગામ અગ્યારના લોક આવે' એ પંક્તિઓનું કલ્પનાચિત્ર જ મનમાં ગોઠવતો ગોઠવતો પાછો ફરેલો. પરંતુ એ બંધબેસતું થવામાં મનને એક અંતરાય નડતો હતો. પર્વત પર તેર ગાઉનું મોટું તળાવ તો હોય, પણ ત્યાં અગિયાર ગામના લોકો પાણી પીવા શા માટે એકઠા થાય? પર્વત પર ગામ વસેલાં હોય એ કલ્પનામાં કેમે કર્યું ઊતરતું ન જ હતું!

ડુંગરની તળેટીમાં લોંચો ખાઇને વળી જતી એ ભાદરવાનાં જળથી ભરપૂર બનાસનું દર્શન પણ એ સમયે ભવ્ય ભાસેલું. ઉપરાઉપરી ત્રણેક વર્ષ સુધી એ રીતે આવવાનું થતાં વરસે એક વાર બનાસની ઝાંખી થતી ગઈ. માનતા પૂરી થતાં બનાસનાં દર્શન વળી દુર્લભ

બન્યાં. બી. એ. ના વર્ગમાં ભણતાંભણતાં આબુ પર્વત પર પહોંચી જવાની એક વાર એવી લગની લાગી ગઈ કે અમદાવાદથી ઊપડતા સવારના મેઈલમાં બેસીને ખરે બપોરે ખરાડી પહોંચ્યો. ખીસામાં પૈસા પૂરા મળે નહિ, એટલે ખભે કાઠિયાવાડી કામળો અને હાથમાં ઝોળી લઇને ખંખેરી મૂકયાં પર્વત પર જતા ધોરી માર્ગે. જન્માષ્ટમીની રજાઓનો તાકડો સાધેલો, એટલે ઋતુ હતી ભર વર્ષાની, પણ ભાર ન થાય માટે છત્રી સરખી સાથે લીધેલી નહિ. સદ્ભાગ્યે ઉઘાડના દિવસો હતા એટલે મને તો ઋતુની મઝા જ મળી. રસ્તામાં પૂલ પરથી બનાસનું સુભગ દર્શન થયું. પર્વત અને પૃથ્વી પર પડેલા પાણીના આછા છંટકાવને કારણે બપોરના તડકામાં સારી યે સૃષ્ટિ મણિમય બનીને ઝગારા મારતી હતી. હરિત હરિયાળી વડે શોભતા કોઇ વિરાટ નીલમણિ જેવા પર્વતને પાયે પડીને રજતના રેલા સરખો ઉજ્જ્વલ સરિત્પ્રવાહ એકધારો વહી રહ્યો હતો. નદીમાં ઊતરીને નહાવાનું મન તો ઘણું યે થયું, પણ સંધ્યાસમય સુધીમાં અજાણ્યા સ્થાનકે પહોંચીને વસવાટનું સ્થળ શોધી લેવાનું હતું. એટલે ઉતાવળો આગળ ચાલ્યો. રસ્તામાં વિવિધ વળાંકોએ વિહંગદર્શન કરવાની તક મળી તે લીધી. આબુ પર અઠવાડિયું રહ્યો એ દરમિયાન બેત્રણ સાંજે સનસેટપોઈન્ટ પરથી શુકલહૃદયા સુકલીને આંખ આગળથી અદૃશ્ય થાય ત્યાં સુધી નીરખ્યા કરી. ગુરુશિખર પરથી બન્ને નદીઓની ઝગારા મારતી ઝાંખી લીધી ત્યારે પશ્ચિમી પ્રવાહ રાજસ્થાનની કોઇ નદીમાં જઇને ભળતો હશે એવો ખ્યાલ બંધાયેલો. પાછળથી નકશો જોયો ત્યારે માહિતી મળી કે આ પશ્ચિમ દિશાની સરણી એ તો બનાસની નાની બહેન સુકલીની. બે બહેનો સંપ કરીને અવળી દિશાના વહેણે પર્વતપિતાને વીંટળાઇ વળી પાછી સમાંતર ચાલવા લાગે છે. અચલગઢના ઉદયશૃંગે ઉષાનાં રંગછાંટણાં ઝીલતી બનાસને જોઇને મુગ્ધ થયો. સામે પથરાઇને પડેલી, કાંઈક ત્રાંસમાં ફેલાતી અરવલ્લીની ગિરિમાળ પર રમતાં તેજની કિરણકૂંપળો, નીચે સફેદ રેતીના વિસ્તીર્ણ પટમાં કયાંક વચમાં તો કયાંક કિનારા ઘસીને વહેતો નદીપ્રવાહ, હરિયાળી વનસ્પતિ વચ્ચેથી ડોકિયાં કરતા ડુંગરના અણિયાળા ખૂણાઓ અને આકાશમાં અપર ગિરિમાળા રચાઈ હોય એવાં વાદળજૂથો—પ્રકૃતિદેવીએ પોતે જ જાણે સ્વયંવર અર્થે આમ તથા અવનિને ભરી દઈને સૌંદર્યનો એક મોટો મહેરાબદાર માંડવો છાઇ દીધો હતો! એક દિવસ વહેલી સવારે ઊઠીને લીધો તળેટીનો વળતો રસ્તો, તે અઢી ત્રણ કલાકે પહોંચ્યો બનાસના પૂલ પર. ધરાઈને શ્રમહર સ્નાન કર્યું અને પછી ચાલી નીકળ્યો. બેત્રણ વર્ષે ફરી એક વાર ધૂન ઊઠી એટલે કાંઈક ઉપરના જ ક્રમે ફરી એક વાર આબુ પહોંચ્યો અને વૈદૂર્યમણિના મોટા ઢગ સરખી બે પર્વતમાળો વચ્ચે વંકાઇને પડેલી મોતીની સફેદ સેર જેવી બનાસને નીરખી.

બાલારામ ગયો એટલે વળી બનાસનાં દર્શન પામવાની ઈચ્છા થઇ. બાલારામ નદી બનાસની જ શાખા છે, અને ચિત્રાસણી સ્ટેશનથી પશ્ચિમે પાંચેક માઈલ પર જ બનાસ સાથે એનો સંગમ થાય છે એ હકીકત નકશાના આધારે જાણતો હતો, એટલે ચિત્રાસણીના ભલા સ્ટેશન માસ્તરની સહાયથી એક ગ્રામજનની સોબતમાં ત્યાં પહોંચ્યો. કમભાગ્યે એ સ્મરણીય સ્ટેશન માસ્તરનું નામ યાદ રહ્યું નથી. સંગમ ઉપર મેં કેટલીક નોંધ લીધી હતી એ કાગળિયાં પણ ખોવાઈ ગયાં છે. સંગમનું સ્મરણ લાંબે કાળે ઝાંખું પડયું છે. માત્ર એટલું બરાબર યાદ છે કે બાલારામ નદીની ઊંચી ભેખડો પછી બનાસના વિસ્તીર્ણ પટનું દર્શન આહ્લાદકારી હતું.

પછી બેત્રણ વખત બાલારામ જવાનું બન્યું ત્યારે ય બનાસ સુધી પહોંચવાની હોંસ જાગેલી પણ પૂરી ન થઈ. નાથદ્વારાથી હલદીઘાટ જોવા નીકળ્યો ત્યારે જતાંઆવતાં પાંચસાત વાર ચંબલની શાખા બનાસને ઓળંગવી પડી. (રસ્તામાં ભૂલા પડેલા એટલે નદીની સોબત કાંઈક વધારે પડતી કરવી પડેલી.) મેવાડની એ બનાસને કિનારે તે દિવસે ગુજરાતની બનાસનાં સ્મરણો ફરી સજીવન થયાં. એક વાત અગત્યની છે, કે એ બંને બનાસ જુદી જુદી છે. નૈઋત્યવાહિની ને પૂર્વવાહિની બંને બનાસોનાં મૂળ પાસેપાસે હોઈ ઘણી વાર એ બંને વિષે ગોટાળો થઈ જાય છે. નાનપણથી જ નકશા જોયા કરવાનો શૉખ હોવાથી તેને આધારે બે બનાસના અસ્તિત્વની મને માહિતી ન હોત તો હું પણ ભ્રમમાં પડયો હોત. શ્રી હેમચંદ્ર રાય રચિત Dynastic History of Northern India (Vol II) જેવા માન્ય ઇતિહાસગ્રન્થના આઠમા નકશામાં (પૃ. ૧૦૫૨-૫૩ વચ્ચે) જ્યારે એક જ લાંબી લીટી રૂપે આ બન્ને બનાસોને જોડી દીધેલી જોઇ ત્યારે ઉપર ગણાવી એવી ભૂલ થવાના સંભવ વિષે કશી શંકા રહી નહિ. ગુજરાતની એક છાપેલી ભૂગોળ પુસ્તિકામાં જ્યારે વાંચ્યું કે પ્રાંતિજ પાસેની બોખમાં સાબરમતી અને હાથમતી નદીઓનો સંગમ થાય છે, ત્યારે ભાન થયું કે ભૂગોળવિષયક ચોક્કસ માહિતી વિના પણ આપણું ગાડું કેટલું વિચિત્રરીતે ગબડયે જાય છે! અમદાવાદમાં એકથી વધારે વખત બોલાતું સાંભળ્યું છે કે સાબરમતી નદીમાં પાણી ખૂટે તો ઢેબર સરોવરમાંથી પાણી છોડાવીએ એટલે સાબરમતી વહેતી થઈ જાય! દુષ્કાળરાહતનું સુંદર કાર્ય કરનાર એક મિત્રે મને ગંભીર રીતે આ વિષે પૂછયું ત્યારે સમજ્યો કે આ માન્યતા તો બહુ પ્રચલિત હોય એમ લાગે છે! વસ્તુતઃ તો ઢેબર સરોવરમાંથી વહેતું એક ઝરણું મહી નદીની શાખા સોમ નદીમાં જઇને મળે છે. બાકી સાબર તો ઢેબર સરોવરથી ઘણે દૂર છે અને પ્રાકૃતિક રચના જોતાં એ સરોવરનું એક પણ ઝરણું સાબર સુધી પહોંચી શકે એમ નથી. અલબત્ત પ્રાકૃતિક રચનામાં મનુષ્યયત્ન ઘણા મોટા ફેરફારો કરી શકે, પણ એ એન્જિનીઅરિંગ વિદ્યાની સિદ્ધિની સમસ્યા છે. વળી એ વિદ્યા પણ પ્રકૃતિને અનુકૂળ રહીને પાંગરે છે. આના અનુસંધાનમાં અમદાવાદને બંદર બનાવવા માટેની એક લેખમાળા યાદ આવે છે. સાચું હોય તો મુંબઈના એક અગ્રગણ્ય ગુજરાતી દૈનિકના તંત્રીશ્રીની પ્રેરણા આમાં કારણભૂત હતી. એમાં ખંભાતના દરિયાને સાબરમતીના માર્ગે અમદાવાદ સુધી ખેંચી લાવવાની કાંઈક વાત હતી. વિચારવા જેવી વાત એ છે કે ખંભાતનો દરિયો પોતે જ મહી અને સાબરમતી નદીઓના કાંપથી દર વર્ષે વધુ ને વધુ પુરાતો જાય છે. અને ખુદ ખંભાત બંદરે જ આગબોટ લાવવાનાં સાંસા છે ત્યાં અમદાવાદને બંદર બનાવવાની વાતને તર્કશુદ્ધ અને એન્જિનીઅરિંગ વિદ્યાને સંમત એવી સંકલિત યોજનાના સ્વરૂપે રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી આવી વાતમાં વિશ્વાસ શી રીતે બેસે? આવી કોઇ યોજનાએ અત્યારની પ્રાકૃતિક પરિસ્થિતિના અવલોકનપૂર્વક વિચારણા રજૂ કરવી જોઇએ. દાખલા તરીકે ગેઝેટિયરો લખાયાં ત્યારે 'સાબરમતીના મુખથી ૧૨ માઈલ ઉપરવાસ ભરતીની અસર પહોંચે છે' એવો ઉલ્લેખ તેમાં નોંધાયો છે. આજે ઘણાં વર્ષે એમાં કાંઈ ફેરફાર થયો છે કે કેમ એ તપાસનો વિષય છે. ખંભાત પાસેનો અખાત બે નદીઓના કાંપ તેમાં ઠલવવાને લીધે પુરાતો જ જાય છે. આમાં સાબરમતી દ્વારા કુલ ૯૫૦૦ ચોરસ માઈલનો અને મહી દ્વારા ૧૫,૦૦૦થી ૧૭,૦૦૦ ચોરસ માઈલ વિસ્તારનો કાંપ ખેંચાઈ આવે છે. આને કારણે બંદરની બંદર તરીકે હાલત કેવી છે, સાબરમતીના તળમાં દાખલ થતી ભરતીનો વેગ તથા પાણીનું પ્રમાણ

કેટલું; ઇત્યાદિ વિગતો ઝીણવટથી વિચારાવી જોઇએ. બાકી તો છાપાંના 'ધ્રુજારા'થી ધરતીમાં થોડો ધ્રુજારો થાય છે?

એક સાહિત્યરસિક અને વિદેશ વિચરી આવેલા વેપારી ભાઈ પાસેથી જ્યારે આના સંબંધમાં સાંભળ્યું કે જરૂર પડયે સાબરમતીમાં ચંબલ નદીને ખેંચી લવાશે ત્યારે મને વિચારો કબજે કરવાની વર્તમાનપત્રોની શક્તિનો ખ્યાલ આવ્યો! ચંબલ નદીની એક ઉપશાખા ખેડચ ચિતોડદુર્ગની તળેટી નજીક વહે છે. એનું ઊગમસ્થાન સાબરમતીના ઊગમસ્થાનથી થોડા માઇલ દૂર છે. કદાચ આ બંનેને સાંધી લઇ શકાય, તોપણ ચંબલને પાછે પગલે પર્વત પર શી રીતે ચડાવવી? નદીઓ હજી સુધી તો નિમ્નગા જ રહી છે, એ ક્રમ શી રીતે ઉલટાવવો? હકીકત નક્કર માહિતીપૂર્ણ વિગતો સાથે રજૂ કરવાની આપણી ઉત્સુકતા જ ઓછી છે. ઘણી વેળા કાર્યઘડતરને બદલે આપણે કાવ્યઘડતર જ કરીએ છીએ!

એક વાર ડીસા જઈ પહોંચ્યો ત્યારે નવા અને જૂના ડીસા વચ્ચે ધરાઇને બનાસને જોઇ ને બટાટાના ભરચક વાવેતરને લીધે મંદગતિ બનેલા નદીપ્રવાહને નિરખ્યો. આજ સુધી જે માત્ર સૌંદર્યસ્રોત તરીકે મનમાં વસેલી એવી આ સરિતાનું સ્વરૂપ ત્યારથી મારા મનમાં પલટાઈ ગયું. નદીમાત્રને સામાન્ય સૌન્દર્ય ઉપરાંત કોઈ એક વિશિષ્ટ લક્ષણ પણ હોય છે નર્મદાની નિગૂઢતા, મહીનું મસ્તાનપણું કે સાબરમતીની શુભ સરલતાની પેઠે શાલીનતા એ કદાચ બનાસનું વિશિષ્ટ લક્ષણ છે. હિંદભરની બધી નદીઓમાં, રણમાં રોળાઇ જનારી બનાસ, સરસ્વતી અને લૂણી એ ત્રણે અનોખી ઢબની નદીઓ છે. ક્વચિત્ મૃત્યુભૂમિ તરીકે ઓળખાતી મરુભૂમિને સજીવન રાખનારી લૂણીનું લાવણ્ય પણ મને બનાસની શાલીનતા લક્ષમાં આવ્યા પછી આપોઆપ સમજાઇ ગયું.

પણ સર્વથી મીઠું સ્મરણ તો માવલનું છે. પ્રાચીન ચંદ્રાવતીના અવશેષો જોવાની ઈચ્છા હજી છેક ગયા વર્ષ(૧૯૫૧)ની ૧૦મી સપ્ટેમ્બરે ફળી. અંબા ભવાની અને આબુની તળેટી એ બંને સ્થળેથી બાર માઈલ પર અને આબુરોડ સ્ટેશનથી પાંચેક માઈલ પર આવેલી આ પ્રાચીન નગરીનો ઘેરાવો અઢાર માઇલ જેટલો હતો એમ કહેવાય છે. ગુજરાતનાં બંદરો સાથે ઉત્તર ભારતને સાંધનારા મહત્ત્વના રાજમાર્ગ ઉપર આવેલી આ નગરી, ધર્મ તથા વાણિજ્યના કેન્દ્રસ્થાન રૂપ હતી. એના અવશેષો પરથી ત્યાંના નિવાસીઓની સમૃદ્ધિ અને કલાભિમુખતાનો કાંઈક ખ્યાલ આવે છે. એ પછીના જમાનામાં અમદાવાદનું રેશમી તથા સુતરાઉ કાપડ જગપ્રસિદ્ધ થયું એ સિદ્ધિમાં ચન્દ્રાવતીના વણકરો અને રંગાટીઓનો ફાળો નાનોસૂનો ન હતો. આ નગરીની આબાદી શુમારે ૭મીથી ૧૫મી સદી સુધી ટકી. ઐતિહાસિક પરંપરા અનુસાર પરમારોની આ રાજધાની ધારાનગરીથી યે વધુ પ્રાચીન અને પશ્ચિમ હિંદના એક મહત્ત્વના સાંસ્કૃતિક મથક રૂપ હતી. ૭મી સદીમાં ધારાનગરીથી નાઠેલા રાજા ભોજને અહીં આશ્રય મળ્યો હતો. પરમારો પાસેથી એ સિરોહીના ચાહમાનો(ચૌહાણો)ના કબજામાં ગઈ અને અણહિલપટકમાં ચૌલુક્ય રાજ્યનો સૂર્ય તપ્યો ત્યારે એના આધિપત્ય નીચે મુકાઈ.

આબુ ને ચન્દ્રાવતીના અવશેષો જોતાં લાગે છે કે ૧૧મી ને ૧૨મી સદી આ સ્થળોની પૂર્ણસમૃદ્ધિનો કાળ હતો. ઈ. ૧૨૭૦માં પરમારોના હાથમાંથી નડોલના ચૌહાણોના હાથમાં અને ૧૩૦૦માં એમની પાસેથી દેવરાના ચૌહાણોના હાથમાં તે ગઈ. અલાઉદ્દીનના ગુજરાતવિજય પછી ચન્દ્રાવતીનું સ્વાતંત્ર્ય છેક નષ્ટ થયું ને બીજા એક સૈકા બાદ આખું નગર વિનાશને વશ થયું. (જોકે આબુના એક શિલાલેખમાં ઈ. ૧૩૩૮માં ચંદ્રાવતીના ચૌહાણ કુલના એક શાસકનો ઉલ્લેખ મળે છે.) ઇ. ૧૪૦૫માં દેવરા રાજપૂતોની રાજધાની તરીકે સિરોહીની સ્થાપના થતાં ચંદ્રાવતીની આબાદી ઘટી, પરિણામે ત્યાંના શિલ્પકારો નવીન સ્થપાયેલ અમદાવાદના શિલ્પસમૃદ્ધિ વધારવાના કામમાં લાગ્યા. ઉપરાંત ચંદ્રાવતીની ઘણી શિલ્પસમૃદ્ધિનો ઉપયોગ બાદશાહોએ અમદાવાદને શણગારવા માટે કર્યો. ક્રમશઃ બાકી બચેલાં શિલ્પો ચોરાઇ ગયાં કે વેચાઇ ગયાં (ઈ. ૧૮૨૩ની એક નોંધ અનુસાર ગિરવર ગામના ઠાકોર આમાંનાં આરસપહાણો ને શિલ્પોનું પૈસા લઈ વેચાણ કરતા. જુઓ મુંબાઈ ગેઝેટીઅર વૉલ્યુમ પાંચમું) ચન્દ્રાવતીના અવશેષોમાંના કોઇકોઈ ૧૪મી સદી સુધીના પણ છે, તથાપિ આમાંની ઉત્તમ કલાકૃતિઓ બહુશઃ ૧૧મી કે ૧૨મી સદીના સમયની છે. સને ૧૮૨૪માં સર ચાર્લ્સ કોલવિલની આગેવાની નીચે યુરોપીય પ્રવાસીઓના એક વૃંદે આ સ્થળની મુલાકાત લીધેલી ત્યારે અહીં વિવિધ પરિમાણવાળી વીસ સ્થાપત્યકૃતિઓ અસ્તિત્વમાં હતી. બ્રાહ્મણ શૈલીનાં એક મંદિરની સ્તંભાવલિઓ, મૂર્તિવિધાન ઇત્યાદિ ખાસ સુંદર હતાં. સને ૧૮૭૪માં જેમ્સ બર્જેસે આ સ્થળની મુલાકાત લીધી ત્યારે આ વીસમાંનાં ત્રણ કે ચાર સ્થાપત્યો જ અવશેષરૂપે હતાં. આજે અખંડિત દશાવાળો એક પણ અવશેષ જોવા મળતો નથી. ભાંગેલી સ્તંભાવલિઓ અને ભગ્ન મૂર્તિઓના માટીથી ઢંકાયેલા ઢગો ઉપરાંત વેરણછેરણ અવશેષો અહીંતહીં પડયા છે.

માવલથી આબુરોડ તરફ જતા રેલવે માર્ગે સેવાલણી નદીનો પૂલ આવે છે, ત્યાંથી ઈશાન ખૂણામાં થોડે દૂર ચંદ્રાવતીના આ અવશેષો વેરવિખેર પડયા છે. આજે તો એ અવશેષો નામમાત્ર રહ્યા છે, કારણકે સૈકાઓથી એનો ક્રમશઃ વિનાશ થઇ રહ્યો છે. પણ આટલા અવશેષો હજી ય જોવા મળે છે એ જેમ એક નવાઇની વાત છે, તેમ એ નગર કેટલું વિશાળ ને વિપુલ હશે તેની સાક્ષીરૂપ પણ છે. અમદાવાદનાં મુસ્લિમ સ્થાપત્યકાર્યો બાંધવા માટે મહમદ બેગડાએ આ પ્રાચીન ખંડેરોને ખાલી કર્યાં પછી પણ આસપાસના વિસ્તારના લોકો કૂવા વગેરેના ચણતર માટે અહીંથી ખેંચી શકાય એટલું બધું ખેંચી ગયા છે અને હજી આ ક્રિયા ચાલુ છે! મારી સાથેના સ્થાનિક ભાઇએ તાજેતરમાં બંધાવેલા એક કૂવા માટે આ પથ્થરોનો ઉપયોગ થયો હતો એ મને નજરોનજર બતાવ્યું. અરે! એક સ્થળે તો નદીતટની દિશામાં કૂવો નીચાણમાં હતો અને પાણીને કેટલાક અંતર સુધી ઊંચી સપાટીવાળું ઢાળિયું કરીને ઢાળ પડતું લઇ જવાનું હતું, ત્યાં એ અર્થે બનાવેલા કૃત્રિમ ધોરિયા નીચે ટેકણ તરીકે પણ ચડઊતર કદના મંદિરોના કોતરણીયુક્ત સ્તંભોના ખંડો વપરાયેલા મેં પ્રત્યક્ષ જોયા! અવશેષો નહિવત્ છે, તોપણ ઢળી પડેલાં મંદિરોના ઢગ જેવાં બારેક સ્થળોએ ખંડિત દીવાલો, સ્તંભો, તોરણો, મૂર્તિઓ વગેરે જોવા મળે છે. ૧૩મી સદીનો સંવત દર્શાવતી લેખ સાથેની એક પરિવેષની મૂર્તિ અમને મળી; પણ એ ખંડિત દશામાં હતી અને એનું કલાવિધાન પણ કાંઈક ઊતરતી કોટિનું હતું. અહીં રજપૂત અને રબારીઓનાં મળીને ત્રીસેક ઘરની વસતિવાળું નાનું ચડાવલી ગામ છે, એની પાછળ નજીકમાં આ અવશેષો એકત્રિત રૂપે જોવા મળે છે. જોકે છૂટાછવાયા અવશેષો તો માવલના સામા કિનારા પરના આવલ ગામ સુધી પણ નજરે ચડે છે.

ચડાવલી ગામથી વાયવ્ય કોણે ૧।-૧॥ માઈલ જેટલા અંતર પર બનાસ સાથે સેવાલણનો સંગમ થાય છે. નૈઋત્યવાહિની બનાસ અહીં પશ્ચિમવાહિની બનવા માટે જ્યાં વળાંક લે છે, બરાબર એ જ જગા પર પૂર્વ દિશામાંથી આવતી સેવાલણ પ્રથમ આગગાડીના

પૂલ પાસે જરા ઉપરવાસ ઉત્તર તરફનો ઝોક લઈ, અંતે પશ્ચિમવાહિની બનીને બનાસને મળે છે. મોટી બેન બનાસ પાસે પહોંચતાં પહેલાં એ બેત્રણ વળાંકો લઇ લે છે—જાણે કે પોતાના પ્રવાહને બને એટલો વધારે લંબાવી લેવાની વેતરણમાં પડી ન હોય! અંતે અવાજની જરાપણ જાહેરાત કર્યા વિના એ મુખ્ય પ્રવાહમાં ભળી જાય છે. ઘણીવાર બે નદીઓ મળે છે ત્યારે, મિલનનો ઠાઠ થયો હોય એમ, શાખાનદીના કિનારા ખૂબ ઊંચા થઈ જાય છે, તટ પહોળા બને છે અને કવચિત્ ઊંડા ધરા પણ રચાય છે. સાબરકાંઠાના ટોકરા ગામ પાસે હરણાવ જ્યારે સાબરમતીને મળે છે ત્યારે આવો જબરો ઠાઠ કરે છે. અરે! જેમાં વર્ષાઋતુ પૂરતું યે પાણી ટકતું નથી એવી નાની ડેભોલ નદી સપ્તેશ્વર (સાતેરા) પાસે સાબરમતીને મળે છે ત્યાં એનાં વાંધાં પણ ઊંચાં અને ઊંડાણવાળાં બને છે અને કિનારા તો જાણે સાબરમતીના કાંઠા સાથે હરીફાઈ કરતા ન હોય! જ્યારે અહીં તો મિલનની નરી સરલતાને, સંગમસ્થળ પાસેના પ્રવાહ વચ્ચે કાંઇક જૂથમાં તો ક્યાંક છૂટીછવાઇ પડેલી શિલાઓ પણ અંતરાય કરતી નથી. સઘળું સ્વાભાવિક જણાય છે, અને શિલાઓ પણ પ્રવાહ વચ્ચે બેસીને નિરીક્ષણની મોજ માણવા માટે નિસર્ગે રચેલા ચોતરાઓ જેવી જણાય છે.

સંગમની સામેની દિશાએ વિસ્તરેલી ગિરિમાળમાં ૨૦૨૦ ફૂટની ઊંચાઇવાળો રેડવો સર્વથી સમીપ છે અને પ્રદોષના ઢળતા ઓછાયા સરખા શામળા રંગે આનંદભૈરવ જેવો ભાસે છે. ઉત્તર તરફ કાંઇક પૂર્વના ઝોકે દૂર સુધી દેખાતી અર્બુદગિરિમાળ આકાશને વળગીને કોઇ લાંબું તોરણ લટકી રહ્યું હોય એવી શોભે છે. પણ ખરી સુંદરતા તો, બનાસ જ્યાં પશ્ચિમ વહને વહે છે એ દિશામાં ક્ષિતિજપરની બે પર્વતમાળની છે. એમાંનો કાંઈક નજીકનો તે ૨૭૫૫ ફૂટની ઊંચાઈવાળો ચોટીલો. એને ૨૫૦૨ વરતાઈ આવે એવી વિવિધ ચોટીઓ છે એટલે કદાચ એનું નામ આવું પડયું હશે. આ વિવિધ ચોટીઓ જાણે કે છત્રીઓની નાનીમોટી રાવટીઓ ઉઘાડીને ખાખીબાવાઓ ધૂણી ધખાવીને હારબંધ બેઠા હોય એવી લાગે છે. ધૂણીની ધૂમ્રાડાસેર જેવી એક આછી વાદળી પણ ઉપર લટકી રહી હતી. એથી થોડે દૂર ડાબે હાથે ૩૫૭૫ ફૂટની ઊંચાઈવાળો જયરાજ ઊર્ફે જાસોરો પર્વત છે. ચોટીલાની છત્રીહાર પાસે કોઇ ઉદ્દંડ પાદશાહના એકલવાયા વિશાળ તંબૂ જેવો એ સોહામણો લાગે છે. એ પરથી સોમનાથ ભાંગવા જતા હમ્મીર મહમ્મુદ ગઝનવીની લશ્કરી છાવણીના વિરાટ પડાવનો ઘડીભર ખયાલ આવ્યો. પરંતુ મહમ્મુદ તો ગયો હતો લૂણી અને સુકી નદીઓની ખીણમાં થઇને—ભાંગેલા ભિન્નમાળની બાજુએથી સીધો અણહિલપુર પાટણ. એટલે કલ્પના બીજે પાટે ચડી. ક્ષિતિજની સીમને આરે ભવાઇનો નાટારંભ મચ્યો હોય, અને એમાં ટેકરીઓની હારરૂપી પુરવધૂ પ્રેક્ષકોની વચ્ચે કોઈ ઝૂલણઝંડો દાખલ થઇને ઠેકતો હોય એવો જયરાજ શોભતો હતો. આગ, આબુથી જાસોરા સુધીની પૃથુલ પર્વતમાળ, કોઈ વિરાટ વણઝારાની પોઠોની કતાર ચાલતાં ચાલતાં માર્ગમાં થંભી ગઈ હોય એવી, બનાસની લાંબીસેરને લગભગ સમાંતરે પણ કાંઇક વક્રછટાએ વિસ્તરેલી છે.

જાસોરનો પર્વત પાલણપુરથી અઢાર માઈલના અંતર ઉપર છે. માઉન્ટ આબુની જેમ આને પણ હવાખાવાના સ્થળ તરીકે વિકસાવવાની શક્યતા વિચારાવી જોઇએ. ગુજરાતની સરહદોનો સંકોચ થવાનો ભય આજે ઉપસ્થિત થયો છે એવે સમયે પ્રજાજીવનની આજની તેમજ ભાવિ જરૂરિયાતો લક્ષમાં લઈને ગુજરાતના કયા કયા પર્વતપ્રદેશોને વસવાટ માટે વિકસાવી શકાય એની વિસ્તૃત તપાસ થવાની અગત્ય છે. મુંબઈ ગેઝેટિયરના લેખકે જાસોરને હવા ખાવાના સ્થળ તરીકે યોગ્ય માનેલો છે. જોકે ત્યાં પાણીની કાંઇક તંગી વરતાય છે એવી નોંધ પણ એણે કરી છે. (વૉ. ૫. પૃ; ૨૮૨) પરંતુ એન્જિઅરિંગ વિદ્યાના વધતા જતા વિકાસના આ જમાનામાં પાણીના સંઘરાની યોજનાઓ વિચારવાનું અઘરું ન પડે. કાંઈક ઘેરી ગણી શકાય એવી વૃક્ષરાજિથી છવાયેલા આ પર્વતની ટોચે વાંસનાં વન છે.

બનાસ-સેવાલણના સંગમસ્થળથી આશરે બે ખેતરવા જેટલે અંતરે સુકલી કે સુખડી નામની નાની નદી બનાસને મળે છે. એમાં પાણી કદાચ બારે માસ રહેતાં નહિ હોય, તોપણ વર્ષાઋતુ ક્યારની અટપાઇ ગઇ હોવા છતાં આજે એમાં ઠીક પ્રવાહ હતો. અને મુખ્ય નદીને મળતાં શાખાનદી આનંદ અનુભવતી હોય એમ એ હસન્મુખ જણાતો હતો. સંગમસ્થળને બરાબર સામે કાંઠે એક પુરાણું વટવૃક્ષ શાખારૂપી હસ્તવડે આ મિલનની મધુરતાને આશીર્વાદ આપતું હોય એમ ડાળીઓ લંબાવીને નદીવહેણની નજીક જળપર છાયા વિસ્તરે એ રીતે ઝૂકી રહ્યું હતું. અહીંથી થોડે દૂર પશ્ચિમ દિશાએ નદીના ઊંચા તટ ઉપર માવલ ગામ છે. ગામમાં દાખલ થતાં જ ભેંસનું એક મોટું ટોળું સામું મળ્યું, એથી વિચાર આવ્યો કે ગોપૂજાનો ગમે એટલો આગ્રહ રાખીએ તોપણ વિપુલ પ્રમાણમાં દૂધ-ઘી આપવાની શક્તિને લીધે ભેંસ ગામડાના અર્થતંત્ર માટે અનિવાર્યરીતે ઉપયોગી પ્રાણી છે. જે બનાસકાંઠાના રબારીઓ ખાસ ગાયોના ઉછેર માટે પ્રખ્યાત છે એવા પ્રદેશમાં પણ ખેડૂતને આંગણે ભેંસનાં સહજ દર્શન થાય એનું કારણ એ કે વ્યક્તિગત કૃષિકારના ઘરના અર્થતંત્રની સમતુલા જાળવવામાં એ મદદગાર છે.

માલવગામની વસતિ વિવિધ કોમોની છે, તોપણ આજે એકઠો થયેલો એક મોટો સમુદાય કીર લોકોનો હતો. માળીની જાતના આ લોકોનો મુખ્ય ધંધો બનાસતળમાં શાકભાજીનું વાવેતર કરવાનો છે. પૈસેટકે આ કોમ મુકાબલે સુખી હોય એમ જણાય છે. એક લગ્નસમારંભની પૂર્વતૈયારી રૂપે સગાંવહાલાંનો સમુદાય ભેગો થયો હતો, એમાં વણનોતર્યા મહેમાન તરીકે અમે પણ ભળી ગયા. લગભગ ૬૦-૬૫ પુરુષો વરના ઘરના વિશાળ ચોકમાં માથે લાલ પાઘડીઓ અને કાઠિયાવાડી ખેડૂતનાં કેડિયાંને મળતાં કસવાળાં કેડિયાં પહેરીને—જાણે બધા ગણવેશમાં હોય એ રીતે એકસરખું વસ્ત્રપરિધાન કરીને—બેઠા હતા. બધા જ ખાટલે ચડીને ખીચોખીચ બેઠા હતા, એમાંથી અમારે માટે ખાટલો કોણ ખાલી કરે? અમે થોડો વખત ઊભા રહીને ભોંયે ઝુકાવવાની તજવીજ કરતા હતા, એટલામાં વરના બાપ તથા કાકાએ ઊભા થઇને અમને ખાટલે બેસાડયા. હોળીના દિવસોમાં રંગછાંટણાં થાય છે એમ આ સર્વનાં કેડિયાં પર જાંબુડી રંગનો તાજો છંટકાવ થયેલો હતો. ચોગાનમાં સ્ત્રીઓનો લગભગ એટલી જ મોટી સંખ્યાનો સમુદાય લાંબે લહેકે લગ્નગીતો ગાતો હતો. થોડી વાર પછી આ સર્વ સમુદાય રામદેજીના સ્થાનકે જવા માટે સરઘસાકારે નીકળ્યો ત્યારે મને ખ્યાલ આવ્યો કે કાઠિયાવાડી ખેડૂત અને કીરલોકોના વેશમાં એટલો ફરક હતો કે કેડિયાં નીચે આ લોકો થેપાડું પહેરે છે, જ્યારે કાઠિયાવાડમાં ખેડૂતો ઘણુંખરું ચોરણો પહેરે છે. લાલ પાઘડીઓ તો ઉત્સવ પ્રસંગે સર્વત્ર એકધારી રીતે વપરાય છે. આમાંના કોઇકોઈ પુરુષો—ખાસ કરીને વૃદ્ધો—દાઢીવાળા હતા. સ્ત્રી પુરુષોના આ ફૂલેકાને મળતા સરઘસને માટે 'વાનોળું' નામનો વિશિષ્ટ શબ્દ અહીં વપરાય છે. विन्द–कुलम् ઉપરથી આ શબ્દ વ્યુત્પન્ન કરી શકાય. જેમકે પંચકુલ પરથી પંચોળી. મારવાડી–રાજસ્થાની બોલીમાં વરરાજાને માટે बिन्द કે लिन्द શબ્દ (જુઓ પૃ. ૧૨૬ને છેડે)



માં ખડી કરી દીધી! ગરબા, રાસ, ગીતો, અને ઘણુંઘણું કરી 'જય જય ગરવી ગુજરાત' કીધું.

આ પ્રસંગે, ચન્દ્રકાન્ત ત્રિવેદીને ત્યાં ગામદેવીમાં પાંચેક વર્ષો પહેલાં થએલી ઓળખાણવાળા સંગીતજ્ઞ ને સેવાભાવી મિત્ર રમણિક સુખડિયાને મદદમાં લઇ 'જય જય ગરવી ગુજરાત'ને માઢમાંથી કાઢી વાઘેશ્વરીમાં ઉતાર્યું, અને મનહરરામ મહેતા રાતાપીળા થઇ ગયા!

ગીતોને બંધબેસતા ઢાળોમાં કે રાગમાં બેસાડવાની રમણિકને સારી સમજ. એથી તો એણે અને ભગવાનલાલ ગાંધીએ મળી 'અખા' જેવા શુષ્ક કહેવાતા કવિનાં ગીતોને પણ કેટલી સુંદરરીતે બેસાડયાં હતાં! 'નર્મદ રંગલીલા'ની શરૂઆતમાં, ગુજરાતને બહ-

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

હવે વચ્ચેના નાના નાટ્યપ્રયાસો જતા કરી કેટલાક અગત્યના પ્રસંગો જ જોઈ લઇએ. એ દિવસોમાં ધારાસભામાં સરકાર કંઈ પગલાં ભરવા ન માગતી હોય ત્યારે 'ડીલેઇંગ ટૅકટિક્સ'નો અ-જાણપણે ઉપયોગ કરી કમિટી, સિલેક્ટ કમિટી, ઈન્કવાયરી બોર્ડ વગેરેની ભૂલભુલામણીમાં બિલને નાખી દે, તે વર્ષોનાં વર્ષો સુધી વાત અટવાયા જ કરે. એ બ્રિટિશ રાજરમત ઉપરથી 'ધારાસભા'-નો કટાક્ષ-કિસ્સો યોજ્યો, અને તે નિશાળોમાં ઠીકઠીક ચાલ્યો.

૧૯૨૭ ૨૮ દરમ્યાન મુનશીજીની મહેરબાની મારા પર ઊતરવા માંડી હતી. આમ તો અમે ભટકાયા જ નહોતા. હું જ એટમાં એ-મનાથી જાણી જોઇને અળગો રહેતો. કોઇએ મારા મનમાં ભય ભેર-વેલો કે મુનશી તો એની આસપાસ પોતાનું મંડળ ઊભું કરે છે, એટલે હું મળવાના મોકા આવે તે પણ જતા કરતો. એમના મા-સિક 'ગુજરાત'માં મારી વાર્તા-કવિતા છપાતી, નાટકોમાં પણ મને એમણે જોએલો, એટલે ઓળખે તો ખરા. એક દિવસ ઠાકુરદ્વાર પર એમની ચિઠ્ઠી આવી, પણ તે દિવસે બહાનું કાઢી હું ગયો નહિ. વળી ત્યારે બળવંતરાયની પણ મારા પર અસર. એટલે મુનશી માટે મૂળથી જ મેં સૂગ કેળવી હતી, અને એમાં મારી જ છોકરવાદી હતી.

પણ મુનશી કંઇ છોડે કે? પાછું નોતરું આવ્યું અને અમે મળ્યા. પછી તો લીલાબહેને ભારેની તારીફ કરી, ફુલાવ્યો, અને 'એકાદું સરસ નાટક તમે અમને આપો, યા વાંચી સંભળાવો', એવી સૂચના થતાં આ ફૂલણજી, એવામાં તાજું જ લખેલું 'આરાધના' નાટક લઈ નેપિયન સી રોડને એમને બંગલે વાંચવા દોડયા! મારાં તે વખત-નાં કાચાં લખાણોથી હું કેવોક તો અણઘડ લાગ્યો હોઈશ!

પછી તો ઓળખાણ જામવા માંડી અને ખબરદારનો ઉત્સવ ઊજવવામાં અમે પડયા. ત્યારે સંસદ તરફથી 'અદલિકા' નામથી એમનાં જ ગીતોમાંથી એક ગીત-ઉત્સવ યોજ્યો. તેમાં ખબરદારનું—

મઘમઘ કરતો મોગરો અને થાળી જેવડાં ફૂલ,
આવ રે મારા ગરાસિયા તારી પાઘે બાંધું ઝૂલ:

એ સંવાદગીત સુંદર નૃત્યમાં યોજી ત્રણ જોડી બનાવી, એમાં નાનકડા ગિરીશ મુનશીએ અને એની સાથેની ટચુકડી માલવિકાએ સૌનાં મન બહલાવી દીધાં.

વચગાળે બીજા બે પ્રયોગ કર્યા, તે જરા પછી જોઇએ. પહેલાં આ સંસદના આશરાને આટોપી લઇએ. ખબરદાર પ્રસંગે હું તખ્તા પર ઊતરેલો નહિ. પણ ત્રણેક વરસ પછી જેલમાં બેઠેલા મુનશી-એ 'નર્મદશતાબ્દી' ઊજવવાનો ફતવો કાઢયો, ત્યારે એ સમારંભમાં નર્મદ જેવો જ વેષ ધરી સૂત્રધાર તરીકે હું ઊતર્યો, અને બે ત્રણ કન્યા ઉતારવાની હિંમત ઉપરથી એકસો સ્ત્રીઓને ઓપેરા-હાઉસ લાવતા દૃશ્યમાં એકેક ટોળી એકેક કડી ગાતી પ્રવેશતી જાય એ આસાનીથી ગૌરવભરીરીતે શરૂ થતા એ દૃશ્યમાં 'જય જય ગર[વી] ગુજરાત'નો વાઘેશ્વરીમાં એવો સરસ ઉઠાવ થતો હતો કે બધા[ને] ગીત પસંદ આવ્યું. ગવડાવનાર મધુરિકા મહેતા અને પ્રતિમા ધ્રુવને પણ ગમ્યું. એમાં રમણિકે ખૂબીથી એક 'જય' વધારી 'જય જય જય ગરવી' માત્રા મેળવવા કર્યું હતું. એ છૂટ પણ દીપી નીકળતી. પણ એમાં મનહરરામજી ખફા થઈ ગયા! નાટકવિકાસની ચર્ચામાં આ મુદ્દો જરા અગત્યનો હોઈ આપણે અહીં ચર્ચી લઇએ તો ઠીક.

સદારંગ તાનસેન જેવાની બાંધી મૂકેલી ઉસ્તાદી ચીજ અમુક જ રાગ માટે યોજેલી હોય છે, તે બરાબર છે; ગાયકને ગાવી ફાવે તે પણ બરાબર છે. પણ ગીત યા કાવ્ય કવિત્વના મૂળ સાથે સ-જાય છે. એને સંગીતના વિધવિધ શણગારો સજાવવામાં જૂજવા પ્રયત્નો કરવામાં આવે તો કશો બાધ નથી. બલ્કે એવા પ્રયોગો પ્રમાણસર કરવા પણ જોઇએ દાખલા તરીકે 'રાજા તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર રે', એ કંઈ સંગીતની બાંધેલી અસલી ચીઝ નથી. છતાં કુશળ ગાયક—પં૦ નારાયણ ખરે કે પંડિત ઓમકારનાથ એને ભિન્ન ભિન્ન રીતે ગાઈ એમાંથી આગવી રસનિષ્પત્તિ કરે છે.

બીજો દાખલો 'વન્દેમાતરમ્'નો જ લો. ઓમકારનાથ, માસ્તર કૃષ્ણા અને હીરાબાઈ બરોડેકર ઉપરાંત બીજા પણ જુદીજુદી રીતે ગાનારા હશે. મુરબ્બી મનહરરામે બહુ કડક ટીકાઓ કરી. ભલે કરી; પણ સંગીતમાં બરાબર બંધાએલાં નહિ એવાં અનેક ગીતો ગુજરાતી ગીતકાવ્યોમાં હોવાને લઇને હું બાપોકાર કરીને કહું છું કે આપણે

(૧) એક જ્વાલ જલે તુજ નેનનમાં,
(૨) અંધારી રાતના ડુંગર ડોલે,
(૩) મઢુલી મજાની પેલે તીર,
(૪) ઝીણા ઝરમર વરસે મેહ,
(૫) ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા
(૬) મોરલા રે...

વગેરે કંઇક સારાં કાવ્યગીતોને જુદાજુદા રાગમાં બેસાડી અખતરા-ઓ કરવા જ જોઇશે, જરૂર કરવા પડશે.

'જય જય જય ગરવી ગુજરાત,' ઊપડયું ધીમી ગતિએ, પણ પછી તો તખ્તા પર રંગબેરંગી બહેનોનો મેળો જામતાં ગીતની આખરમાં તો પ્રેક્ષકવર્ગ તેની પકડમાં જ આવી ગયો. આ યોજ-નામાં પણ નર્મદીય વસ્તુ જ મોખરે રાખીને અમે આગળ ચાલ્યા હતા. અને હોવું પણ એમ જ જોઇએ: જેનાં લગ્ન તેનાં ગીત!

એમાં નર્મદનું એક 'નાહોલિયા'નું ગીત બહુ જામેલું. અને છેવટ-ના ભાગમાં નર્મદના લખાણ ઉપરથી ઉપજાવેલો અંબા શેઠાણી અને

તાપીદાસ શેઠનો કિસ્સો તો ભારે હસાહસનો દેખાવ થઈ પડ્યો હતો. અલબત્ત, એમાં પણ ચર્ચા જાગી, અને બાયલા જેવા તાપીદાસ તોરદોરવાળી અંબા શેઠાણીને દોરો બાંધવા જાય છે, અને પછી હતાશ થઇ પાછા આવે છે ત્યારે એને વળાવવા જવા, અને પાછા સત્કારવા જવા સનત, ધનસુખલાલ અને શયદા ઉપરાંત બીજાઓએ,ત્યાં કોઈના મરણના ખબર આપતાં,જૂના રિવાજ પ્રમાણે કૂટવું તો જોઇએ જ, અને નક્કર નર્મદીય વિચારે વિફરેલી અંબા શેઠાણીએ ના પાડતાં, આખરે કટાક્ષ માં કરી શેઠશ્રી પાંચ તાપીદાસે જ્યારે મરનારના માનમાં જાતે જ કૂટવાનું ફરમાન કાઢ્યું અને બધા કૂટવા ઊભા થઈ કૂટ્યા, ત્યારે તો ધનસુખલાલની ભાષામાં કહીએ તો 'ઓ—હો' થઈ ગયું.

પણ 'તખ્તા પર કુટાય જ કેમ', એવો ભયંકર વિરોધવંટોળ જાગ્યો. છાજિયાં, અને તે ગરદો લે? ખરેખર, કટાક્ષ પૅરડી વગેરેને રંગભૂમિ પર સ્થાન જ નહિ? ચાર દિવસ રહી નર્મદરંગલીલા પાછી ભજવાવાની હતી ત્યારે, 'જો પાછા કોઈ કૂટવા ચડ્યા છે તો કાંકરા મારીશું' એવું નક્કી કરી એક ટોળી ખાસ ખૂણે ગોઠવાઈ ગઇ હતી.

મારા મગજમાં ત્યારે ડેનાર્શાન ડાન્સર્સનો કિસ્સો તરવરતો હતો. ઑડીઅન્સ કંઇ જેવુંતેવું નહોતું. સર હરસિદ્ધભાઈ દિવેટિયા અને દી. બ. ઝવેરી તો હતા જ. પરદો ઊપડતાં પહેલાં હાથમાં નર્મદની લખેલી ચોપડી લઇ મેં ઑડીઅન્સ આગળ બે ફકરા વાંચી સંભળાવ્યા. કહ્યું : 'નર્મદ કહે છે વિધવાઓના વાળ કાપવા નહિ જોઇએ. મૂઆ પાછળ કૂટવું નહિ જોઇએ, એની ઠેકડી કરનારાં દૃશ્યોમાં એણે જ આમ લખ્યું છે. આ રહી નર્મદ ગદ્યાવલિ, વાંચો. આવું અજ્ઞાન દૂર કરવાને તો આખી શતાબ્દી આવશ્યક છે. સોએ વર્ષે કૂટવાના રિવાજની ઠેકડી કરીએ તે તમે નહિ કરવા દો? એ દૃશ્ય ભજવાશેઃ ચાર દિવસ પર ભજવાયું હતું તેમજ. મારી વિનંતી એટલી જ છે કે જે ભાઇઓને તોફાન કરવું હોય તે, દેખાવ પૂરો થયા પછી કરે. અમે અંક પૂરો થયા પછી અહીં હાજર થઈશું.

મારા મનમાં કે આ ભાષણ પછી કંઈ ઠીક તાળીઓ પડશે. પણ કંઈ જ નહિ! ખિસિયાણા થઈ મેં તો અંદર જઇ પરદો ઉપડાવ્યો. ત્યાં અંદર બે જણ આવ્યા. મને કહે, 'બોલ, જે ચૂંચાં કરે તેને ઊચકીને આખા ને આખા બહાર ફેંકી દઇએ!' 'ધનસુખલાલ કહે, 'જુઓ તો ખરા; પડશે તેવા દેવાશે. હમણાં તો મુકાવો.'

ખેલ ચાલ્યો, બરાબર ચાલ્યો. પહેલો બીજો અંક પૂરા થઇ ગયા. પ્રેક્ષકો તો જરા ય ચસે નહિ. છેલ્લો પ્રસંગ આવ્યો. બાયાબાઇ તાપીદાસ શેઠે ઢીલાશ અને પોલાશથી સુરતી જબાનમાં 'કાં ચાઇલા' કહી લહેકાવ્યું. સરલા દેસાઈ—'અખા'ની જમના, 'મૂંગી સ્ત્રી'ની ધન—ઠસ્સાથી, તોર દમામથી, રૉફ રૂઆબથી પેપાભાઈ ધણીને ડારતી આવી. શેઠના દોરતો પણ શેઠાણીનો તાપ જોઈ ડઘાઇ ગયા, અને એના જવા કેડે શેઠને ચઢાવવા મંડ્યા: 'અરે સું તાપીદાસભાઇ, એમ હારી સું ખાઓ છ? આપડે મરદ જાત! સાલી એણે બંગડી પેડી કે આપડે? જરા ચમકાડો બટાવોની, કે સીધી પાર!' ત્યાં તો અંબા પાછાં પધાર્યાં, જરા વધારે મિજાજમાં. ત્યાં તો પેલો સનાતનનો તાર આઇવો રાજ્જા! અને વરએંચરની જામી બરાબરની. પછી તો નર્મદના લખાણે બહેકી છકી ગએલી વિફરેલી અંબા શેઠાણી કૂટવા કરવાનું પડતું મૂકી ચાલી ગઈ, અને શેરસટ્ટાના જીવડાઓએ પિછોડીથી કમ્મર કસીને મૂકી પોક, મરનારના નામની, અંબા શેઠાણીના નામની. ત્યાં તો વાઘણ જેવી તરાપ મારી એ પાછી આવી અને 'મને સાના રૂઓ છ, હું તો આ બેઠી છ, જીવતી જગ જેવી' કહી પાછી ફરી. અને પછી શેઠિયાઓએ જે છાતીફાટ લહેકાવી લંબાવીને કૂટ્યું છે, ઊછળીઊછળી જે છાજિયાં લીધાં છે, અને પછી ચક્લીમાં ધનસુખલાલે જે મરશિયો ગવડાવ્યો છે, તે ઑડીઅન્સ તો ખુરશીમાં સમાય નહિ! લોકો ઊભા થઇથઇને તાળીઓ પાડે, એટલું જ નહિ પણ કાંકરા મારવા આવેલાના હાથમાંના કાંકરા તો ભોંય પડી ગયા, પણ બૂમો પાડીને એ જ લોકોએ વન્સમોર બોલાવ્યો, અને છાજિયાં ફરીથી લેવાં પડ્યાં એટલી રંગત જામી!

જોનારાઓ કહે છે કે થોડાં વર્ષો પછી ધનસુખલાલ મહેતાના વનપ્રવેશ વખતે હાસ્યરસિક લેખકોની કૃતિઓમાંથી એક સળંગ વણેલી રંગલીલામાં આ જ પ્રસંગ પાછો ભજવતાં એટલો એ ટુકડો અસલની રોનક અને લિજ્જતથી ભજવાયો નહોતો.

હવે આગળ સૂચવેલા પેલા બીજા બે પ્રયોગો પર નજર નાખી નાટકો પર પરદો પાડીએ. 'નર્મદ રંગલીલા' પહેલાંના એ પ્રયોગોમાં એક ટાગોરનું 'પોસ્ટ ઑફિસ—ડાક ઘર', અને બીજું 'રમકડાંની દુકાન.' 'ડાક ઘર'માં મારો કંઈ જ ફાળો નહિ. ફેલોશિપ નિશાળના બાબુ પુલિનબિહારી દત્તની જ એ રચના. ગુજરાતી સ્વાંગ જોઇએ તેટલો સારો ન મળતાં અમે જાતે જ તૈયાર કરાવ્યો. એમાં કવિ સુન્દરમ્ અને હું. ઠીક દોસ્તી થઇ. બંને નિશાળમાં સાથે કામ કરતા એટલે.

પુલિનબાબુ ચિત્રકાર. પણ બંગાળમાં તો જેમ વૈદ્ય પણ કવિરાજ, તેમ નાટકકાર પણ કવિ કે ચિત્રકારથી જુદો ન ગણાય એવી પરંપરા, એટલે એમને તખ્તાનું સારું ભાન. તેમાં શાંતિનિકેતનની શૈલી, એટલે એ એક નવો અનુભવ થતો હતો.

દત્ત બાબુએ મુખ્ય પાત્ર અમલ પર બહુ મહેનત કરી હતી અને શીલાવતી દરૂના ચિરંજીવી સુશીલ દરૂએ પણ ભારે રસથી એ પાઠ ભજવ્યો હતો. મને તો દત્ત બાબુએ છેવટના મોટા વૈદરાજ બનાવ્યા હતા, અને મારી આગળ રાજાજીની ટપાલ લાવનાર સંદેશવાહક તરીકે કવિ ત્રિભુવનદાસ લુહાર—સુન્દરમ્ને બનાવ્યા હતા.

ભાઈ, દર વખત આપણે જ બધામાં એક્કા બની મુખ્ય પાઠ લઈ નાટક કરીએ એ પણ ખોટું. કોઈ બીજું લાયક જણ કરતું હોય તો એને અનુકૂળ થઇ એ જે કહે તે પાઠ કરવામાં પણ ઘણું જાણવા-શીખવાનું મળે છે. દત્તબાબુ સાથેના આ પ્રસંગમાં મને તો ઘણું શીખવાનું મળ્યું. આખી ટાગોર શૈલી જ શાંત કરુણ રસની શૈલી છે અને એમાં યે એનાં સૌ નાટકોમાંનું મારે મન ભજવવા માટે સૌથી ઉત્તમ 'ડાકઘર' તો ધીમેધીમે કારુણિકાની પથરાતી છાયાવાળી કૃતિ. એને ઘટિત વસ્ત્ર વિધાનમાં અને સમુચિત પ્રકાશવિધાનમાં દત્તે કુશળ ચિત્રકારની કલા દાખવી હતી. ટાગોરનાં બે જ મૂળ ગીતોને બાઉલ ઢબમાં રાખી વાતાવરણ પણ સારું જમાવ્યું હતું. હા, એટલું જ કે એ જોતાં લોકોને દુઃખ થયું, અને નિશાળનાં નાનાં છોકરાંઓ રડ્યાં. પણ એ તો શું થાય? રાજાજીનો કાગળ કંઈ એમ મેળવાય છે?

પરદાની સાદાઇ અને બુદ્ધિપુરઃસરનો પ્રકાશ, એ બે વડે કૃતિને કેમ બહલાવી શકાય છે એ આ પ્રયોગે સિદ્ધ કરી આપ્યું. ઝાકઝમાળ અને ધાંટાઘાંટથી ટેવાયેલા આપણા પ્રેક્ષકોને પણ આ અતિ કરુણ નાટક ગમ્યું. ઠેઠ ગંગાપુરથી અને પછી વલસાડથી મારા બાપુજી મુંબાઇ નાટક જોવા આવતા, તે એક સાંજ મુંબાઈમાં હતા, એટલે એમની ગેઇટીની મિત્રમંડળીને પણ અમે આ નાટક જોવા લઇ ગયા હતા. હું ઊતરેલો એટલે મારા બાપુજીને તો ગમે, પણ બીજાઓને પણ આ કૃતિ ઘણી ગમી હતી. દુઃખની વાત એટલી જ છે કે ત્યાર પછી એ જ નિશાળે, અને બીજી પણ કંઈકંઈ નિશાળે, સાલબર નાટકો કર્યાં, પણ એકાદ બે અપવાદ સિવાય એવી કલામય મનોરમ કૃતિઓ

હાથ ધરવાનાં સાહસો ભાગ્યે જ થયાં હશે.

હસ્તબાબુની એ ઓળખાણ મને ઠીક ફળી. પાવલોવાની વાત તો મેં આગળ ઉપર લખી જ છે. મારા બાપુજીના દોસ્તના ચિરંજીવી ભાસ્કર યોધ વડોદરા કૅમ્પની નિશાળમાં એક બે ચોપડી મારાથી આગળ, અને ત્યારની ઓળખાણ ધીમેધીમે સારી દોસ્તીમાં પરિણમેલી. એ મારી માફક ઠોઠ નહિ, પણ પોતાની મેળે સારું ભણીગણી ડૉક્ટર થઈ ઘરસંસાર પણ માંડી સુખી રોટલો કમાતા હતા. પરણ્યા સૌજન્યમૂર્તિ કેશવલાલ ધ્રુવસાહેબની સેવાભાવી પુત્રીને, એમ મારા સંબંધમાં તો દૂધમાં સાકર ભળી. એમને પહેલું પુત્રીરત્ન ૧૯૨૭માં સાંપડ્યું. એના પર મને બહુ મમતા. માબાપે પણ એને કેળવવામાં કંઈ મણા રાખી નહિ. પરિણામે એણે નૃત્યકલાની સાધના શરૂ કરેલી. એ દીકરી જેવી છોકરીએ મને એક નાટક લખવા પ્રેર્યો. પાવલોવાએ જાદુઈ ઢીંગલીનો અતિ સુંદર નાચ યોજેલો, એ મને બરાબર યાદ, એટલે, મેં એવા જ બીબા પર 'રમકડાંની દુકાન' ગોઠવી.

દુકાનદાર બનાવ્યો એક હુસેનચાચા; અને મૉન્ટેસોરી વિભાગનાં નાનાં બચુકલાંઓને પુલિનબાબુના ભાઈ રવીન્દ્ર દત્તે સજાવી શણગારી જીવતાં છતાં પૂતળાં જેવાં ઢગી- ઢબુ, બબલી–બબલા બનાવી મૂક્યાં. બચ્ચાંઓના માનીતા જમુ દાણીને બનાવ્યા માલેતુજાર ઘરાક, અને મેધા યોધને બનાવી જાદુઈ ઢીંગલી. બેત્રણ ગીતો. એમાં એ મેધા કંઈ અદાથી નાચી છે!

રૉયલ ઑપેરા હાઉસમાં લગભગ સો ઉપરાંત છોકરાંઓ અને ન્યૂ ઈરાના શિક્ષકો સાથે એ નાટક ભજવ્યું. હુસેનચાચા રમકડાંની દુકાન ગોઠવે; ત્યાં ઘરાક છોકરા માટે રમકડાં લેવા આવે; બચ્ચું તો પેલી 'જાદુઈ ઢીંગલી' જ માંગે; અને મધરાતે એ ઢીંગલી બધાં રમકડાંને સજીવન કરી નૃત્ય કરે. આખરે હુસેનચાચા તો ગામનાં છોકરાંઓને દુકાન લુટાવી હજ કરવા ઊપડે છે. વાત છે તો નાની, પણ નાનાં બાળકોને ગમી જાય એવી છે. એ નાટક ભજવવામાં રવીન્દ્ર દત્તે પણ સરસ રંગવિધાન કરી બતાવ્યું. બે વાર એ નાટક અમે ભજવ્યું, અને થોડા દિવસભર તો અમે બધા જ બાળકો થઈ રહ્યા. જાદુઈ ઢીંગલી મેધાએ એના કસબની કંઈક ખૂબીઓ બતાવી લોકો મુગ્ધ કરી દીધાં.

સુભાષિત

(ઉપજાતિ)

वासः प्रधानं खलु योग्यतायाः
वासो विहीनं विजहाति लक्ष्मीः।
पीतांबरं वीक्ष्य ददौ स्वपुत्रीं
दिगंबरं वीक्ष्य विषं समुद्रः॥

અનુવાદ

સુવસ્ત્ર છે ચિહ્ન જ યોગ્યતાનું,
લક્ષ્મી કદી ના વરતી અવસ્ત્રને;
આપી સ્વપુત્રી હરિને સમુદ્રે,
ને ઝેર આપ્યું શિવ જોઈ નાગા.

[વિવરણ : આપણામાં કહેવત છે કે 'એક નૂર આદમી, હઝાર નૂર કપડાં.' ઇંગ્લંડના મહાન નાટકકાર શેક્સપિયરે પણ કહ્યું છે કે Apperal oft proclaims the man. અર્થાત્ ઘણુંખરું કપડાં ઉપરથી જ માણસ કેવો છે તે જાણી શકાય છે. સારાં અને સ્વચ્છ કપડાંથી માણસની છાપ સમાજમાં સારી પડે છે એમાં શંકા નથી. શેક્સપિયર oft (ઘણુંખરું) શબ્દ વાપરે છે એ બહુ સૂચક છે. કહેવતો અનુભવ ઉપરથી પડેલી હોય છે. પરંતુ અનુભવો એકસરખા હોતા નથી, એટલે એ મોટે ભાગે સત્ય છતાં એમાં અપવાદ પણ હોય છે. મેલાં કપડાંમાં સંત પણ હોય છે અને સારાં કપડાંમાં ઠગ પણ હોય છે. પણ એ અપવાદ ગણાય. વીતરાગ સાધુપુરુષને આ વાત બંધ ન બેસે તે ખરું છે; પણ દુનિયાનો મોટો ભાગ સંસારી છે, અને સંસારીને માટે આ અનુભવવાક્ય સત્ય છે. જૂના વખતમાં તો જે દેશમાં જવું હોય ત્યાંના જેવાં કપડાં પહેરવાં પડતાં. આપણે કોટ-પાટલૂન પહેર્યાં; એનું એક વખતે માન હતું: આજે ખાદીનું માન છે. યુરોપીય મુસાફરો મુઘલ દરબારમાં આવતા ત્યારે હિંદી પોશાક પહેરતા. આમ, કપડાંમાં હમેશાં સમય પ્રમાણે ફેરફાર થતા રહ્યા છે. એટલે ગમે તે કપડાં હોય પણ તે સાદાં ને સ્વચ્છ હોય એ ઉપરથી માણસની કીમત થાય છે. જૂના અસ્થિર વખતમાં એવું પણ બનતું કે પોતાની સંપત્તિ છુપાવવા વેપારીઓ ખરાબ કપડાં પહેરતા. (આજે જેમ ઇન્કમટૅક્સ ઑફિસે જતાં વેપારીઓ ફાટેલાં ને મેલાંઘેલાં કપડાં પહેરે છે તેમ), છતાં એ જમાનો ગયો છે ને કપડાંમાં સમાનતા આવતી જાય છે.–**ર. બી.**]

વચગાળે ૧૯૩૦ની શરૂઆતમાં એક અનન્ય પ્રસંગ સાંપડ્યો. ટાગોરનો સિત્તેર વર્ષનો ઉત્સવ ઊજવવાનો હતો. એમાં હાજર રહેવા મેં નક્કી કર્યું. કેટલીક સંસ્થાઓ તરફથી ગુજરાતના પ્રતિનિધિ તરીકે, (પણ મારે ખર્ચે જ) જવાનું ગોઠવવામાં આવ્યું.

નસીબનો સિતારો જરા ચઢતો હતો. ઊતરવાનું સુભાષચન્દ્ર બોઝને ત્યાં નક્કી હતું. કાલિદાસ નાગે મુંબાઈ આવી નિમંત્રણ આપ્યાં હતાં. એમને હું ઓળખતો. ચાંપશીભાઈ તો હતા જ. કલકત્તા પહોંચતાં ખબર પડી કે સુભાષબાબુ મુંબાઈ જવા નીકળ્યા છે. પણ એમણે મારી ઊતરવાની વ્યવસ્થા બાલીગંજમાં સત્યેન્દ્રનાથ ટાગોરને ત્યાં કરી હતી. એમને આરસનો સોહામણો બંગલો મુલાયમ શૈલીથી બાંધ્યો હતો. એમની બેત્રણ દીકરીઓ ટાગોર મહોત્સવનાં નાટકોમાં, ગીતોત્સવોમાં ભાગ લેતી હતી, એટલે મને તો ખૂબ મઝા પડી ગઈ. ગુજરાતની બીજી ટોળીમાં અમદાવાદના કરુણાશંકર માસ્તર હતા. એમાં કેશવલાલ ધ્રુવસાહેબના પુત્ર વિલોચન ધ્રુવ પણ હતા.

અનેરો અને ભવ્ય એ સમારંભ હતો. સર રાધાકૃષ્ણ પહેલે દિવસે પ્રમુખ હતા. કંઈક પંડિતો, કંઈક વાઈસ ચાન્સેલરો, કંઈક વિદ્વાનો બધા જ હાજર હતા. ટાગોરની તબિયત બરાબર નહોતી, છતાં એ પધાર્યા હતા. રાધાકૃષ્ણ ફક્ત દસ જ મિનિટ બોલી સભા પૂરી કરવાના હતા, છતાં અમે સૌ એક અનેરો સમારંભ જોવા હાજર રહ્યા હતા.

સર જગદીશચન્દ્રે શરૂઆતમાં દરખાસ્ત મૂકી ટૂંકું પ્રવચન કર્યું. પછી રાધાકૃષ્ણે દસ જ મિનિટના બંધનને ધ્યાનમાં રાખી, (એ કહી સંભળાવી) ગૌરવથી, શાંતિથી, ઠાવકાઈથી, ધીમેધીમે બાનીને ખીલવીને સહૃદયતાથી, મક્કમતાથી જબાનની જે ભુરકી જમાવવા માંડી, તે એમાં આખો શ્રોતાવર્ગ એવો તો લીન થઈને મંત્રમુગ્ધ બની અવાક બની ગયો, કે પૂરા દોઢ કલાકે, જ્યારે દસ મિનિટ કરતાં વધારે થવા બદલ રાધાકૃષ્ણે માફી માગી પોતાની બેઠક લીધી, ત્યારે જ ભાનમાં આવ્યો અને સમયની જાણ થઈ! અદ્ભુત એ દિવસનું એમનું પ્રવચન હતું. ટાગોર પણ શાંત ચિત્તે બેસી રહ્યા હતા. એ મહાકવિ ત્યાંથી પહેલા ઊભા થઈ જવા નીકળ્યા, ત્યારે વીજળીવેગે આખા સભામંડપે ઊભા થઈ એમને

જતા વધાવ્યા, હૃદયભરી અંજલિઓ આપી.

ત્યાં ત્યારે લાઉડસ્પીકરની ગરબડ નહોતી. નાનો, પણ ખાસ નિમંત્રેલા વિદ્વાનો તથા પ્રતિનિધિઓથી ભરચક એ ખંડ ભવ્ય લાગતો હતો. ટાગોરનું આવવું અને જવું બંને લાક્ષણિક હતાં. સંપૂર્ણ ગૌરવથી એ સમારંભ પૂરો થયો, અને બીજે દિવસે બહાર વિશાળ મંડપમાં, ખાસ બનાવેલી વ્યાસપીઠ ઉપર, કોઇ ભવ્ય ઋષિમુનિને શોભે એવી અદા અને અદબથી કવિવરે સૌનો આભાર માન્યો: આમાર જીબન-શંધ્યા શમયે આપ સૌએ 'એઈ શોન્માન' દેઇ મને 'ભાગ્ગશાળી' બનાવ્યો એ વિશે સૂચન કરી કવિવરે નિજ મધુર સુકોમલ હૃદયંગમ ભાવવાહી વાણીમાં નવીન યુગના અનેરા દીપ્તિમય જાજ્વલ્યમાન જ્યોતિર્મય ભાવિના વિધવિધ રંગો એવી તો સુરેખ શબ્દાવલીમાં આલેખી બતાવ્યા કે તે દિવસની સન્ધ્યા સર્વકાલને માટે ધન્ય થઈ ગઈ, એને ઝાંખપ આવતી અટકી ગઇ, એને સદાની સંજીવની મળી ગઈ.

ધીરગંભીર નાટકમાં હળવો રસ પણ આવશ્યક છે એવું પંડિતોનું મંતવ્ય છે એ ન્યાયે, અનાયાસ અમને પણ એ અતિ ભવ્ય સંમેલનમાં કંઇક મન પ્રફુલ્લ કરવાની સુંદર ઘડીઓ મળી. કરુણાશંકર માસ્તરને ત્યારે ઓળખ્યા. ગુજરાતના એક 'અદ્વિતીય' (ખરા અર્થમાં) શિક્ષક, વિનયશીલ, માર્દવભર્યા સ્વભાવના એ સજ્જનનો ત્યાં થએલો પરિચય મને આગળ ઉપર લાભદાયી નીવડ્યો. એમની ટોળીમાં ગુજરાતમાંથી સારા ભેરૂઓ આવ્યા હતા, અને ઉત્સવના એક મંગલ પ્રસંગે કવિવરને સંસ્કૃતમાં આશીર્વચન સંબોધવાની યોજના હતી, પણ શુદ્ધ ઉચ્ચારથી એ શ્લોકો બોલે એવા પ્રવક્તા એકાએક ત્યાં ન મળતાં, કરુણાશંકર માથે એ કાર્ય આવી પડ્યું, અને એમણે સફળતાથી પાર પાડ્યું. વિલોચન ધ્રુવ એમાં તો હતા જ, પણ એ મને યે આકર્ષી લઈ ગયા. ને એવો લ્હાવો કોણ જતો કરે? ઉપરાંત ગુજરાતીઓને શુદ્ધ ઉચ્ચાર કરતાં નથી આવડતો એવું આળ ચઢાવનારાઓને માટે પણ સત્ય દર્શન કરવા માટે આ એક પ્રસંગ હતો. એ પણ મેં નોંધી લીધું.

આઠેક દિવસ ઉપરાંત એ મહોત્સવ ઊજવાયો. સત્યેન્દ્ર ટાગોર મને ખાસ કવિવર સમક્ષ એક સવારે અંજલિ આપવા લઇ ગયા. હું તે વળી શી અંજલિ આપું? હા, સુંદર ફૂલો તો ધર્યાં જ; પણ એથી અધિકા તો હૃદયથી પ્રણિપાત કર્યા. ચાર દિવસ એમનાં કાવ્ય-ગીતોના સંઘગાનના સમારંભ યોજાયા હતા, ત્યાં સો ઉપરાંત એક જ—શ્વેત—રંગમાં સુસજ્જ લલનાઓ માર્દવભરીરીતે બેસીને એક પછી એક રવીન્દ્ર-સંગીતની રસલ્હાણી ધર્યે જતી હતી. વચ્ચે ફક્ત વયોવૃદ્ધ સંગીતપંડીત દેનીબાબુ નિયામક, સંયોજક, ઉદ્‌ગાયક તરીકે નવજીવન પરોવતા હતા.

બરોબર સમયોચિત, પૂરા સૂર-તાલમાં, જરા પણ કંટાળો ન આવે એવી રીતે, વ્યવસ્થાપૂર્વક, સુઘડ સ્વચ્છતાથી, જરા પણ કોલાહલ, દોડધામ, ધાંધલ, વિહ્વળતા વિના, સંપૂર્ણ શાંતિથી, એ ગીત-સમારંભ યોજાયા હતા. આપણે રોજ બ રોજ જરાજરામાં સમારંભ કરનારાઓને એ દાખલા રૂપ હતા. સાદાઈ અને કલા, ને છતાં સંગીતની ઉદાત્ત અસર, હજી આજે પણ હૃદયને પુલકિત કરે છે.

ત્યાં વળી રમણલાલ યાજ્ઞિક અથડાયા! એ પણ એમ જ ભાવનગરથી એમના સ્વદેશી નડિયાદી લેબાસમાં ચડી આવ્યા હતા. આ ગીતોત્સવમાં જવાની ટિકિટ તો મળે જ શાની? ને એ મહેનત કરી રહ્યા હતા! વિલોચન ધ્રુવ અને હું એટલે દૂર એમને એમ બહાર રહેવા દઇ શકીએ નહિ, એટલે અમે એક તાગડો રચ્યો. આપણે તો વર્ષોથી ટોપી ફગાવી દીધી હતી, પણ પ્રોફેસર એમની નડિયાદી પાઘડી લાવ્યા હતા, એ માથે ઠસાવી, પિછોડી જમાવી, અમે બંને એમના પટ્ટ શિષ્ય બની, દરવાજા આગળ 'ડૉ. યાજ્ઞિક' એમ જરા ભપકાથી બોલતા દાખલ થઈ ગયા. અમારી બે પાસે તો ટિકિટો હતી, પણ દાખલ થતાં એવો ભભકો કીધો! અને પેલી લાલ ચટક સોનેરી લપ્પાની નડિયાદી પાઘડી, એટલે ત્રણે ખાસ્સા અંદર! અને પછી તો સૌથી આગળ ગોઠવાઇ ગયા. એમ બધા જ દિવસ હાજર રહ્યા!

એમાં અમારા ત્રણેની ત્રગડી સારી જામી. ટીમસ્પિરિટથી અમે ઘણું જોયું, બહુ રખડ્યા, અને ભારે મજા કરી. શિશિર ભાદુરીના 'સીતા' નાટકનો એમને ખ્યાલ નહિ તે અમે પ્રોફેસરને લઈ જઇને બતાવી આવ્યા. એ પણ ખુશ થયા. પણ એક ઠેકાણે એમણે અમારો તરાપો ડુબાડી દીધો! યુવક મંડળના આશરા હેઠળ ચાલતી એક સંસ્થામાં બપોરે અમે ચડી ગયા. ત્યાં આઠ દિવસના કાર્યક્રમોનું પાટિયું મારેલું હતું. એમાં વિવિધ વસ્તુઓ હતી: એક દિવસ નાટક, એક દિવસ રમતગમત, એક દિવસ કુસ્તી વગેરે. અમે એ વાંચતા જ રહ્યા ત્યાં તો યાજ્ઞિક સાહેબ મંત્રી પાસે કાઉન્ટર પર ધસ્યા, અને પૂછવા લાગ્યા 'આ શું નવું નાટક ટાગોરે લખ્યું છે?' અમે બંને ઘણા ય એમનો ડગલો ખેંચીએ, પણ એ સમજે જ શાના? અને પેલો મંત્રી તો એમને જોયા જ કરે! તે દિવસના પ્રોગ્રામનો ટાઈટલ હતો 'જ્યુજિત્સુ!' (જાત બચાવ કરવા માટેનો જાપાનનો એક કુસ્તી પ્રકાર) અમારી તો આબરૂ ગઈ. પછી એમને દૂર લઈ જઈ હાથોહાથની ચાલાકીથી જ્યારે જ્યુજિત્સુ સમજાવ્યું ત્યારે જ એમને એ કળાનું પૂર્ણ અને યાદ રહી જાય એવું જ્ઞાન થયું! પછી તો ગગનવિહારી મહેતા, ડૉ. યાજ્ઞિક, વિલોચન ધ્રુવ, એમ અમે ચારેએ ખૂબ જ ગમ્મત કરી મઝા ભોગવી.

એ દસેક દિવસમાં કલકત્તા ખૂબ જોયું. જ્યાં ઊતર્યો હતો ત્યાં—ટાગોરના ભત્રીજાને ત્યાં—રસોઈ સંરસ. આરસના સ્વચ્છ થાળી વાટકામાં જમવાનું. શરૂઆતમાં જ એમણે પૂછેલું કે તમને મચ્છીનો વાંધો નથીને? મેં કહ્યું કે વાંધાનો સવાલ જ નથી, પણ ભાવતી નથી. બસ, સુભાષબાબુના મિત્ર, એટલે સરભરામાં કશી ખામી જ નહિ. જવાને દિવસે બધા જમવા બેઠા ત્યારે એમણે પૂછ્યું કે રસોઇ બરાબર હતીને--ભાવતી હતીને? અને મેં હા પાડી, ખરેખર લિજ્જતદાર રસોઈ હતી. પછી બધા હસ્યા ને જાહેર કર્યું કે રોજ કોઈ નહિ ને કોઈ રૂપમાં એમના બંગલાની પાછળના તળાવની મચ્છી જ જમવામાં આવતી હતી! મચ્છીની મારી સૂગ એ ટાગોર કુટુંબે કાઢી નાખી! મુંબાઈથી સુભાષબાબુએ પણ તાર કરી પુછાવ્યું હતું કે બરાબર સગવડ છે કે? નીકળવાને દિવસે એ સંસ્કારી અને હેતાળ કુટુંબનો આભાર કેમ માનવો એ જ મને તો નહોતું આવડતું. એમની એક દીકરીએ તો ત્યારે ખાસ પ્રગટ થએલાં ટાગોર ગીતોનું સુંદર પુસ્તક ફૂલના ગુચ્છ સાથે ભેટ આપ્યું. એ પુસ્તકમાંનું પહેલું ગીત તો એણે કવિવર પાસે જાતે પહેલે પાને ખાસ લખાવ્યું હતું!

નાટક સંબંધમાં આ અનુભવ પણ અનેરો હતો. ટાગોર શૈલીનો સારો અભ્યાસ કરવાનો મોકો મળ્યો અને એ ઉપરાંત બંગાળી નાટકો જોવાનો પણ લાભ મળ્યો. (ચાલુ)

બનાસનું સૌંદર્યદર્શન (અનુ. પૃ. ૧૨૨ થી) વ્યાપકરૂપે પ્રચલિત છે. (આમ, વિન્દ કુલ–વાનોળું=વરનું કુલ; વરનાં સગાંવહાલાં કુટુંબીજનો વગેરે.) સરઘસ રામદેવજીના સ્થાનકે પહોચ્યું એટલે રામણદીવડા લઇને આગળ ચાલતી સ્ત્રીઓએ કાંઈક વિધિ કરી. પછી પુરુષો ચોતરા ઉપર બેઠા અને થોડી સ્ત્રીઓ ગરબે ઘૂમી. બેચાર મુગ્ધ વયની બહેનોએ હળવો નાચ પણ કર્યો. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૪૦
ચૈત્ર ૧૯૮૩

જ્યાં હોત તો જે આખું અહીં ઉતારત એવા, આ અંકના મુખ્ય ચરિત્ર 'આર્ય હનુમાન'ના આમુખ ને અંતિમ ફકરાથી જ તેના બોધક, પ્રેરક ને માર્ગદર્શક સ્વરૂપનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કરીએ:

'રામાયણ એ ભારતવર્ષના વ્યક્તિગત ને સામાજિક આદર્શનું સંગ્રહસ્થાન છે; અને ભારતવર્ષે પુરુષાર્થની પોતાની કલ્પના એની અંદર પૂરે પૂરી ગૂંથી દીધી છે. તેથી શતાબ્દીઓ વહી ગયા છતાં રામાયણની કથા જીવન્ત છે, અને એમાંથી ભારતવર્ષનાં સ્ત્રી-પુરુષ આબાલવૃદ્ધ સૌને નિરંતર પ્રેરણા મળ્યાં જ જાય છે. આદર્શ પુત્ર, આદર્શ ભાઇ, આદર્શ સ્ત્રી, આદર્શ શત્રુ, સર્વનાં ચરિત્રની કથા આજ પણ ભારતવાસીઓનાં હૃદય પુનિત કરે છે. રામનાં સત્યનિષ્ઠા અને પ્રજારંજન, લક્ષ્મણનાં બ્રહ્મચર્ય અને સેવાભાવ, ભરતની ત્યાગવૃત્તિ અને નમ્રતા, સીતાની પતિભક્તિ અને તેજસ્વિતા, ઊર્મિલાનાં તિતિક્ષા અને આત્મવિલોપન, કૌશલ્યાનો પુત્રપ્રેમ, વિભીષણની ન્યાયનિષ્ઠા, ગૂહની મિત્રભક્તિ–એ સૌનું સ્મરણ દરેક ભારતવાસીના હૃદયને ઉન્નત કરી તેમાં ઉદાત્ત ભાવના પ્રેરે છે.

પુત્ર, ભ્રાતા, સ્ત્રી, માતા, એ સૌથી વધારે નહિ તો તેટલું જ મહત્ત્વનું સ્થાન ગૃહસંસારમાં સેવકનું–સચિવનું છે. રામાયણનો–હિંદુ સંસારનો આદર્શ સેવક–આદર્શ સચિવ મારુતિ હનુમાન છે. રામાયણાકાશનાં તેજસ્વી નક્ષત્રોમાં હનુમાનનું તેજ અનેરું છે; તેની દીપ્તિ જ્વલંત છતાં સૌમ્ય છે.

આર્યત્વના ગુણની હનુમાન એ ખાણ છે. જન્મે કિષ્કિન્ધાનો અનાર્ય વાનર છતાં હનુમાન ગુણે અને કર્મે આર્ય છે. તેનામાં બ્રાહ્મણનાં ત્યાગ અને તિતિક્ષા છે, ક્ષત્રિયનાં તેજસ્વિતા અને શૌર્ય છે, વૈશ્યનાં કર્તવ્યનિષ્ઠા ને દીર્ઘદષ્ટિ છે અને શૂદ્રનાં પરિચર્યા અને અનસૂયા છે. વાનરવૃત્તિનો સુગ્રીવ એનો સ્વામી છે છતાં એના હૃદયનો વીર તો આર્ય વૃત્તિનો રામ છે.

રામાયણ એ ભારતવર્ષનો સનાતન વારસો છે. યુગેયુગે એમાં નવો પ્રાણ રેડાયો છે. યુગેયુગે પોતપોતાનું રામાયણ રચાયું છે. આ યુગમાં રહેલા આપણે જો એ રામાયણ પ્રત્યક્ષ કરવું હોય તો હનુમાનનાં અથાગ વીર્ય, અપ્રતિહત પ્રજ્ઞા, અનન્ય સેવાભાવ, કઠોર સંયમ, અનુપમ તિતિક્ષા, અદ્ભુત ત્યાગ, અડગ કાર્યનિષ્ઠા અને પ્રાણવાન તેજસ્વિતા આપણા જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવવાં પડશે. ભારતવર્ષમાં જે દિવસે હનુમાન પાકશે તે દિવસે રામાયણ એ ભૂતકાળની કથા મટી વર્તમાનની પ્રત્યક્ષ કથા થશે.'

તરુણ લોહીને જીવનઘડતર માટેનો પુરુષાર્થ પ્રેરતા ઉદ્બોધક લઘુલેખો આપવાની શરૂઆત 'કુમારે' કરેલી. એમાં આ મહીને આપેલો 'નામોશી' નામનો શ્રી બહેરામ ખંભાતાનો લેખ એક અમેરિકન લખાણ પરથી યોજાએલો છતાં એક નવા જ દષ્ટિકોણથી જીવનદર્શન કરવા પ્રેરતો હોઈ ઉતારવા જેવો છે:

'જરા વિચિત્ર લાગશે પરંતુ કોઈ પણ માણસનું ચારિત્ર્ય સંપૂર્ણ તો ત્યારે જ થએલું કહેવાય, કે જ્યારે તેની થોડી યા ઘણી નામોશી થઇ હોય! કેમકે, બીજાઓ પોતાની બદગોઈ કરે તથા નામોશી લગાડનારું બોલી ધિક્કાર બતાવે એવે સમયે તે કેવું વર્તન રાખે છે તે પરથી જ તેની ખાનદાની કે ચારિત્ર્યનું ઘડતર જણાઈ આવે છે.

કોઈ આપણી નાલેશી કરે છે એમ જાણવું એ છે તો કડવું; પણ કડવા ઓસડ જેવું છે, જે પાછળથી તો ગુણ જ કરે છે.

કહેવાય છે કે જિંદગીની અનેક નાનીમોટી હારથી, નાસિપાસીથી કે પોતાને શરમ ઉપજાવનારી વસ્તુઓના બનાવથી માણસનો આત્મા કચડાઈ જાય છે. પણ એ તો નાના માણસનો આત્મા. ખરી રીતે તો એવા બનાવો જ માણસને મહાન બનાવે છે.

ચાળીસ વરસની વયે પહોંચેલો એવો એકાદ તો ચારિત્ર્યશાળી માણસ શોધી કાઢજો, જેને જિંદગીમાં કોઇ ને કોઇ પ્રકારે સખત ફટકા ન ખાવા પડયા હોય. એવા સખત ફટકા જ માણસના ચારિત્ર્યનું ઘડતર ઘડે છે. હથોડાના ઘા ખાધા વિના ધાતુના સુંદર આકારો ઘડાતા નથી; ટીપણીના ઘા પડયા વિના વાસણો પાકાં થતાં નથી. માણસના ચારિત્ર્યને ઘડવાને અને પાકું કરવાને માટે જીવનના ફટકા જરૂરના છે. એ જ તેને મહાન બનાવે છે.



પ્રેરણા: નવશક્તિની વિધાયક આંતરજ્યોતિ
ચિત્રપ્રકાર માટે જુઓ પાછળના પાને

જૂના વખતના સાધુ પુરુષો, લોકોના ધિક્કારને નમ્રતાપૂર્વક સ્વીકારી લઇને તેને સંત બનવાના એક સાધન તરીકે માની લેતા હતા તે જાણીને પહેલાં મને નવાઈ લાગતી હતી; પણ દુનિયાનો અનુભવ લીધા પછી હવે મારી ખાતરી થઇ છે કે તેઓ ખરા હતા; કેમકે પોતાની નામોશી થતાં માણસ ફરજિયાત પોતાના દોષો જાણી શકે છે, અને પોતે નક્કી કરેલો માર્ગ બરોબર છે કે નહિ તથા પોતાની માન્યતાઓ પ્રામાણિક છે કે નહિ તે જાણવાની તેને તક મળે છે.

બહુ લોકો તમારું વાંકું બોલે, તમને ઠપકો આપે, તમારી નામોશી કરે અને તમારી વિરુદ્ધ જાતજાતનાં જુઠાણાં ફેલાવી તમને હેરાનહેરાન કરી મૂકે ત્યારે તમે અવશ્ય ખુશ થજો; કેમકે ખરું આપણાપણું જાણવાની એ જ તક છે. જગતની શરૂઆત થઈ ત્યારથી દરેક પ્રામાણિક ને બહાદુર આત્માની સાથે દુનિયા આ જ જાતનો વર્તાવ કરતી આવી છે; અને આવી જ તકોમાંથી એમણે પોતાના દોષોનું દર્શન કરી ચારિત્ર્ય ઘડયું છે.

નામોશી આપણા દોષો બતાવે છે, દોષ જોવાથી આપણે નમ્ર બનીએ છીએ, ને નમ્રતા માણસનું ચારિત્ર્ય મજબૂત બનાવે છે.

જેટલી આપણામાં મગરૂરી, તેટલી આપણી નબળાઈ. નામોશી માણસની મગરૂરીને તોડી પાડે છે. એટલે આપણી નામોશી કરનારા આપણા અદેખા 'દુશ્મનો'ની સંખ્યા જેટલી મોટી તેટલું આપણા લાભમાં.

દુનિયા આખી પોતાની સામે ડોળા ઘુરકતી ખાઉં કરઉં કરતી બની ગઈ હોય અને પોતે તે સમયે એક માત્ર પરમેશ્વર પર શ્રદ્ધા રાખી બેઠો હોય એ ઘડી માણસના જીવનની ઉમદામાં ઉમદા ઘડી છે.'

'**મ**નોદશાઓ': ચિત્રોનો એક નવો જ પ્રકાર. એક અમેરિકાવાસી હંગેરિયનને જીવનના કપરા ઝંઝાવાતોમાંથી એકાએક એ સૂઝી આવ્યો. એમાં માનવ આકારો કે આકૃતિઓ પણ નહિ. માત્ર સાદા આકારો અને સપાટ રંગોની રચના. પણ તે એવી વિશદ ને ચોટદાર કે સામાન્ય માણસો પણ તેનો ભાવ અનુમાની શકે. ખૂબી તો એ છે કે એનો ચીતરનારો બાપગોતરમાં કલાશિક્ષણ પણ પામેલો નહિ. લશ્કરી અમલદારનો પાદરી બનેલો એ છોકરો વખાનો માર્યો ધંધાર્થી લેખક થયો, તેમાંથી આપોઆપ એને એક દિ' આ કલા સૂઝી આવી. કેમ તે એ કલાકાર વિકટર દ કુગીનીના શબ્દોમાં જ સાંભળીએ:

'એક વાર હું બહુ મૂંઝવણમાં બેઠો હતો. ગજવામાં રાતી પાઈ પણ નહોતી. તે વખતે મેં બધી જાતનાં દુ:ખી માણસોનો વિચાર કરવા માંડ્યો, તો કોઇ મહા બીમારીમાં પડેલો, કોઇનાં અતિ વહાલાં સગાં મરી ગએલાં, કોઇને ક્રૂર અપમાન મળેલાં, જ્યારે હું તો માત્ર ગરીબ થઈ ગએલો. આ હિસાબે મને મારી દશા વાદળાંથી ઘેરાએલા કોઈ એકલવાયા વૃક્ષ જેવી લાગી. એ ધૂનમાં ને ધૂનમાં મેં એક ઝાડ અને આસપાસ વાદળાં એવું ચિત્ર દોરી કાઢ્યું. પછી આવી સ્થિતિમાંથી મુક્ત કોણ કરે એનો મને વિચાર આવ્યો, અને મનમાંથી જ જવાબ આવ્યો કે 'પરમાત્મા'. તરત મેં પ્રકાશનું એક કિરણ દોર્યું. લીલું ઝાડ તથા વાદળાં, અને કાળા આકાશ પર સોનેરી રંગે પ્રકાશનું મોટું કિરણ ચીતર્યું. નિરાશાને અને સંકટને ટાળનાર માત્ર પરમાત્મા છે એવો તેનો અર્થ ધાર્યો. આ પછી એમ ને એમ જુદીજુદી મનોદશાનાં ચિત્રો દોરવા માંડ્યાં.' એ બધાં ચિત્રો લાગણી, ગુણ વગેરે મનોદશાઓના અમૂર્ત ખ્યાલો પર જ દોરાયાં હોવા છતાં તે સમજતાં કે ઓળખતાં જરા યે વાર લાગતી નથી. આ સાથે થોડા નમૂના આપ્યા છે.

અને હવે એક પ્રકીર્ણ ફકરો:

'મનુએ કનુને કહ્યું કે, મારી પાસે ગણિતની એક એવી યુક્તિ છે કે જે વડે હું તારો ધારેલો આંકડો કહી આપું. માત્ર તારે મને આંકડો એકમ, દશક કે શતકમાં છે તે છેવટે જણાવવું. હવે એક આંકડો ધારી લે.' કનુએ ૧૫નો આંકડો ધારીને કહ્યું કે 'ધાર્યો.'

'હવે તેને બેએ ગુણ.' મનુએ કહ્યું.

'ગુણ્યા.' (૧૫×૨=૩૦)

'તેમાં પાંચ ઉમેર.'

'ઉમેર્યા.' (૩૦+૫=૩૫)

'હવે એને પાંચે ગુણ.'

'ગુણ્યા.' (૩૫×૫=૧૭૫)

'એમાં અગિયાર ભેળવ.'

'ભેળવ્યા.' (૧૭૫+૧૧=૧૮૬)

'હવે એને દસે ગુણ.'

'ગુણ્યા.' (૧૮૬×૧૦=૧૮૬૦)

'એમાં હવે ત્રણ ઉમેર.'

'ઉમેર્યા.' (૧૮૬૦+૩=૧૮૬૩)

'એને ફરીથી દસે ગુણ.'

'ગુણ્યા.' (૧૮૬૩×૧૦=૧૮૬૩૦)

'હવે એમાં ૩૬ ભેળવ.'

'ભેળવ્યા.' (૧૮૬૩૦+૩૬=૧૮૬૬૬)

'એમાંથી ૩૫૩૫ બાદ કર.'

'કર્યા.' (૧૮૬૬૬-૩૫૩૫=૧૫૧૩૧)

'શું આવ્યું?'

'૧૫૧૩૧.'

'ઠીક, ધારેલ આંકડો શેમાં હતો?'

'દશકમાં.'


'ત્યારે તો તારો ધારેલ આંકડો ૧૫.'

કનુ તો આ યુક્તિ જોઈ છક થઇ ગયો!

તમે પણ આ ગણતરી મુજબ કોઇનો ધારેલ આંકડો કહી શકો. છેવટે જે રકમ આવે તેમાંથી ધારેલ રકમના જેટલા આંકડા હોય તેટલા રાખી બાકીના છેકી નાખવા.

(અંગ્રેજી ઉપરથી) કેશવલાલ બોદાણી







ડાબી બાજુ–ક્ષોભ: જ્યાંત્યાંથી ખેંચાય તેટલું ખેંચીને એકઠું કરતો જીવ; વચ્ચે–શ્રદ્ધા: અચલ સ્તંભને વીંટાતી ચડતી અદમનીય જ્વાલાઓ: પાછળ ઘેરા આકાશમાં સૂર્ય પૂર્ણ કળાએ પ્રકાશે છે; જમણી બાજુ–ધીરજ: ખીણો ને ટેકરીઓ પર થઇને ઊંચા લક્ષ્ય પર પહોંચતો લાંબો માર્ગ.

જોડાસાંકોર ધારે

કલાકાર અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા

શ્રીમતી રાણી ચંદના બંગાળી પરથી અનુવાદક
રમણિક મેઘાણી



પરીની દુનિયા

તે દિવસે કોઈકે મને પૂછ્યું કે 'તમે તો બાળપણથી ગીતો અને ચિત્રોના વાતાવરણમાં જ મોટા થયા છો ને?' મેં જવાબ વાળેલો કે જરા યે નહિ.

ચિત્રો અને ગીતોનું વાતાવરણ અમારે ત્યાં હતું ખરું. બાપુજીને ચિત્રો ચીતરવાનો શોખ હતો; જ્યોતિકાકા પણ ચિત્રો ચીતરતા. પોર્ટ્રેટ ચીતરવા પ્રત્યે એમનું ખાસ વલણ હતું. પરંતુ એ ચિત્રો જોવાં તો દૂર રહ્યાં, પણ હું એમના ઓરડામાં યે કદી જવા ન પામતો.

ગીત-વાદન પણ થતાં. એ દિવસોમાં ઘણે ઠેકાણે પગારદાર ગાયક રહેતા. અમારે ત્યાં પણ કેષ્ટો અને વિષ્ણુ નામના બે ગાયક હતા. દુર્ગાપૂજા વખતે આગમની અને વિજયાનાં ગીતો ગાતાં. ઉસ્તાદી ગીતોની મેહફિલ પણ રોજ સાંજે જામતી અમારા દીવાનખાનામાં. એ જમાનામાં એ રિવાજ હતો. આડોશી-પાડોશી, મિત્ર-સ્નેહીઓ આવતા એ ગીતો સાંભળવા. નવ વાગ્યાના ડંકા પડતાં મેહફિલ પૂરી થતી ને સૌ પોતપોતાને ઠેકાણે જતાં. આ બધું યે હું આઘેથી જોતો-જાણતો, પણ ત્યારે એમાંનું કંઈ સમજાતું નહિ.

છતાં હા; ઘરમાં ગીતો ગવાતાં બીજે માળે નવી કાકીના ઓરડામાં. જ્યોતિકાકા પિયાનો વગાડતા અને રવિકાકા ગાતા. શું અજબ હતું એ ઊગતી ઉમરે રવિકાકાનું ગળું! જેવો એમનો સૂર એવાં જ એમનાં ગીતો. ચારે બાજુ સૌને મહાત કરી દેતાં. હું મારા ઓરડામાં બેઠો બેઠો કાન માંડીને એ સાંભળતો. એથી જ કહું છું કે બાળપણમાં ગીતો તો સાંભળ્યાં છે, પણ ચિત્રો તો જરા યે જોયાં નથી. ચિત્રો જો થોડાં-ઘણાં યે જોયાં હોય તો તે નાનાં ફઈબાને ઓરડે, રજાને દિવસે બપોરે નાનાં ફઇબાના બારણામાં ડોકિયું કરું ને ફઇબાની નજરે ચડું કે તુરત બોલાવે, 'કેમ અલ્યા અબા! આવ આવ, અંદર આવ.' શું સરસ ઓરડો હતો એમનો! કેટકેટલી યે જાતનાં ચિત્રો: દેશી ઢબનાં તેલ ચિત્રો. એક હતું શ્રી કૃષ્ણનું ક્ષીર-ભક્ષણ: સામે નૈવેદ્ય સજાવીને આંખો મીંચીને મુનિ ધ્યાનમાં બેઠા છે અને કૃષ્ણ મૂગામૂગા હાથ બોળીને ખીર ખાય છે તે હૂબહૂ કથાકાર બ્રાહ્મણે કહેલી વાત જેવું જ ચિત્ર હતું. શકુન્તલાના ચિત્રમાં ત્રણ કન્યાઓ વનમાં ચાલી જાય છે. ત્યારે એને શકુન્તલા તરીકે નહોતો ઓળખતો, છતાં એ જોવામાં મને મજા આવતી. મદનભસ્મનું ચિત્ર: મહાદેવના કપાળમાંથી, બાણમાંથી એકીસાથે છૂટતાં અનેક તીરની જેમ, અગ્નિ વર્ષી રહે છે. સરોજિની નાટકનાં ચિત્રો, કાદમ્બરીનાં ચિત્રો, તળાવને કાંઠે ઝાડ સાથે ઘોડાની લગામ બાંધી શિવમંદિરને ઓટલે બેઠેલો રાજકુમાર. ત્યારે કોણ જાણતું હતું કે એ કાદમ્બરીનું ચિત્ર છે? એવાં તો કેટલાંયે ચિત્રો હતાં. કૃષ્ણનગરનાં માટીનાં વિવિધ રમકડાં પણ હતાં. એ બધું ધારીધારીને જોતો. વખત લહેરથી નીકળી જતો. ફઈબા ગાદી પર બેઠાંબેઠાં ખોળામાં ઓશિકું મૂકી પાન ખાતાં હોય કે શીવણ-ગૂંથણ કરતાં હોય. એ મકાનમાં ત્રણ વાગ્યે ઘંટ વાગતો. ત્યારે તેલદાંતિયો ને ચટાઇ લઈને ગોપી દાસી આવતી ફઇબાનું માથું ઓળવા. અને ફઈબા ઊભાં થઇ ઊંચી વંડીથી ઘેરેલી અગાશીમાં જઈ માથું ઓળાવવા બેસતાં. પાળેલાં કબૂતર માળામાંથી બહાર આવી એમની ગરદન હલાવતાં, 'બકમ્ બકમ્' કરતાં એમનો નાચ દેખાડતાં. ફઇબા મારા હાથમાં મૂઠી દાણા આપતાં એ હું વેરી દેતો અને કબૂતરો કુંડાળું વળીને એ ચણતાં ચણતાં ઊડી ઊંચે પાળ પર હારબંધ બેસી જતાં. નમતા તડકે એમની પાંખો ચમકતી. ક્યારેક ક્યારેક વળી જોઉં તો વંટોળિયાથી લાલ ધૂળના ગોટેગોટા ઊડતા હોય. બહારનાં દૃશ્યો પણ જોતો. રમતગમતને અંતે સાંજે ઘરને ખૂણે પિત્તળના દીવાદાનમાં ફરીને દીવો પ્રગટતો અને એની પાસે ફરતી ગરોળી જિવાતનો શિકાર કરતી. ક્યાંય સુધી બેઠોબેઠો હું એ પણ જોતો. એ રીતે ઘરમાંનાં ને બહારનાં વિચિત્ર ચિત્રો જોતોજોતો હું મોટો થયો છું.

કોઈ પણ વસ્તુની અંદર શું છે તે જોવાનું કુતૂહલ મને નાનપણથી જ રહ્યું છે. બંધ ઓરડાની અંદર, બગીચાની અંદર, હરકોઈ જગ્યાએ, તેમજ કોઈપણ વસ્તુની 'અંદર' શું છે એ જોવાનું મન મને થાય. ચાવીવાળાં રમકડાં જોતાં જ મન થતું કે અંદર શું હશે? હજુ હમણાં સુધી એ બધું ઉઘાડી ખોલીને મરામત કરતો. બાળકોનાં રમકડાં હાથમાં લઉં કે તુરત બા બોલી ઊઠતી કે 'હવે એનું આવી બન્યું, એની અંદર શું છે તે જોવા અવન એને તોડયે જ રહેશે.' મારી આ ટેવને અંગે બાળપણમાં એકવાર કેવું બનેલું તે સાંભળો:

ભાભુ બીજે માળે એક સરસ ઓરડામાં રહેતાં. વિવિધ પંખીઓ પાળવાનો એમને શૉખ. લાલમોહન અને હીરેમોહન નામે બે પોપટ હતા. લાલમોહનની ડોક સોનેરી રંગે ઝગઝગાટ કરતી. એક બાજુ કબાટ ભરીને રમકડાં હતાં. એ બધાં એમના શૉખનાં હતાં. કોઇને હાથ સરખો અડાડવા ન દે. બહુબહુ કહીએ તો ક્યારેક માંડમાંડ એકાદ બે રમકડાં બહાર કાઢે; પણ હાથમાં આપવાની વાત નહિ. પોતાને હાથે જ ચાવી દઇ ચલાવે ને પાછાં એને કબાટમાં મૂકી દે. પથ્થરના એક ગોળ દાદર પર થઈને એમને ત્યાં જવાતું. દાદર પર વચ્ચે એક ઠેકાણે દોઢેક હાથ ઊંચી કૃષ્ણની એક મૂર્તિ હતી. મને ઘણીવાર એ લેવા મન થતું. એક દિવસ બપોરે ભાભુને જઈને કહ્યું, 'મને પેલી મૂર્તિ આપશો?' એટલે થોડીવાર વિચાર કરી એમણે કહ્યું, 'તારે એ જોઇએ છે? ભલે લઈ જા, પણ ભાંગતો નહિ.' દાસીએ પાટિયા પરથી ઉતારીને મને એ મૂર્તિ આપી અને હું એને બગલમાં

દાળી સપાટાબંધ નીચે ઊતર્યો. મોટાભાઈની નજર પણ એના પર હતી તો ખરી, પણ કોઈને એ નહોતી મળી. એમને તે બતાવીને મેં કહ્યું, 'જુઓ તમને ન મળી; મને મળી ગઈ! લેતા જાવ અંગૂઠો!'

'હા, પણ એની અંદર શું છે તેની તને ખબર છે? આ ટેબલ પર ચડીને જોરથી એને નીચે ફેંક, એટલે એમાંથી એક અજબ ચીજ બહાર નીકળશે; જોજે!' મોટાભાઈઓએ કહ્યું. એમની વાતમાં મને કંઈ શંકા ન આવી. અંદરની અજબ ચીજ જોવા હું તો કુદકો મારી ટેબલ પર ચડી ગયો ટેબલ પર ને મારા હાથમાંના કૃષ્ણને મેં પૂરા જોરથી નીચે ફગાવ્યા. કોઈ અજબ ચીજ તો એમાંથી ન નીકળી, પણ મૂર્તિના ચૂરેચૂરા થઈ ગયા ને આખા ઘરમાં એના ટુકડા વેરાયા. હું રડી પડ્યો, ને મોટાભાઈઓ ખડખડાટ હસતા, તાળીઓ પાડતા પોબારા ગણી ગયા.

એ 'અંદર જોવાનું કુતૂહલ' આજે પણ ઓસર્યું નથી. કોઈ ચિત્ર જોઉં તો તેમાં અંદર શું છે એ શોધું. ચટણી વાટવાના પથ્થરમાં કે લાકડાની ચીજોમાં પણ અંદર શું છે એ શોધવા મથું. અને એ જ રીતે મારા પોતાના અને પારકાનાં મનમાં શું છે એ શોધવા પણ મથ્યા કરું છું. એ રીતે 'શોધવા'માં જ મને મઝા પડે છે. નાનો હતો ત્યારે મારા હાથ સરખી રીતે પેન્સિલ પણ પકડી શકતા નહિ. ચીતરવું કોને કહેવાય તેની યે ગમ નહોતી ત્યારે. છતાં ચિત્ર જોતાં અને માણતાં શીખેલો, અને તે ફઈબાના ઓરડામાં બેસીને જ.

બાના ઓરડામાં અમે બહુ જઈ ન શકતા. બાનો ઓરડો એકદમ જુદી રીતે શણગારેલો હતો. બાનો સૂવાનો ખંડ તૈયાર થતો હતો. રાજમિસ્ત્રીઓ કામે લાગ્યા હતા. ધીરેધીરે હું એ બાજુ જતો. ઠોક ઠાક, ઠોક ઠાક કરતા મિસ્ત્રીઓ કામ કર્યે જતા; હું દિંગ થઈને જોતો. ક્યારેકક્યારેક લાદીના એકાદબે ટુકડા માગી લાવતો. જોતજોતાંમાં એક દિવસ એ ખંડ તૈયાર થઈ ગયો. એની ગોઠવણી બધી બાપુજીએ જાતે જ કરેલી. મઝાનું પૉલિશ કરેલા મોંઘા લાકડાનો એ બધો સરસામાન હતો. કાપેલા (cut કરેલા) કાચની વિવિધ ફૂલદાનીઓ હતી. એમાં એક ફૂલદાની બરાબર ખીલેલા કમળના આકારની હતી. ભીંત ઉપર કીમતી તૈલચિત્રો, ચારે બાજુ વિવિધ જાતનાં 'આર્કેડ'. તદ્દન અનોખી રીતે જ સજાવેલો એ ખંડ હતો. છતાં મને તો નાનાં ફઈબાનો ઓરડો જ વધુ ગમતો. બંકિમબાબુએ સૂર્યમુખીના ઓરડાનું જે વર્ણન કર્યું છે તે ફઈબાના ઓરડાને બરાબર લાગુ પડતું. એવડા મોટા મકાનમાં મારા બાળક મનને સૌથી વધુ આકર્ષણ જો કંઈ હોય તો તે નાના ફઈબાના એ લગભગ આભે આંબતા ઓરડાનું જ.

બીજી એક જગ્યા હતી મારી પરીની દુનિયા. જુઓ, સાંભળીને હસશો નહિ. મારી એ પરીની દુનિયા આ દુનિયાને પેલે પાર નહોતી. એ હતી પહેલા માળના દાદર નીચે આવેલી એક ઓરડીમાં. એ ઓરડી દિવસ રાત બંધ રહેતી. મોટું એવું એક તાળું એને બારણે ઝૂલતું. એની ચાવી રહેતી નંદ ફરાસ પાસે. સવારે એક વાર એ આવીને ઓરડી ઉઘાડતો, એટલે હું શિકારીની જેમ સવારથી એની રાહ જોતો દાદર નીચે ઓરડીના બારણા પાસે બેઠો રહેતો. એ આવીને ઓરડી ઉઘાડે કે તરત હું મારી પરીની દુનિયામાં પ્રવેશ કરતો. ત્યાં શું જોતો? કોને જોતો? શું કરતો? ત્યાં હું જોતો અમારો જૂનો—જમાનાજૂનો સરસામાન. જમાને જમાને 'ફૅશન' બદલાતી, નવી ચીજો ઘરમાં આવતી ને જૂની ચીજો આ ઓરડીમાં—મારી પરીની દુનિયામાં આવતી. કેટલાંયે જમાનાજૂનાં મોટાં ફાનસો, રંગબેરંગી ચીની માટીનાં દીવાદાન, ફૂલદાન. ઝુમ્મર અને બીજી કેટકેટલી ચીજો ત્યાં હતી. જાણે એ ગયા યુગની પરીઓ હતી. એ બધી પાટિયાં ઉપર હારબંધ, ચૂપચાપ, શરીરે ધૂળ-બાવાં વગેરેથી લપેટાઈને બેઠી હતી. કો'ક કો'કને માથે ઉપર આડીમાંથી આવાં જાળાં ઝૂલતાં.

ઓરડીમાં માત્ર ધૂંધળું અજવાળું રહેતું. કાચવાળા એક ગોખલામાંથી જરા જેટલો પીળો પ્રકાશ અંદર આવતો. એ પ્રકાશ પેલાં જાળાં પર પડતાં એમાં મેઘધનુષ્યના સાત રંગો દેખાતા. આંગળીઓ વડે જરાક ક્યાંક અડતાં જ ટંગટંગ અવાજે ઓરડી ગૂંજી ઊઠતી. મનમાં થતું, જાણે એ સપ્તરંગી પરીઓના પગના સપ્તરંગી ઘૂઘરા વાગે છે. અને હું એ રંગબેરંગી પરીની દુનિયામાં ખાંખાંખોળાં કરતો. એક ચીજ જોતો તો બીજીને ફેરવતો, તો ત્રીજીને વળી હાથમાં લઈને ઉથલાવી ઉથલાવીને તપાસતો. અને ત્યાં તો નંદ ફરાસ એનું દીવાબત્તીનું કામ પતાવી સાદ પાડતો કે ચાલો, ચાલો, બહાર નીકળો. હવે વધુ કાલે. અને એમ એ દિવસની રાત માટે મારી પરીની દુનિયાને તાળાં દેવાઈ જતાં.

આથી જ જ્યારે મુકુલના[1] સ્કુલમાં[2] રવિકાકાનાં ચિત્રોનું પ્રદર્શન જોવા જતાં અમીયે[3] કહ્યું કે ગુરુદેવનાં ચિત્રો વિષે અમને જરા સમજણ આપો, ત્યારે મેં કહ્યું કે 'જો બાપુ, અમારી કાકાભત્રીજાની આ વાત બહાર ન પાડતો. અને પછી એને એક પછી એક ચિત્રો બતાવવા લાગ્યો. એમાં એક ચિત્ર જોયું: નાનું એવું કલમથી દોરેલું ચિત્ર. એક છોકરો અને એની પછીતે ઘાટી બધી લીટીઓ. છોકરો એ જાળાં-જંગલમાં થંભીને ઊભો છે. મેં અમીયને કહ્યું, 'જો આ ચિત્રને ઓછાં સૌ સમજવાનાં છે?' મારી પરીની દુનિયામાં પ્રવેશતાં મારી સ્થિતિ પણ બરાબર એવી જ થતી. આજે જ્યારે નાનાં બાળકો આવીને મારા પૂતળાવાળા ઓરડામાં કાચના કબાટ સામે ફર્યાં કરે છે ત્યારે યાદ આવે છે કે એક દિવસ હું પણ એમની જ ઉમરનો હતો અને મારી પરીની દુનિયાને દરવાજે એમની જેમ જ ઊભો રહેતો...અરે ઓ અભિજિત! એમ રંગની રમત રહેવા દે ભાઈ, એમાં આફત છે. આ રંગની રમતને કારણે મારા બાળપણમાં શી વાત બની હતી તે જાણો છો?

અમારા મકાનના પહેલા માળના વરંડામાં પાણીથી ભરેલા એક મોટા ટબમાં કેટલીક લાલ માછલીઓ રહેતી. બાપુજીને આવી બધી ચીજોનો ભારે શોખ હતો. રોજ આવીને ભિસ્તી એમાં તાજું પાણી ભરી જાય ને વાસી પાણી કાઢી નાખે. એક બપોરે એમાંની લાલ માછલીઓ જોતાંજોતાં વિચાર આવ્યો કે આ માછલીઓ લાલ છે, તો તેમાં પાણી પણ લાલ હોવું જોઈએ. અને એ મનમાં આવ્યું કે તુરત ક્યાંકથી મૅજેન્ટા કે એવો જ કોઈ રંગ લાવી, ઘોળીને નાખી દીધો માછલીવાળા ટબમાં. જોતજોતાંમાં મારી મુરાદ બર આવી. લાલ માછલીઓ લાલ પાણીમાં કલબલ કરવા લાગી, અને હું તો પાછો બીજી રમતે ચડી ગયો. પણ સાંજે માળીને ચીસાચીસ પાડતો સાંભળ્યો કે 'આ ટબના પાણીમાં લાલ રંગ કોણે નાખ્યો છે? માછલીઓ બધી મરી પરવારી!' બાપુજીએ કૂવાને પૂછ્યું કે આ કોનું કામ હશે? ને તુરત કૂવાએ કહ્યું કે 'આ કામ બીજા કોઈનું નહિ, પેલા બૉમ્બૅટનું જ કામ.' કૂવા ચીન ગએલા ત્યાંથી એ શબ્દ શીખી લાવેલા. ચીનનો એ ખિતાબ મને પહેલવહેલો ત્યારે જ મળેલો. અને પછી તો એ નામે જ વિખ્યાત થયો!

અરે, હવે વળી ક્યાં મારી રમકડાં બનાવવાની ફરશી-હથોડી લઈને ખચાખચ કરવા લાગ્યો? ઊભો રહે, એક બીજી સરસ વાત સંભળાવું. તારા જેવડો નાનો હતો ત્યારે એકવાર મેં સુતાર થવા ખૂબ પ્રયત્ન કરેલો! બાપુજીનાં પાળેલાં પંખીઓ માટે સુતાર ઘેર બેઠાબેઠા પીંજરાં બનાવતો હતો. પીંજરું તો કહેવાનું જ; બાકી

૧ મુકુલ દે ૨ આર્ટ સ્કુલ ઑવ કલકત્તા ૩ અમીય ચક્રવર્તી

તો મંદિર જ જોઈ લો! એ પીંજરું ઘરનો આખો વરંડો રોકતું. અંદર જાતજાતનાં ઝાડ, પંખીઓને ઊડવા માટે મોકળી જગ્યા, પાણી પીવા માટે સરસ ગોઠવણ,–બધું હતું એમાં. ચીની સુતારો એ બનાવતા. એ પાંજરા પર ભાતભાતનું કોતરકામ થતું. દિવસ આખો કામ કરી, ઠકઠક હથોડી અને ફરશી હલાવી, બપોરે થોડીવાર તેઓ 'ટિફિન' માટે પોરો ખાતા; ને વળી પાછા કામમાં મંડી પડતા. હમેશની જેમ એક દિવસ તેઓ 'ટિફિન' માટે બહાર ગયા અને એ દરમિયાન મેં જઈને ફરશી-હથોડી હાથમાં લીધાં. કામ કરવા માટે જેવી હથોડી ફરસી પર મારી, એવી જ ફરસી લાકડા પરથી છટકીને મારા ડાબા હાથના અંગૂઠામાં ઊંડે સુધી ઘુસી ગઈ! અને એવો જ હું અંગૂઠો મોંમાં ચૂસતો ચૂસતો ત્યાંથી ભાગી છૂટ્યો. સુતારોએ આવી કામ કરવા બેસતાં ત્યાં લોહીના ડાઘ જોયા અને પૂછ્યું કે શું થયેલું? કોણે હાથપગ કાપ્યો? આ ઑક્મેટ સિવાય બીજા કોનો કામો એ હોય? બાપુજીએ તુરત મને બોલાવ્યો ને પૂછ્યું, 'જોઉં તારો હાથ?' હું તો બીકથી કાપો તો લોહી ન નીકળે એવો બની ગયો કે કોણ જાણે આજે નસીબમાં શું યે માંડ્યું હશે?

નાનો હતો ત્યારે કેટલી યે અવળચંડાઈ પણ સૂઝતી. એક મોટું પાંજરું ભરીને બાપુજીનાં પાળેલાં કૅનેરી પંખી હતાં. મનમાં થયું કે એને છોડી મૂક્યાં હોય તો કેવું? એ કેમ ઊડે છે તે જોવાની મઝા આવશે. શ્રીરામપુરથી ટુની સાહેબ કરીને એક પરદેશી છોકરો ઘણીવાર બાપુજીને મળવા આવતો. પંખીઓનો એ પણ શોખીન હતો. અવારનવાર એકાદ-બે કીમતી પંખીઓ પણ એ લઈ જતો. એક વાર એ આવ્યો કે તુરત મેં એને કહ્યું કે 'પેલા કૅનેરીનું પાંજરું જરા ખોલી નાખોને, મઝાથી ઊડશે બિચારાં પંખી. જાળ તો છે જ; ફરી પકડી લેવાશે.' બહુબહુ કહ્યું એટલે એણે તો પાંજરું ઉઘાડી નાખ્યું, ને ફર...ફર...કરતાં પક્ષીઓ તો મહાઆનંદે બહાર નીકળી પડ્યાં. હવે એને પાછાં પકડવાનાં હતાં. ટુની સાહેબે વારંવાર જાળ નાખી, પણ કેમે કર્યું એકે પંખી ન પકડાય. આખરે જાળ એમ ને એમ રહેવા દઈ એ ભાઈ તો પોબારા ગણી ગયા. પકડાયો હું! આવું-આવું મન થતું બાળપણમાં. મનમાં થયું કે ખિસકોલી કેમ ચાલે છે એ જોવું છે, સસલાનો કૂદકો જોવો છે, કે તુરત જઈને એનું પાંજરું ઉઘાડી નાખતો. મન થયું પછી શું કરું? કેમ, શું કહે છે અભિજિત?

અરે વાહરે દોસ્ત! તમે તો અત્યારથી જ સ્વેટર ચડાવી દીધું ને શું? અમે નાના હતા ત્યારે કારતક પહેલાં તો ગરમ કપડાંની પેટી ઊઘડતી જ નહિ. ટાઢિયો તાવ હોય તો યે. સાદી સીધી રીતે મોટો થયો છું. એ જમાનામાં આવાં ગરમ ફ્રૉક, શર્ટ કે ગંજી-મોજાં પહેરીને ગાભાની ઢીંગલી પેઠે રૂપાળા થઈને ફરવાનો ચાલ નહોતો. બહુ ઠંડી પડે ત્યારે એક ઝભ્ભા પર બીજો ઝભ્ભો અને એના ઉપર બહુબહુ તો બનાતની બંડી. બસ થયું. ચીનાઓએ બનાવેલાં પગરખાં ક્યારેક જ ઘરમાં આવતાં, અને એ કબાટમાં કયે ખૂણે પડ્યાં રહેતાં એની ખબરે ન પડતી. મારી રમતમાં મશગુલ રહેતો.

રાત્રે સૂતાં પહેલાં દાસીઓ અમને થોડું દૂધ પીવડાવી, મચ્છરદાનીમાં ધકેલી થાબડભાણાં કરી સુવડાવીને ચાલી જતી. એ બધી દાસીઓની એક મંડળી હતી. રાત્રે એ બધી ભેગી મળતી. વરંડામાં લાંબી એવી એક હીંડોળાખાટ હતી, તેના પર બેસી સૌ ગામગપાટા મારતી ટોળટપ્પાં કરતી એમાં એક આન્દી ડોશી આવતી. શું એનો ચહેરો હતો! આખું કપાળ સિન્દુરના લેપથી તગતગ કરતું. મોટું એવું મારાં જેવું ગોળ મોં: બરાબર જાણે કોઈ હસમુખા પૂતળાને કોઈએ શાહી ચોપડીને છૂટું મેલી દીધું છે! રાત વેળાએ એને જોઈ હોત તો ખબર પડત! એ ડોશી દક્ષિણેશ્વરથી આવતી: બા, કાકી વગેરેને શ્યામાં સંગીત સંભળાવવા અને પૈસા માગવા. કંઈ અજબ હતું એનું ગળું. એ જ્યારે ચાંદનીમાં વરંડાની હીંડોળાખાટ ઉપર બેસી વાળ મોકળા મેલીને બીજી દાસીઓ સાથે વાતો કરતી ત્યારે મચ્છરદાનીમાંથી જોતાં એ બધાં ઘુસપુસ કરતાં પ્રેત હોય એવું લાગતું. દાસીઓની વાતચીતનો ગુસપુસ ગુસપુસ અવાજ સંભળાતો. વચ્ચેવચ્ચે હું કોણ? કોણ? કરતો ઊઠી જતો ને પદ્મદાસી દોડતી આવી. મચ્છરદાની ઊંચી કરી ગોળ કોપરાનો, નાનો લાડવો મારા મોંમાં મૂકી દેતી ને કહેતી કે 'સૂઈ જા!' હું એ લાડુ ચાવતો નહિ પણ ચૂસતો ને પદ્મદાસી ગણગણ કરતી ગાતીગાતી મારો વાંસો થાબડતી. એમ કરતાં હું ઊંઘી જતો અને એક ઊંઘે સવાર પડતું. તમને તો અંધારામાં માર્ગે ભૂત દેખાય છે, પણ અમારી પદ્મદાસી કે આન્દી ડોશીને જોઈ હોત તો તો તમારું શું નું શું યે થઈ જાત! બેઉનો ચહેરો લગભગ સરખો હતો. આન્દી ડોશી હતી કાળા રંગના હસમુખા પૂતળા જેવી ને પદ્મદાસી હતી રંધાઈ ગયેલા કમળફૂલ જેવી! (ચાલુ)

મગરનો શિકાર (અનુસંધાન પૃ. ૧૧૨થી)

મારો જીવ તાળવે ચડી ગયો ને ભવિષ્યની ભયાનક તસ્વીરો મારા મસ્તકમાં તરવરવા લાગી.

શિકાર ને શિકારીઓનાં જીવન કાચા સૂતરને તાંતણે લટકેલાં હોય છે. કોણ જાણે ક્યારે એ પાતળો તાંતણો તૂટી જાય! હજી એક પળ પહેલાં જ શિકારીના ઘાતક અસ્ત્રનું લક્ષ્ય બનેલો શિકાર પોતાના જીવનની અંતિમ ઘડીઓ ગણતો હોય છે, પણ નિશાનમાં સહેજ ભૂલ થતાં જ બાજી પલટાઈ જાય છે. જરાક ગોળી આડી ગઈ અને એ જ શિકારના અંગ-વિદારક નખ-દાંતની વચ્ચે પડેલો શિકાર 'રામ નામ સત્ય છે'ની સત્યતાનો અનુભવ કરી બેસે છે!

પણ આજ જેવી મુસીબત તો બહુ ઓછા શિકારીઓના જીવનમાં આવી હશે. હું મગર મારવા માટે નહિ પણ ચાહા મારવા માટે પેટે સરકતો હતો. મારી બંદૂકની નળીઓમાં ગોળીના નહિ પણ છ નંબરના છરાના મામૂલી કારતુસ હતા. હું વનરાજીની આડમાં છુપાઈને, શિકારથી સેંકડો વાર દૂર નહિ, પણ સાક્ષાત મોત જેવું મોં ફાડીને આગળ વધતા મગરથી ફક્ત દોઢ વાર જ દૂર પડ્યો હતો! મને લાલપીળાં દેખાવા માંડ્યાં, અને હૃદય તો એટલા જોરથી ધડકવા માંડ્યું કે ક્યાંક છાતીનાં હાડકાં તોડીને બહાર નીકળી પડત!

મગર મગરોળીની જાતનો હતો. આ જાતના મગર વધુ ખૂંખાર હોય છે ને જાનવરો તથા મનુષ્યોને પણ ગળી જાય છે. એના ફાટેલા મોંમાં દાંતોની અનેક હાર હતી જેમાં થોડાઘણા ઊજળા ને વધુ તો પીળા દાંત સૂર્યના પ્રખર તેજમાં ચમકતા હતા. એની લાલ આંખો અત્યારે વધુ લાલ થઈ ગઈ હતી ને એમાંથી ભયાનક હિંસા વરસતી હતી. મારી બંદૂક હજુ પાસે જ પડી હતી. એના રૌદ્ર રૂપે મને એની યાદ આપી અને મેં નિમિષવારમાં બંદૂક ઉઠાવી લીધી.

લાગે છે કે પાણીમાંથી નીકળીને પોતાની ઉદર-પૂર્તિ માટે એ સિંહાવલોકન કરી રહ્યો હશે અને અચાનક એની નજર મારા પર પડી હશે. મને પેટે સરકતો જોઈને એણે મને પણ એકાદ જાનવર જ માની લીધો હશે. મારાં નસીબ સારાં કે મેં શ્વાસ ખાઈને જે ક્ષણે આગળ સરકવું શરૂ કર્યું ત્યારે જ એણે હૂમલો કર્યો; ને મારો જમણો પગ સ્હેજ આગળ આવી ગયો એટલે જ એનો હૂમલો નિષ્ફળ ગયો. ફક્ત એના જડબાનો સ્હેજસાજ સ્પર્શ મારી એડીને થઈ ગયો. આમ, મારો પગ સ્હેજમાં જ એના જડબામાં આવતો રહી ગયો!

અચાનક મારી નજર આગળ ગઈ, અને મગરની પાછળ જોયું તો એને અહીં આવવા માટે કેટલું ઘસડાવું પડયું હતું એ નજરે પડયું. લગભગ પચ્ચીસ વાર સુધી મેં એના ઘસડાવાનાં ચિહ્નો જોયાં. મગરના પંજા મોટે ભાગે ટૂંકા અને કમજોર હોય છે. એના દેહના ભારને પંજા સહેલાઇથી નથી ઉપાડી શકતા. એથી જ એને જમીન પર ચાલતાં બહુ મુસીબત પડે છે. એનો અભેદ્ય દુર્ગ જળાશય જ છે, જેમાં એ પોતાના મોટામાં મોટા દુશ્મન સાથે પણ સહેલાઈથી લડી શકે છે. એક વાર પૂંછડીનું લંગર હલાવ્યું કે તીરની જેમ વીસ વાર દૂર નીકળી જાય! હું એની સામેથી એકદમ ભાગી શકતો હતો. મગર કંઈ વાઘ નથી કે મોટી છલાંગ મારી મને ઝડપી લેત! પણ મારી આબરૂ અને શિકારી મિજાજે મને એમ કરતાં અટકાવ્યો. ભાગવામાં તો એક નંબરની કાયરતા જ હતી. અચાનક એક વાત સૂઝી. તરત જ, મગર તરફ મોં રાખીને હું બે ડગલાં પાછો ફર્યો. અને ઘૂંટણે પડી, બંદૂક સીધી કરી, નિશાન લઇ, મગરની ડાબી અને જમણી આંખો પર બંદૂકની ડાબી-જમણી નળીમાંના કારતૂસ છોડી દીધા: ધાંય!... ધાંય!...

આ બધી ઘટના ક્ષણવારમાં બની ગઈ. મગરની બંને આંખો ફૂટી ગઈ અને જોરથી અવાજ કરીને તે આળોટવા લાગ્યો. આળોટતો આળોટતો તે હવે પાણી તરફ સરકતો હતો. ફક્ત આંખો ફૂટી જવાથી એનું મૃત્યુ થવું અસંભવિત હતું. તરત ઊભા થઈને મેં બંદૂકની નાળ ખોલી નાખી. અને ખાલી કારતુસ ફેંકી દઇ, ગોળીના કારતુસ ભરી નાળ સીધી કરીને તેની ગરદનમાં ગોળી મારવાનો પ્રયત્ન કરવા માંડયો. પણ ગબડાગબડ આળોટતા મગરની ગરદનમાં ગોળી મારવાનું સહેલું નહોતું. છતાં યે સમય ખોવો પોસાય તેમ નહોતો. આમ ને આમ જો તે પાણીમાં પહોંચી જાય તો પછી એની ગંધ પણ ન મળે! મેં અંદાજે એક ગોળી ગરદન પર અને બીજી એની છાતી પર મારી. નસીબજોગે બન્ને ગોળીઓ નિશાન પર જ વાગી. એની ગરદન ને છાતીમાંથી લોહીના ફુવારા છૂટયા. આળોટવું ભૂલીને તે પોતાના જીવનની અંતિમ ઘડીઓ ગણવા લાગ્યો.

નદીના પટમાં ઉપરાઉપર ચાર ફાયર થવાથી જાણે હાહાકાર મચી ગયો. જોઉં છું તો પ્રહ્લાદ શ્વાસે રોકયા વિના દોડયો આવે છે ને નાવડે, જોખમ હોવા છતાં ખલાસીઓ આ બાજુ લઈ આવે છે. થોડી વારમાં તો સૌ એકઠા થઈ ગયા. બહુ મહેનતે નાવમાં લાશ મૂકી. મગર સત્તર ફૂટ ત્રણ ઇંચ લાંબો હતો. હું ક્ષેમકુશળ સાસરે પહોંચ્યો.

આખી વાત સાંભળીને મારા સાળાએ હસીને કહ્યું, 'એ તો ઠીક થયું કે બચી ગયા. જો એક દોઢ હાથ આગળ આવીને મગરે હુમલો કર્યો હોત તો આફતનો પહાડ જ તૂટી પડત ને!'

મેં હસીને જવાબ આપ્યો, 'ગભરાવાની જરૂર નથી; સાસરા પક્ષનાં એક સો ખૂન પણ માફ હોય છે!'

અથાણું


કૅપ્ટનની ભૂલથી ટુકડી પંદરેક માઇલ અવળી જ દિશામાં કૂચ કરી ગઇ હતી. ભૂલ સમજાતાં કૅપ્ટને બધાંને હૉલ્ટનો હુકમ આપી ખરી હકીકત સમજાવીને કહ્યું કે હવે આપણે પંદર માઈલ પાછા જવું પડશે. માટે જે જરા પણ ન ચાલી શકે એમ હોય તે બે ડગલાં આગળ આવે.

એક ભૂપત સિવાય બધા જ આગળ આવ્યા.

'શાબાશ ભૂપત!' કૅપ્ટને કહ્યું. 'ફરી પાછા પંદર માઇલ કાપવા આખી ટુકડીમાં તું એક જ તૈયાર થયો તેથી મને ગૌરવ ઊપજે છે.'

'આપની ભૂલ થાય છે સાહેબ.' ભૂપતે ખુલાસો કર્યો, 'હું તો એટલો થાકી ગયો છું કે આ બે ડગલાં પણ આગળ આવી શકું તેમ ન હતો!'

કસોટી



સાથેની આકૃતિમાંના કોઈ પણ ત્રણ બિંદુઓને જુદીજુદી રીતે જોડીને વધુમાં વધુ કુલ કેટલા ત્રિકોણો બનાવી શકાય? બે-ચાર નમૂના તો આકૃતિમાં કરી બતાવ્યા છે. એ મુજબ એ ત્રિકોણની બાજુઓ નાનીમોટી થાને ત્રિકોણના આકાર ગમેતેવો થાય, કે એક ત્રિકોણના પેટાળમાં પણ ગમે તેટલાં બિંદુઓ આવી જાય તેનો વાંધો નહિ. કસોટી તો એ છે કે આમાંથી વધુમાં વધુ કેટલા ત્રિકોણ રચી શકાય.

જવાબ ન શોધી શકો તો નીચે આપ્યો છે.

પેન્સિલ વડે લીટીઓ દોરીને અનેક ત્રિકોણો કરવાની માથાકૂટમાં પડયા વગર કૉલેજમાં ચાલતા બીજગણિતના 'પરમ્યુટેશન્સ ઍન્ડ કૉમ્બિનેશન્સ'ના સિદ્ધાંતથી જવાબ લાવી શકાય:-'न વસ્તુઓ-માંથી ૩ વસ્તુઓનાં જૂથ न (न-૧) (न-૨)÷૬ રીતે લઇ શકાય.' એટલે क, च, ट, प એ ૪ વસ્તુઓ આપી હોય, તો તેમાંથી ૩ વસ્તુઓનાં જૂથ ૪(૪-૧)(૪-૨)÷૬ = ૪×૩×૨÷૬ = ૪ રીતે લઈ શકાય. આ જૂથો આ પ્રમાણે છે (૧) क, च, प, (૨) च, ट, प, (૩) क, ट, प અને (૪) क, च, प.

આ સિદ્ધાંત પ્રમાણે ઉપલી આકૃતિમાં ૨૧ બિંદુઓ હોવાથી ૨૧×૨૦×૧૯÷૬=૧૩૩૦ ત્રિકોણ થવા જોઇએ. પણ આ બિંદુ પૈકી જે ૩ બિંદુ એક જ સીધી લીટીમાં હશે તેને જોડવાથી ત્રિકોણ નહિ બને, માટે એવા કિસ્સા બાદ કરવા પડશે. તેથી પહેલાં તો આ આકૃતિમાં સીધી લીટીમાં આવેલાં ત્રણ બિંદુઓનાં જૂથ શોધવાં રહ્યાં?



આવાં બિંદુઓના પ્રકારો શોધી કાઢવા માટે એ જ આકૃતિના બિંદુઓને ક્રમાંક આપેલી આકૃતિ અહીં આપી છે. તેમાંથી નીકળતા પ્રકારો:

(क) નંબર ૪, ૫, ૬; ૭, ૧૨, ૧૮ ને ૧૦, ૧૪, ૧૯ એ ૩ કિસ્સા.

(ख) નંબર ૭, ૮, ૯, ૧૦; ૪, ૮, ૧૩, ૧૯ ને ૬, ૯, ૧૩, ૧૮ એ દરેક સમૂહ ૪ વસ્તુઓનો છે, તેમાંથી ૩ વસ્તુઓનાં જૂથ કેટલી રીતે લઈ શકાય? આનો જવાબ ઉપરના 'સિદ્ધાંત' પ્રમાણે: ૪×૩×૨÷૬=૪ રીત દરેક સમૂહમાંથી થશે. તેથી ત્રણે સમૂહમાંથી ૪×૩=૧૨ રીત.

(ग) નંબર ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫; ૨, ૫, ૯, ૧૪, ૨૦ અને ૩, ૫, ૮, ૧૨, ૧૭ એ દરેક સમૂહ ૫ વસ્તુઓનો છે, તેમાંથી ૩ વસ્તુઓનાં જૂથ કેટલી રીતે લઈ શકાય? જવાબ ઉપર પ્રમાણે: ૫×૪×૩÷૬=૧૦ રીત. દરેક સમૂહમાંથી ૧૦×૩=૩૦ રીત.

(घ) ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧; ૧, ૨, ૪, ૭, ૧૧, ૧૬ અને ૧, ૩, ૬, ૧૦, ૧૫, ૨૧ એ દરેક સમૂહ ૬ વસ્તુઓનો છે. તેમાંથી પણ ૩ વસ્તુઓનાં જૂથ ઉપરની જ રીતે થઈ શકે: ૬×૫×૪÷૬=૨૦ રીત દરેક સમૂહમાંથી. તેથી ત્રણે સમૂહમાંથી ૨૦×૩=૬૦ રીત.

(ङ) નંબર ૨, ૮, ૧૮; ૧, ૫, ૧૩; ૩, ૯, ૧૯; ૧૫, ૯, ૪; ૨૧, ૧૪, ૮; ૨૦, ૧૩, ૭; ૧૬, ૧૨, ૯ અને ૧૧, ૮, ૬ એ ૯ રીતો.

એકંદરે क+ख+ग+घ+ङ=૩+૧૨+૩૦+૬૦+૯=૧૧૪ રીતો ત્રણ બિંદુ એક જ લીટીમાં આવશે. શરૂમાં આપણે ૨૧ બિંદુમાંથી ૩ બિંદુ લેવાની કુલ ૧૩૩૦ રીતો કાઢી છે, તેમાંથી આ ૧૧૪ રીતો બાદ કરવી પડશે. તેથી જવાબ ૧૩૩૦-૧૧૪=૧૨૧૬ ત્રિકોણો બનશે.

OUR FRIENDS ABROAD

જગતુસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

ગુજરાતી શીખતાં સ્વિસ બહેન

મુંબાઈથી ભાઈ રમણિકલાલ સોલંકી લખે છે:

પરદેશમાં મારા ઘણાં પત્રમિત્રો છે. તેમાં નેલી કરીને સ્વિટ્ઝર્લૅન્ડનાં એક કુમારિકા છે. તેમને મારા પત્રમાં લખાયેલા ૐ'oum' પરથી ગુજરાતી શીખવાનો રસ સ્ફૂર્યો અને હું તેમને થોડીથોડી માહિતી પહોંચાડું છું. કોઈ પણ વ્યક્તિને પ્રત્યક્ષ શીખવવું હોય તો ઘણું સહેલું હોય છે. પરંતુ આ બહેન હજારો માઈલ દૂર છે. અંગ્રેજી ભાષા સિવાય હિંદની બીજી ભાષા જાણતાં નથી. તેથી ગુજરાતી શીખવવું ઘણું જ પરિશ્રમજનક થઇ પડે છે. હું કાંઈ ગુજરાતી ભાષાનો પંડિત નથી, તેમજ અંગ્રેજીનો વિદ્વાન પણ નથી. બી. એ.માં ભણતો વિદ્યાર્થી છું. પણ ગુજરાતી ભાષા જાણવાની જિજ્ઞાસા કોઈ પરદેશીને થાય એથી ગુજરાતીએ જરૂર ગૌરવ લઇ સપ્રેમ તે શીખવવી જોઈએ. મેં ઘણા પરિશ્રમને અંતે તેમને શીખવવાના મૂળાક્ષર તૈયાર કર્યા. તેના બેએક અક્ષરની સમજાવટના દાખલા અત્રે ટાંકીશ:

ક has the Sound of 'C' in Collective and 'k' in Kernel.
ગ pronounces as 'G' in Gun.
જ has the Sound of 'G' in Germany & 'J' in Japan.

આવી રીતે બધા મૂળાક્ષરો તૈયાર કરી રવાના કર્યા. 'લ' અને 'ળ' તથા 'ન' અને 'ણ'ની સમજણ એમને નહિ પડી હોય, જેથી એ અક્ષરો વિષે થોડી સૂચના માગી હતી. 'ળ' અને 'ણ' અક્ષર સિવાયના બીજા અક્ષરથી શરૂ થતા શબ્દો આપ્યા હતા. પરંતુ 'ળ' ને 'ણ'થી શરૂ થતા શબ્દો ગુજરાતી ભાષામાં નથી. એની સમજાવટ માટે મેં વ્યાકરણની સમજૂતી આપતું ચિત્ર (તાલુસ્થાન, મૂર્ધસ્થાન વગેરેની સમજણ તથા ત્યાંથી ઉત્પન્ન થતા અક્ષરો દર્શાવતું ચિત્ર) ચીતરી મોકલ્યું. તેમાંથી તેમને ઉચ્ચાર વિષે જાણવાનું મળ્યું. આ બહેનને ગુજરાતી ભાષા શીખવાનો એટલો ઉત્સાહ અને રસ છે કે તેમણે બહુ જલદી ગ્રહણ કર્યું ને પોતાની સહી-'નેલી'-કરી મોકલી. એક વખત એમની માતાએ ટીકા કરી કે 'તું એવી ભાષા શીખવામાં મગ્ન થઇ છે કે જે તને કોઈ પણ વખત ઉપયોગી થશે નહિ. પરંતુ આ બહેનનું જણાવવું એવું છે કે કોઈ પણ ભાષા જાણ્યા સિવાય ત્યાંના રીતરિવાજો, સાહિત્ય, સંસ્કૃતિ વગેરેનું ખરું જ્ઞાન મેળવવું શક્ય નથી.

મેં જે રીતે મૂળાક્ષરો તૈયાર કર્યા છે તે જો ખોટી યા ઊંધુ માર્ગદર્શન કરાવનારી હોય તો જરૂર એ દિશામાં માર્ગદર્શન કરાવશો.

બીજું, હિંદ ખાતેના પરદેશી એલચીઓ સાથેના પત્રવ્યવહારમાંથી પત્રમિત્ર-સંસ્થાઓનાં થોડાં સરનામાં મને પ્રાપ્ત થયાં છે જે 'કુમાર' માટે મોકલું છું. આશા છે કે 'કુમાર'માં પ્રસિદ્ધ કરશો.

૧ **રશિયા**: The Soviet Anti-Fascist Youth Committee, 10, Kropotkin Street, **Moscow** (U.S.S.R.).

૨ **ચેકોસ્લોવાકિયા**: The School of Modern Oriental Languages, C/o Oriental Ustav, Lazenska 4, **Praha** III (Czechoslovakia).

૩ **હૉલૅન્ડ**: Vereniging Voor Internationl Jeugdverkeer, 25, Plantsoen, **Liden** (Holland).

ફરિયાદો

ગોંડળ (સૌરાષ્ટ્ર)થી ભાઇ કિશોર એમ.શેઠ ફરિયાદ કરે છે કે એમણે ભાવનગરના એક બિરાદર (જેઓ એક ક્લબ પણ ચલાવે છે) ને પોતાના ઉપર આવેલા પરદેશી પત્રમિત્રોના બે પત્ર તથા થોડી ટિકિટો ઘણા સમયથી મોકલેલાં તે બાબત અનેક પત્રો લખવા છતાં ન તો પત્રો પાછા મોકલાવે છે, ન તો પત્રનો જવાબ આપે છે. એમનું નામસરનામું પણ એમણે અમને મોકલ્યું છે. આ શોચનીય છે.

કલોલ(ઉત્તર ગુજરાત)થી ભાઇ જસવંતલાલ મણિલાલ વખારિયા જણાવે છે કે એમણે તથા એમની ટિકિટસંગ્રહ ક્લબના સભ્યોએ 'કુમાર'માં પ્રકટ થએલા નામવાળા કેટલાક હિંદી તથા પરદેશી પત્રમિત્રોને પત્રો લખ્યા, પણ ઉત્તરો મળતા નથી. તેમનાં નામ પણ એમણે અમને મોકલ્યાં છે. વિવેક એ પત્રમિત્રતાનો સર્વસામાન્ય નિયમ છે. પત્રમિત્ર તરીકે બહાર પડ્યા પછી પોતાને મળતા દરેક પત્રનો ઉત્તર તો આપવો જ જોઈએ, અને જો વધુ પત્રવ્યવહાર કરવાનો સમય કે અનુકૂળતા પોતાને ન હોય તો વિવેકભરી ભાષામાં તેમ નિખાલસપણે લખી દેવું જોઈએ. પણ ઉત્તર નહિ આપવાની બેદરકારી કે ઉપેક્ષા તો હરગીઝ ન દાખવવી જોઇએ.

પરદેશમાં પત્રમિત્રતા

જર્મનીના ચાર 'ઝોન' પૈકી કોઈ પણ ઝોનમાં, જર્મન યા અંગ્રેજી ભાષામાં, પત્રમિત્રતા બાંધવા ઈચ્છનારાઓએ—નાની યા મોટી ઉમરના કોઈ પણ ઈચ્છુકે—પોતાને વિષે પૂરતી માહિતી (નામઠામ, ઉમર, શોખ વગેરે) સાથે નીચેને સરનામે લખવું, તેમજ પોતે કઇ જાતિના(સ્ત્રી યા પુરુષ) તેમજ કેટલા મિત્રો ઈચ્છે છે તે જણાવવું, જેથી તેમના તેવા પત્રો તે તે સરનામે એ સંસ્થા મોકલી આપશે: Miss Anna-Maria Braun, International Correspondence Bureau, **Munich** 15, Lindwurmstrasse 126-A, (Germany/U.S Zone). ઉલ્લેખ: રમેશચન્દ્ર શાહ, મુંબાઈ.

સ્વીડનમાં પત્રમિત્રતા બાંધવા ઈચ્છનારે પોતાને વિષેની સંપૂર્ણ માહિતી—ભાષા, શોખ વગેરે નીચેને સ્થળે તા. ૧૫મી મે સુધીમાં પહોંચી જાય તે રીતે લખવું: Mr. Karl Knutsson, 27/B Lastmekaregatan, **Stockholm-C (Sweden)** ઉલ્લેખ: પ્રફુલ્લચંદ્ર મ. પટેલ, ભાદરણ (રાજપીપળા).

હિંદી પત્રમિત્રો

(14) Rameshchandra Morarji Vinchhi, Brahmkshatriya Boarding, Mahatma Gandhi Road, Amreli (Saurashtra)-19, Stamps, Reading, Travelling; (15) Atmaram G. Pandya, Station Plot, P. O. Upleta (Saur.)-20, Stamps, Photography; (16) Yusuf Ismail Vaez, Sayedpura, Turana Street, Surat-20, Stamps, Cinema; (17) Jaswantlal Manilal Vakharia, Vakharia's Street No. 1, Kalol (N.G.)-20, Stamps, Games, Religion, Geography, Politics: (18) Bharatkumar J. Upadhyaya, Station Plot, Gondal (Saur.)-19, Cinema, Music, Travelling; (19) Kishorkumar Amulakh Shah, Jain Gurukul, Palitana (Saur.)-20, Stamps, Coins, Lireature; (20) Rajnikant Pannalal Kothari, 118/2 Kalbadevi, Bombay-2-18, Literature, Science, Politics, Reading; (21) Anilkumar N. Mehta, Light House, Anand Bhuvan, 3rd Floor, Princess Street, Bombay-2-17, Stamps; (22) Shah Ramesh Chimanlal 63, Dhanji Street, Bombay-3-20, Stamps, Photography.

(ચાલુ)

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખની માહિતી આપતો વિભાગ

ભૂતિયા ટિકિટો : બીજો પ્રકાર

ગયે મહિને કરી હતી તેના કરતાં જુદા જ પ્રકારની 'ભૂતિયા' ટિકિટોની આ મહિને વાત કરવાની છે. 'ભૂતિયાં' રૅશનકાર્ડની માફક, દુનિયામાં જેનું અસ્તિત્વ જ ન હોય એવા કોઈ બનાવટી દેશની ટિકિટો જેમ 'ભૂતિયા' કહેવાય છે, તેમ, કેટલીક ટિકિટો-નાં ચિત્રોમાં ધાર્યા યે ન હોય એવી વધારાની આકૃતિ દેખાય ત્યારે તેને પણ 'ભૂતિયા' કહે છે. દાખલા તરીકે આ સામે પ્રુશિયાની ટિકિટ ઊંધી છાપી છે. તેમાં, નીચેના ભાગમાં બે વિદ્વાનો સામસામા ઊભા રહીને ચર્ચા કરતા હોય એવું છાયાચિત્ર જણાય છે; જ્યારે એને ઉલટાવી સવળા રૂપમાં જોશો તો જણાશે કે, એ છાયાઓ તો, પહોળી પાંખો કરીને બેઠેલા જર્મન રાષ્ટ્રપ્રતીક સફેદ ગરુડના માથાની બંને બાજુના ખાલી ગાળાઓથી બનેલી છે! એવા જ બીજા ઉદા-હરણ તરીકે ઑસ્ટ્રિયાની ટિકિટ આ નીચે



છાપી છે. હિટલરે ઈ. ૧૯૩૮માં એ દેશ પર આક્રમણ કર્યું તે અગાઉ નીકળેલી ઑસ્ટ્રિ-યાની એ છેલ્લી ટિકિટ હતી. તેના ઉપર એક ફૂલદાનીમાં મૂકેલાં ગુલાબનાં ફૂલોનું આલે-ખન છે, પણ તેમાં જમણી બાજુનું સૌથી મોટું ગુલાબનું ફૂલ નિરખીને જોશો તો તેની રેખાકૃતિઓ વડે હિટલરના મસ્તક, નાક અને મૂછોનું આલેખન રચાઇ ગએલું જણાશે! જાણેકે હિટલરના આક્રમણનું છૂપું આગમ ભાખતી ન હોય! ખરેખરી 'ભૂતિયા' ટિકિટ!

ભૂલને કારણે મૂલ્યવાન

ગયા વર્ષે ૩૩૪મા અંકમાં જેનું ચિત્ર (ઉપરમે પાને ગથાળેથી બીજું) આવી ગયું તે ચિત્રવાળી યુનાઇટેડ નેશન્સની ૩ સેન્ટ-ની ટિકિટમાં છાપતી વખતે એક ભૂલ થએ-લી. એમાં સંયુક્તરાષ્ટ્રના ધ્વજનો દંડ તથા ચોમેરના નામની પટ્ટી લાલ શાહીમાં છપા-તી હતી ને વચ્ચેનો ધ્વજ બ્લુમાં. તે છાપતી વેળા ધ્વજ બરોબર દંડને યથાસ્થાને ન છપાતાં જરા નીચેના ભાગમાં- ગરબી કાઢીએ હોય એ રીતે છપાઇ ગએલો. એ ટિકિટો પાછી ખેંચી લેવાતાં પહેલાં એવી વીસેક ટિકિટો વેચાઈ ચૂકી છે એમ હમણાં માલૂમ પડયું છે. એ ભૂલવાળી ટિકિટો જેમને હાથ ચડશે એ નસીબદાર ગણાશે, કેમકે યથા સમયે એનું મૂલ્ય એકાદ ખાનના જેટલું લેખાશે!

ડ. જમણી બાજુ: બેલ્જિયન કૉંગો-ની આ નવી ટિકિટોની વિશિષ્ટતા તેનાં ચિત્રોમાં છે. ત્યાંના મૂળવતની-ઓમાં કાષ્ઠ-શિલ્પની જે અંતર્દેશીય કલા પ્રચલિત છે તેના ચાર ચૂંટેલા નમૂના તેના ઉપર છાપેલા છે. ભૂગિ-જાત કલાના નમૂના આ રીતે ટિકિટો ઉપર મુકાય એ ખાસ નોંધપાત્ર છે. (શ્રી રાજેન્દ્ર ર. ભટ્ટના સંગ્રહમાંથી)









ગયે વર્ષે જર્મનીમાં એક ગામ ખાતે આવેલા ૭૦૦ વર્ષ જૂના એક દેવળની કલાત્મક રંગીન બારીઓનાં ચિત્રોવાળી એક ટિકિટ પ્રગટ થઈ હતી તે ભાઇ ગિરધારીલાલ શ્રૉફે મોકલી છે. ટિકિટો પર કલાનું આવું પ્રાકટ્ય વિરલ છે. એ મૂળ કરતાં સવાયું કદ કરીને અહીં ડાબી બાજુ આપી છે. ગયા સપ્ટેમ્બરમાં ઑસ્ટ્રિયા ખાતે જગતના સ્કાઉટોની 'જંબોરી' (મહામેળો) મળેલી, તે પ્રસંગે સ્કાઉટના પ્રતીકની આકૃતિવાળી સુંદર બહુ-રંગી ટિકિટો તથા આકર્ષક પોસ્ટકાર્ડ બહાર પડેલાં, તે વઢ-વાણના એક ભાઈ જયંત ચુડગર ત્યાં ગએલા તેમણે ત્યાંથી અમને મોકલેલાં. જમણી બાજુ તે ટિકિટ મૂળ કરતાં ઠીક ઠીક મોટી કરીને આપી છે.



આર્દ્રકણો

વિજયશ્રી વાંછે વીરોને,
ધ્યેયસિદ્ધિ ધ્યાયે ધીરોને,
ધીર વીર નરની છે ધરતી, ને દેવોનાં ધામ.
ભય-નિર્ભય ચપટીમાં ચોળી,
કાળ કસુંબો ઘોળીઘોળી,
પીવાં પીયૂષો હોયે તો ધર જીવનનો જામ.
મહાયજ્ઞ છે મંગલ જીવન,
મહાહુતિઓ માગે પાવન,
પુરુષમેધ વણ પુરુષોત્તમતા માટે રાખન માન.

(પ્રસ્થાન)
પૂજાલાલ

ડૉન સ્ટીફન સેનાનાયક

સિલોન (સિંહલ–લંકા દ્વીપ)ના નાના પણ વિશિષ્ટ મુલકને તેની રાજદ્વારી પરાધીનતામાંથી પૂર્ણ સ્વાતંત્ર્યના સોપાન પર કદમ કદમ કરીને ચડાવનાર, અને એ કટોકટીનાં વર્ષો દરમ્યાન પોતાની ખડતલ હૈયાઉકલ તથા કુનેહબાજ મુત્સદ્દીગીરીથી તેનાં હિતને રક્ષી રક્ષીને અંતે મુક્તિ મેળવી આપનાર, તેના ૬૮ વરસના વયોવૃદ્ધ વડા પ્રધાન ડૉન સ્ટીફન સેનાનાયકનું ગઈ તા. ૨૨મી માર્ચે બપોરે સાડાત્રણ વાગ્યે અવસાન થયું. આગલે દિવસે ઘોડેસવારીએ ફરવા જતાં અચાનક એ પડી ગયા અને એમાં શરીર ઉપરાંત મગજને પહોંચેલી ખતરનાક ઈજા જીવલેણ નીવડી.

૬ ફૂટના પડછંદ ને હાડેતા શરીરવાળા સેનાનાયક ૬૮ વર્ષની ઉમરે પણ જુવાનનું જોમ ધરાવતા હતા; અને પોતાની જે જાગીર પર જીવન આખું એમણે જાતે ખડતલ ખેતી કરવામાં ગાળ્યું તે ખેતરો પર જતાં ઘોડેસવારીમાં જ અકસ્માત એમનું અવસાન થયું એ હકીકત જ દર્શાવે છે કે એમને મળેલું 'ખેડૂત વડા પ્રધાન'નું બિરુદ કેટલું સાર્થ હતું. એમના વ્યક્તિત્વમાં ધરતીનું ખમીર કોઈ લાક્ષણિક રીતે વણાયું હતું, અને એમના જોડા પર ખરેખાત ખેતરાઉ માટી ચોંટેલી જણાતી. વગડાના વા ખમીને રીઢો થએલો એમનો ચહેરો, ભરાવદાર ભવાં તથા મૂછો અને સખત જડબાં, જાણે સિંહાલી સીસમના ગચિયામાંથી કોરેલાં હોય એવાં જણાતાં. નાનપણથી જ કસે ચડેલા શરીર અને ખેતરો તથા જંગલો ખૂંદવાના સ્વભાવને લીધે તે જુવાનીમાં તો 'જંગલ જૉન'ના નામથી જ ઓળખાતા. હાથીઓને કેળવવાની કળા તે જાણતા, અને કહેવાય છે કે લંકાના હાથીઓ સાથે તેમની ખાનગી જંગલ ભાષામાં વાતચિત કરી શકતા, જેથી ગમે તેવા હાથી તેમની આગળ નમ્ર બની જતા. આથી તે 'એલિફન્ટ-મૅન' તરીકે પણ ઓળખાતા!

ઈ. ૧૮૮૪ની ૨૦મી ઑકટોબરે એક બૌદ્ધધર્મી સ્થિતિસંપન્ન સિંહાલી જાગીરદારને ત્યાં એમનો જન્મ થએલો. વિદ્યાર્થી અવસ્થામાં કોલંબોની 'સેન્ટ ટૉમસ ચર્ચ ઑવ ઇંગ્લંડ કૉલેજ'માં, અભ્યાસ કરતાં પણ વિશેષ તો ક્રિકેટ, ફુટબૉલ, બૉક્સિંગ અને કુસ્તીમાં એમણે સારી નામના મેળવેલી. એ કહેતા કે વિદ્વત્તાનો મારો દાવો જ નથી. આજે ય ચોપડાં વાંચવાં મને ગમતાં નથી. ઘણા તો મને અભણ પણ માને છે. પણ હું ગમે તે વસ્તુનું હાર્દ પકડી શકું છું.' અને એ જ એમની પ્રતિભા હતી. એમની હૈયાઉકલત અજબ હતી અને નક્કર ધરતી પર પગ ઠેરવીને વ્યવહારુ બુદ્ધિથી તે વસ્તુઓનો તોડ કાઢતા.

અભ્યાસ પૂરો કરી તેઓ સિલોનના સર્વેયર જનરલની ઑફિસમાં કારકુન તરીકે જોડાયા; પણ ટૂંક સમયમાં જ એ ક્ષેત્ર પોતાને તદ્દન પ્રતિકૂળ લાગતાં નાળીએરી અને રબ્બરની બાપીકી જાગીર પર પોતાને અત્યંત પ્રિય એવી ખેતી કરવા ઊપડી ગયા. આ દ્વારા એમને સિલોનની ખેતીવાડીની જરૂરિયાતો વિષેનો બહોળો અનુભવ થયો, જેને કૃષિ પ્રધાનપદે આવ્યા બાદ એ ક્ષેત્રમાં એમણે સિલોનનો ઘણો જ વિકાસ કર્યો.

જોકે જાહેર જીવનમાં તો તેઓ બહુ મોડા આવેલા. સૌ પ્રથમ તો એમણે એક બૌદ્ધ-



માસમાસનાં પંખી [૭૫]

મોટો નીલકંઠ

જોઈને આંખો ઠરે એવા ઉજ્જ્વલ લીલા વર્ણવાળા, સુકુમાર દેહને લીધે સુંદરતમ ગણાતાં પંખીઓમાં જેની સહેજે ગણના થાય છે એ નીલકંઠની સાત જાતો ભારતમાં થાય છે. એમાંની વધુ પરિચિત ને ગુજરાતની સ્થાયી નિવાસી તો બે જ: લીલો (નાનો) નીલકંઠ ને મોટો નીલકંઠ.

કદમાં લગભગ બુલબુલ જેવડો મોટો નીલકંઠ ખુલ્લા ખેડાતા પ્રદેશનો વાસી છે. ઘાટી ઝાડી, ને નદી કે ઝીલની આસપાસનો પ્રદેશ જ તે પસંદ કરે છે અને ધોળકા, આબુ, તારંગા તથા ઈડર બાજુ મોટી સંખ્યામાં દેખાય છે. દેખાવે તથા રૂપેરંગે નાના નીલકંઠને મળતો પણ કદમાં મોટો છતાં એને રૂપાળો તો ન જ કહેવાય. એનો લીલો રંગ પણ ફિક્કો, ઘાસના રંગે હોય છે. એ લીલામાં લાલ રંગની છાયા દેખાય છે. કમર તથા પૂછડીનો ભાગ આસમાની. હેઠળના ભાગે દાઢી પીળાશ પકડતી શ્વેત. ગળું લોખંડના કાટ જેવું મેલું ઘેરું લાલ. છાતી અને પેટનો ઉપરનો ભાગ લીલો: ગાલ લાલ ભસક. પેઢુ પીળાશપડતા લીલા રંગનું. પૂછડી વચ્ચેનાં પીછાં લાંબાં.

આહારમાં એ જિવાત ઉપરાંત મધમાખી, ભમરી ને ભમરા પણ ખાય છે. ખોરાક મેળવવા માટે ઝાડ પર બેસીને હવામાં ચક્કર મારે છે, પણ તે લીલા નીલકંઠ જેવડાં ટૂંકાં નહિ, પરંતુ વધારે ઘેરાવાવાળાં મોટાં. જિવાત પકડીને ચાંચ બંધ કરે ત્યારે 'ચટાક' દઈને થતો ચાંચનો અવાજ દૂર સુધી સંભળાય છે.

માર્ચથી જૂન દરમિયાન એ નદીકાંઠાની ભેખડમાં, આડી, લાંડી અને છેડેથી પહોળી બખોલ ખોદી, ઘાસપીછાં પાથરી, તેમાં ચોકખા સફેદ ને ગોળાશપડતાં લંબગોળ ૪થી ૭ ઈંડાં મૂકે છે. ['વનેચર' પરથી]



મતવાદી તરીકે દારૂ-નિષેધની પ્રવૃત્તિમાં ભાગ લીધેલો. તે પછી ૧૯૧૫માં સિલોનમાં થએલી રાજકીય ક્રાંતિ વેળા તેમણે જેલ પણ ભોગવી. પણ ખરું જાહેર કાર્ય તો તેમણે પોતાના મોટા ભાઈ ફ્રેડરિકના અવસાન બાદ તેનું કામ સંભાળવા 'સિલોન ઇન્ડિપેન્ડન્સ પાર્ટી'માં મિત્રોના દબાણથી જોડાયા બાદ જ હાથ લીધેલું, આ પછી એમણે કદી પોતાની જાગીર તરફ પાછું વાળીને જોયું નથી. ત્યાર પછીની એમની બધી કારકિર્દી રાજકીય ક્ષેત્રે જ ઘડાઈ. ૧૯૨૪માં તેઓ સિલોનની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં બિનહરીફ ચૂંટાઇ આવ્યા બાદ સાત વર્ષે તેઓ બૅરન જયતિલકને સ્થાને સ્ટેટ કાઉન્સિલ (રાજસભામાં) આવ્યા ને એ જ વર્ષે ખેતીવાડી ખાતાના પ્રધાન નિમાયા, જે પદ પર રહી એમણે લગભગ ૧૬ વર્ષ સુધી સિલોનના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો. મોટા પાયા પર નહેર યોજનાઓ કરી ત્યાંના વિશાળ પડતર પ્રદેશને ફળદ્રુપ બનાવી દેવા ઉપરાંત, તેમણે ઢોર ઉછેરનો પણ એટલો જ વિકાસ અને પ્રચાર કર્યો. વળી, સહકારી સોસાએટીઓ અને બૅન્કોનો વિકાસ કરી સિલોનની આર્થિક ઉન્નતિ સાધવામાં પોતાની બધી જ શક્તિઓનો એમણે ભોગ આપ્યો. સાથેસાથે સિલોનની રાજકીય મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવામાં એમની જ મુત્સદ્દીગીરી કારગત નીવડી. ૧૯૪૪માં સોલબરી કમિશને સિલોનની મુલાકાત લીધી તેને માર્ગદર્શન આપવા પછી તેની ભલામણોની વિચારણા વખતે એમને લંડનનું આમંત્રણ પણ મળ્યું. સિલોનના એ ગવર્નર જનરલ લોર્ડ સોલબરીએ ખુદ જ એમને અંજલિ આપી કે છે 'ન્યાયપ્રિયતા, ધૈર્ય, સહિષ્ણુતા ને હસમુખા સ્વભાવ સાથે રાજનીતિનું જે ઊંડું જ્ઞાન એમનામાં હતું તે તેમને મહાન નેતા બનાવવા માટે પૂરતું હતું.'

૧૯૪૭ની ચૂંટણી બાદ તે સિલોનના પહેલા વડા પ્રધાન નિમાયા અને તે પછી થોડા માસમાં જ સિલોનને રાજકીય સ્વાતંત્ર્ય મળી તે ડુમિનિયન થયું. આ સ્વતંત્રતા મેળવવા જ એમણે યુનાઈટેડ નૅશનલ પાર્ટી સ્થાપી તેને કાયમી દોરવણી આપી હતી અને તે દ્વારા સિલોનના લોકોનું ઐક્ય સાધી પોતાની મકસદ બર લાવ્યા હતા. ૧૯૪૮માં અને પછી' ૪૯ અને '૫૧માં લંડનમાં ભરાએલી કૉમનવેલ્થના વડા પ્રધાનોની પરિષદોમાં એમણે હાજરી આપેલી અને ૧૯૫૦માં તેઓ પ્રીવી કાઉન્સિલર નીમાએલા.

સ્વભાવે તેઓ બહુ સ્વસ્થ ને શાંત વ્યવહારુ બુદ્ધિના હતા અને તાત્કાલિક જણાતા વિરોધીઓને કદી કાયમી દુશ્મન માની લેવાની બીજાઓ જેવી ભૂલ કદી કરતા નહિ. એવી અજબ કુનેહથી તે વિરોધીઓ સાથે વર્તતા કે એમની સાથે ગરમાગરમ રસાકસી કરનાર કટ્ટર વિરોધીઓ પણ ચર્ચાને અંતે એમની મધુર વિવેકબુદ્ધિને વશ થઈ જતા.' જોકે સિલોનમાં વસતા પંદર લાખ ભારતવાસીઓના નાગરિક-હક્કો સંબંધમાં એમનું વલણ અસંતોષકારક, બગીલ અને સિલોનપક્ષી હતું અને એ પ્રશ્ન પરત્વે સિલોનમાંના ભારતીય નેતાઓ સાથે સદા ટપાટપી થયા જ કરી છે; છતાં તેમને સ્વ. સેનાનાયકની ન્યાયવૃત્તિમાં વિશ્વાસ હતો અને માનતા કે એક દિવસ તો તેઓ એ પ્રશ્ન પરત્વે પોતાની અભિજાત ઉદારતાથી જોશે.

'સિંહલ દ્વિપના પિતા' તરીકે સૌમાં આદરપાત્ર થએલા, એ દેશના એ ભાગ્યવિધાતાનું ખાનગી જીવન બહુ સાદું અને પરિશ્રમી હતું. ઘણા સિંહાલીઓની જેમ એમનું નામાભિમાન ખ્રિસ્તી હોવા છતાં ધર્મે તેઓ બૌદ્ધ હતા; અને એમની પછી પ્રધાનમંડળે મોટી બહુમતિએ એમના ૪૧ વર્ષના પુત્ર ડડલી સ્ટીફન સેનાનાયકની વડા પ્રધાન તરીકે નિમણૂક કરી એ હકીકત જ દર્શાવી રહે છે કે અહોરાત્ર સિલોનનો જ ઉત્કર્ષ કરતાં કરતાં અવસાન પામેલા એ દેશભક્ત પોતાની એ ભાવના કેટલી ઉત્કટતાથી કેળવી ગયા હશે.

ટુંગ

એ છે એક ઝાડનું નામ. નામ ઉપરથી એ મૂળ ચીનનું વતની જણાય છે. એનાં પાંદડાં હૃદયના આકારનાં હોય છે. અને ચીની ભાષામાં 'ટુંગ'નો અર્થ થાય છે હૃદય. આ ઝાડના ફળમાંથી કાઢેલું તેલ 'ટુંગ-ઑઇલ' ભિન્નભિન્ન ઉદ્યોગોમાં ખૂબ ઉપયોગી છે. જલદી સુકાઇ જાય એવું હોવાથી તે વિવિધ વારનિશો, રંગો, ઇનૅમલ્સ વગેરે બનાવવામાં વપરાય છે. ખાસ જાતનાં ઈન્સ્યુલેટિંગ વારનિશો તથા કલાત્મક મુદ્રણ માટેની ઊંચી જાતની શાહી બનાવવા માટે પણ તે ઉપયોગી છે. ચામડું કમાવવાને લગતા ઉદ્યોગમાં પણ તેની જરૂરત પડે છે. વળી વસ્તુઓને અણભીંજ બનાવવાનો પણ તેનામાં ગુણ હોવાથી વૉટરપ્રુફ કાપડ અને કાગળોની બનાવટમાં તે ઉપયોગી છે.

રબર તરીકે પણ ટુંગ ઑઇલ ચાલે એવું છે ને કેટલાક કિસ્સાઓમાં તો કુદરતી રબર કરતાં પણ તે વધારે સારું પડે છે. તેને પણ રબલની માફક વલ્કેનાઈઝ કરી શકાય છે. ટૂથ પેઈસ્ટ અને કૉસ્મેટિક્સ માટે વપરાતી કૉલૅપ્સિબલ ટયૂબોના અંદરના ભાગમાં આવરણ ચડાવવા માટે પણ ટુંગ ઑઈલનો ઉપયોગ કરવામાં આવે છે. વળી ટુંગ ઑઈલ પાણી અને હિમનો પ્રતિકાર કરી શકતું હોવાથી વિમાનને લગતા પદાર્થો ઉપર પ્રક્રિયા કરવા માટે પણ તે ઉપયોગી છે. કેટલાક ખાસ સંજોગોમાં સાબુ-ઉદ્યોગને પણ તેની જરૂરત રહે છે.

પુષ્કળ વરસાદમાં જ ઊગી શકતું આ ઝાડ સૌ પહેલું આસામમાં આજથી બે દાયકા પર ઉગાડાયેલું આજે તો આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ, કાશ્મીર, મુંબાઇ, મદ્રાસ, મહિસુર, કુર્ગ અને ત્રાવણકોર-કોચીનમાં તે ઉગાડાય છે. બીજે કે ત્રીજે વર્ષે ઝાડ ફળે છે. સામાન્યત : પહેલા ફાલની કળીઓ તોડી લેવામાં આવે છે જેથી કરીને ઝાડ વધારે સારું ખીલે. ચોથા વર્ષથી

ઝાડને ફળ ધારણ કરવા દેવામાં આવે છે.

વ્યાપારના ક્ષેત્રમાં ટુંગનું ભવિષ્ય ઊજળું છે અને વધુ સંશોધન થતાં એની ઉપયોગિતા અને મૂલ્યવત્તા વધવાનો સંભવ છે.

ખોરાકમાં ગંધક

આપણા ખોરાકમાં ગંધકનું પ્રમાણ પણ અમુક હોવું જોઇએ. જો શરીરમાં ગંધકનું પ્રમાણ ઓછું હોય તો લીવર (યકૃત) નબળું પડે છે, મગજ પણ નબળું બને છે અને પાચનક્રિયા મંદ થાય છે. ગંધકનું કાર્ય શરીરને શુદ્ધ કરવાનું છે. આ ઉપરાંત શરીરમાંથી ઝેર બહાર ધકેલવામાં પણ મદદરૂપ બને છે. આથી આપણા ખોરાકમાં ગંધક-વાળા પદાર્થો હોવા જરૂરી છે.

ડુંગળીમાં ગંધકનું પ્રમાણ મોટું છે. ગરીબ લોકો ને ખેડૂતો તેનો છૂટથી ઉપયોગ કરે છે. શરીરને નીરોગી રાખવા માટે ડુંગળી ઉત્તમ છે. તેની કચુંબર બનાવીને તો ખાઇ જ શકાય છે. શાક બનાવીને લેતાં કબજિયાત રહેતી નથી. અલબત્ત, તેમાં દુર્ગંધ છે, પણ ટમેટાં, ગાજર, કૅબેજ, દહીં, મૂળું વગેરેની કચુંબર સાથે લેવાથી દુર્ગંધ ઓછી લાગે છે. જેને ડુંગળી અનુકૂળ આવે તેણે ખોરાકમાં લેવાનો આગ્રહ રાખવો. ગરીબ લોકો માટે તો તે અમૃત સમાન છે. (તંદુરસ્તી)

મહાગ્રંથની શતાબ્દી

આ વર્ષે ૧૯૫૨માં સાહિત્યક્ષેત્રમાં ગણનાપાત્ર એવા ઘણા ગ્રંથો-ની શતાબ્દી આવે છે, પણ જેણે માનવતાના ઇતિહાસમાં એક ઉજ્જ્વલ પ્રકરણ ઉમેર્યું એ મહાગ્રંથની આ વર્ષે આવતી શતાબ્દી તો ખાસ ઉલ્લેખનીય છે. છે તો માત્ર એ થોડાંક સો પાનાંની નાની નવલકથા, પણ તેણે માનવમાત્રનાં હૈયાં હલાવી મૂક્યાં. અમેરિકામાં ચાલતા હબસીઓના વેપારમાં માણસ માણસને એક નિર્જીવ વસ્તુ પેઠે વેચી-ખરીદી તેના પ્રત્યે પશુથી યે બદતર જે ક્રૂર અને માનવતાહીન વર્તાવ કરતો એનું હૃદયદ્રાવક ચિત્ર એમાં આ-લેખાયું છે. એ પુસ્તકનું નામ 'અંકલ ટૉમ્સ કૅબિન'. મિસિસ હૅરિયેટ બીચર સ્ટો નામની એક અમેરિકન બાઈએ લખેલી એ નવલકથાએ ઇંગ્લંડની રાણી વિક્ટોરિયાથી માંડીને અદનામાં અદના માનવ સુધીનાના અંતરને એવો તો સ્પર્શ કર્યો કે એ ગુલામી વેપાર પ્રત્યે જગતભરમાં એક પ્રચંડ આંદોલન ઊપડ્યું. ને અનેક કપરી લડતો પછી તેનો અંત લાવ્યે જ લોકો જંપ્યા. એ પુસ્તક ઇ. ૧૮૫૨ના માર્ચ માસમાં પ્રકટ થએલું. 'માનવતાનાં લિલામ' નામથી ગુજરાતીમાં પણ તેનો અનુવાદ હમણાં બહાર પડ્યો છે.

રાજસભામાં સંસ્કાર-પ્રતિનિધિઓ

સામાન્યતઃ સાહિત્ય, શિક્ષણ, સંશોધન, વિજ્ઞાન, લલિતકલાઓ આદિ પ્રવૃત્તિમાં રત રહેતા માણસોને રાજકારણમાં રસ નથી હોતો. વહીવટી જંજાળથી તેઓ દૂર રહે છે. એટલે દેશનું સુકાન સંભાળનારી લોકસભા માટેની ચૂંટણીમાં તેઓ પડતા નથી. પણ દેશના સંસ્કારના પ્રતિનિધિઓની સલાહ અને સહકાર વિનાનો વહીવટ પાંગળો ને પ્રાણહીન ગણાય. પ્રજાના પ્રાણપ્રશ્નોમાં જો ચૈતન્યનો અંશ રાખવો હોય તો એમનો સૂર ત્યાં પહોંચવો જોઇએ. આ હેતુથી ભારતના રાજબંધારણમાં એક એવી જોગવાઈ છે કે ચૂંટણી થઇ ગયા પછી પ્રમુખ પ્રજાના એવા બાર સંસ્કાર-પ્રતિનિધિઓની નિમણૂક રાજ સભામાં કરે. તે અનુસાર નીચેની વ્યક્તિઓની પ્રમુખે નિમણૂક કરી છે: (૧) ડૉ. ઝાકિર હુસેન (શિક્ષણશાસ્ત્રી) (૨) શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર (ધારાનિષ્ણાત) (૩) પ્રા. સત્યેન્દ્રનાથ વસુ (ભૌતિકશાસ્ત્રી) (૪) ડૉ. જે. મોહનદાસ કુમારપ્પા (સમાજશાસ્ત્રી) (૫) ડૉ. કાલિદાસ નાગ (ઇતિહાસજ્ઞ) (૬) શ્રી કાકાસાહેબ કાલેલકર (શિક્ષણશાસ્ત્રી-સાહિત્યકાર) (૭) શ્રી મૈથિલીશરણ ગુપ્ત (હિંદી કવિ), (૮) શ્રી પૃથ્વીરાજ કપુર (અભિનેતા), (૯) પ્રા. રાધાકુમુદ મુખરજી (ઇતિહાસકાર), (૧૦) ડૉ. સાહેબસિંહ સોખે (ઔષધ-શાસ્ત્ર-સંશોધક), (૧૧) શ્રીમતી રુક્મિણી દેવી (નૃત્યકાર) અને (૧૨) પ્રા. નારાયણ મલકાની (સામાજિક કાર્યકર).

હિંદીમાં સાહિત્ય-પારિતોષિક

ઉત્તમ સાહિત્યસર્જનના સત્કાર માટે આપણે ત્યાં જેમ રણજીત-રામ સુવર્ણચન્દ્રક, મહીડા પારિતોષિક, કુમાર ચન્દ્રક આદિ છે, તેમ હિંદી ભાષામાં તો અનેક વાર્ષિક પારિતોષિકો અપાય છે. તે પૈકીનાં થોડાંની યાદી: (૧) રૂા. ૧૨૦૦નું મંગલાપ્રસાદ પારિતોષિક: વર્ષના કોઇ પણ શ્રેષ્ઠ વિષય માટે; (૨) રૂા. ૧૫૦૦નો ગોવિંદરામ સેકસરિયા વિજ્ઞાન પુરસ્કાર: વિજ્ઞાન માટે; (૩) રૂા. ૨૧૦૦નો હરિ-જીમલ ડાલમિયા પુરસ્કાર: સર્વશ્રેષ્ઠ મૌલિક હિંદી સાહિત્યગ્રંથ માટે; (૪) રૂા. ૨૦૦૦નો શ્રીમતી હરિજીમલ ડાલમિયા પુરસ્કાર: હિંદીના સર્વશ્રેષ્ઠ દર્શનશાસ્ત્રના ગ્રંથ માટે; (૫) રૂા. ૫૦૦નું સેકસરિયા મહિલા પારિતોષિક: સ્ત્રીઓની કોઇ પણ મૌલિક કૃતિ માટે; (૬) રૂા. ૫૦૦નું મોરારકા પારિતોષિક: સમાજવાદ વિષયક પુસ્તક માટે; (૭) રૂા. ૫૦૦નું જન-પારિતોષિક: ગ્રામોદ્યોગ વિષયક માટે; (૮) રૂા. ૫૦૦નો ગોપાલ પુરસ્કાર: અદ્વૈત સિદ્ધાંતના આધારે રચેલી 'આચારશાસ્ત્ર'-ની કોઈ પણ કૃતિ માટે; (૯) રૂા. ૫૦૦નો નેમીચંદ ચંડિયા પુરસ્કાર: બાલસાહિત્ય માટે; (૧૦) રૂા. ૨૫૦નો રાનકુમારી પુરસ્કાર: હિંદીના કોઈ પણ મૌલિક નાટક માટે; (૧૧) રૂા. ૨૫૦નો રાધામોહન ગોકુલજી પુરસ્કાર: સમાજસુધારાના કોઈ વિષય માટે; (૧૨) રૂા. ૧૦૦નો નારંગ પુરસ્કાર: ભારતીય સંસ્કૃતિ વિષેની કવિતા માટે (માત્ર પંજાબ-નિવાસી કવિને જ આપવાની મર્યાદા સાથે); (૧૩) રૂા. ૧૦૦૦નો શ્રીમતી નર્મદાદેવી ડાલમિયા પુરસ્કાર: હિંદી વિવેચનાત્મક દર્શન ગ્રંથ માટે; (૧૪) રૂા. ૧૦૦૧નો શ્રીમતી દુર્ગાદેવી ડાલમિયા પુરસ્કાર: અદ્વૈતવાદ ઉપર શ્રેષ્ઠ હિંદી દર્શનગ્રંથ માટે.

ઈન્દાબા

એ વિચિત્ર શબ્દનો અર્થ થાય છે: 'વડિલોનું સંમેલન'. ઝુલુ ભાષાનો એ શબ્દ, આવતા જુલાઈમાં બ્રિટનમાં ભરાનારા સ્કાઉટ-શિક્ષકોના જગત-સંમેલન માટે રાખ્યો છે. અત્યાર સુધીમાં લગભગ ૩૦ દેશોએ તેમાં ભાગ લેવાનું જણાવ્યું છે અને ભારત, પાકિસ્તાન ને સિલોનના પ્રતિનિધિઓ પણ ભાગ લે તેવો સંભવ છે. એ સંમેલનમાં દુનિયાભરમાં છેલ્લાં ૫૦ વર્ષ દરમિયાન થએલી સ્કાઉટિંગની વિવિધ પ્રવૃત્તિઓ તથા તે અંગેના અનુભવોની આપલે થશે. ચર્ચા, તાલીમ, પ્રદર્શનો, બાલવીર-પ્રવૃતિ અંગેનાં નાટકો તથા ચલચિત્રો અને આંતર-રાષ્ટ્રીય ક્રિકેટનો કાર્યક્રમ પણ તેમાં યોજવામાં આવ્યો છે.

ટમાટાવડી

૧ શેર પાકાં ટમાટા પાણીમાં બાફવા. સંપૂર્ણ બફાશે ત્યારે તેમાં આપોઆપ કાપા પડશે. પછી તેને નીચે ઊતારી પાણી કાઢી નાખવું ને ઠંડાં પડે એટલે તેના ઝીણા કટકા કરી છાલ સહિત ૧॥ શેર દૂધમાં નાખી, તેમાં ગળપણ માટે ખાંડ તથા એક તાજું નાળિયેળ છીણીને નાખવું (સુકાયેલું કોપરું પણ ચાલી શકે.) થોડી એલાયચી પણ વાટીને નાખવી. પછી તે સર્વેનો ભેગો માવો કરવા તે કઠણ થાય ત્યાં સુધી પ્રાઇમસ ઉપર મૂકવું ને વારંવાર ચમચાથી હલાવતા રહેવું. એકદમ કઠણ થાય એટલે થોડું ઘી તેમાં નાખી હલાવી ઠારી દેવું. ઠરી જાય એટલે તેને કાપી ખાવાના ઉપયોગમાં લેવી. તે બહુ જ સ્વાદિષ્ટ ને શક્તિદાયક છે. (ગુજરાત સમાચાર) —કુ. ગુણવંતી પરીખ

સવાઈ ગંધર્વ (અનુસંધાન પૃષ્ઠ ૧૧૦થી) મોહિની લાગી કે મહારાષ્ટ્રમાં જ્યાં બાલગંધર્વનાં જ બધે વખાણ થતાં ત્યાં રામભાઉનાં વખાણ થવા માંડયાં. અંતે એક વાર લોકોએ ખાસ સભા ભરી એમને માનપત્ર આપ્યું અને 'સવાઈ ગંધર્વ' નામથી એમને વર્ણવ્યા. ત્યારથી તેઓ એ જ નામથી ઓળખાય છે.

એમ કહેવાય છે કે નારાયણરાવ રાજહંસનો એક હિતૈષી એમને લોકમાન્ય ટિળક પાસે લઈ ગયો અને એમને એ છોકરાનું ગાયન સંભળાવ્યું ત્યારે ખુશ થઈ ટિળકે, 'છોકરો તો બાલગંધર્વની માફક ગાય છે' એમ કહ્યું અને નારાયણરાવ 'બાલગંધર્વ' તરીકે ઓળખાયા. તેમનાથી 'સવાયા' એટલે 'સવાઇ' ગંધર્વ તે રામભાઉ.

રામભાઉએ કયા નાટકમાં કયો ભાગ ભજવ્યો અને કેટલી કંપનીઓમાં તેઓ રહ્યા એ વિષે અહીં લખવાની આવશ્યકતા નથી. એમના યશ વિષે એકાદ વાતનો ઉલ્લેખ બસ થશે.

અણ્ણાસાહેબ કિર્લોસ્કરે લખેલું 'સૌભદ્ર' નાટક મરાઠી રંગભૂમિનું લોકોને કદી પણ કંટાળો ન ઉપજાવે એવું રત્ન છે એમાંનાં ગાયનો દરેક મહારાષ્ટ્રીય રસિકને આજે પણ મોઢે છે. એમાં બાલગંધર્વ સુભદ્રાનું કામ કરતા અને પોતાના સંગીતથી શ્રોતાઓને વિલક્ષણ આનંદ આપતા. રામભાઉની કંપનીએ એ જ નાટક ભજવવાનું નક્કી કર્યું. રામભાઉ સુભદ્રાનું કામ કરવાના હતા. બાલગંધર્વને હરાવે એવી ગાયકી એમની પાસે હતી. સવાલ એટલો જ હતો કે બાલગંધર્વ સાથે રામભાઉ ટક્કર ઝીલી શકશે ખરા? એક જ દિવસે એક જ સમયે પૂનાનાં બે થિયેટરોમાં 'સૌભદ્ર' ભજવાય અને બંને ઠેકાણે પ્રેક્ષકોનો દરોડો પડે! અને આવા પ્રયોગો ચાળીસચાળીસ વાર થાય, એટલું જ નહિ પણ રસિકો બાલગંધર્વના પહેલા ત્રણ અંક જોઈ છેલ્લા અંક રામભાઉના જુએ અને બે વચ્ચે સરખામણી કરે! એમ સવાઇ ગંધર્વે રંગભૂમિ પર કીર્તિ મેળવી.

સવાઇ ગંધર્વ નાટકમાં રહ્યા ખરા, પણ નાટકિયા જીવનની ખરાબ અસરથી તેઓ અલિપ્ત રહ્યા. સ્વભાવે તેઓ તદ્દન શાંત અને સચ્છીલ છે. લોકોની નિંદા તેઓ કોઈ દિવસ કરતા નથી. અને લાગણીપ્રધાન એવા કે એમની આંખોમાં તરત આંસુ આવી જાય. હું ધારું છું કે ૪૧-૪૨માં હું કુંદગોળ ગયો ત્યારની વાત. એમની છોકરી પ્રમિલાના વિવાહનું નક્કી કરવા તેઓ પૂના ગયા હતા તે હું જાણતો ન હતો. એક વાર એમને મળવાનું મન થયું અને હુબળીથી કુંદગોળ ગયો. બપોરે જ તેઓ આવવાના હતા એટલે રોકાયો. બપોરે આવ્યા ત્યારે આનંદમાં દેખાતા હતા, અને કહે, 'વસન્તરાવ, પ્રમિલાનાં લગ્નનું નક્કી કરી આવ્યો છું; અને heartમાં એવું થાય છે કે...' તેઓ આગળ બોલી શક્યા નહિ. એમની આંખોમાં તરત જ આંસુ દેખાયા. આ એમના સ્વભાવને લીધે કરુણ કે ભક્તિરસપ્રધાન ગાયન તેઓ અજબ રીતે ગાઈ શકે છે.

આજે એમનાં ગાયન રેકર્ડોમાં જ સાંભળવા મળે છે. એમની ચાળીસ રેકર્ડો ઉતારવામાં આવેલી. તેમાંની એકાદ-બે સિવાયની બધી કૅટલૉગમાંથી નીકળી ગઈ છે. લોકોને શાસ્ત્રીય સંગીતનો શોખ રહ્યો નથી, એટલે એની રેકર્ડોમાં કંપનીને કમાણી નથી અને સિનેમા-સંગીતની રેકર્ડો ખૂબ જ ખપતી હોવાથી કંપની જૂની શાસ્ત્રીય રેકર્ડો બજારમાં મૂકે એવો સંભવ નથી. કોઇ રસિકે સંઘરી રાખી હોય તો એની પાસે જઈ એ જરૂર સાંભળવી જોઇએ. એમની ભૈરવીની 'લગત કલેજવામેં ચોટ' જેવી ભૈરવીની એક રેકર્ડ આજ સુધી ઊતરી નથી એમ એક મહારાષ્ટ્રીય વિવેચક લખે છે. એમની બીજી ત્રણ રેકર્ડો, 'પ્રીત ન કીજીએ' (આસાવરી), 'સમઝ મન ગોરખ ધંધા' (તોડી), 'પિયા ગુનવંતા' (પુરિયા), 'પાર કરો અરજ સુનો' (પુરિયાધનાશ્રી), 'બનરા બ્યાહ ન આયા' (નટમલ્હાર) અને 'બિન દેખે પડે નાહિં' (ભૈરવી) એટલી બધી સરસ ઊતરી છે કે ફરીફરી સાંભળવાનું મન થાય છે. અબ્દુલ કરીમખાંના અવાજથી રહેજ પણ જુદો ન લાગતો અવાજ એમાં દેખાય છે. પણ ગાયકી છે સવાઇ ગંધર્વની. તે સિવાય એમની દેસકારમાં 'ઝનનન ઝનનન બાજે' રેકર્ડ છે તેના જેવો દેસકાર મારે હજી બીજો સાંભળવાનો છે. તિલક-કામોદ કેવી રીતે ગવાય એ જોવું હોય તો એમની 'મનમેં મોહન બિરાજે' અને શંકરા માટે એમની અદ્‌ભુત 'કલ ના પડે મૈં કા' એ રેકર્ડો જરૂર સાંભળવી. તેમજ મલ્હારની 'બાદરવા બરસનકો આઇ' તથા 'મહમદશા રંગીલે' અને હિંડોલની 'લાલ જિન કર હો' એ રેકર્ડો પણ સાંભળવા જેવી છે. દરેક રેકર્ડમાં શ્રોતાને ઘડીભર ભાન ભુલાવે એવું કંઈ છે. ગાયનમાં પોતે લીન થઈ જવાની અને સાથે જ શ્રોતાઓને તલ્લીન કરવાની કલા એમના જેટલી બહુ ઓછા લોકોમાં મેં જોઇ છે. એમની બધી રેકર્ડો આજે મળી શકતી નથી એ કમનસીબની વાત છે. મળે ત્યાંથી એ મેળવી લેવી જોઇએ અને દેશને ઉપયોગ થાય એ રીતે એનો સંગ્રહ થવો જોઇએ. તંત્રની દૃષ્ટિએ પણ એમના ગાયનનું પૃથક્કરણ કરી શકાય; પણ જે લોકોએ એમને સાંભળ્યા નથી તેમની આગળ એવી સૂકી ચર્ચા કરવાથી શો લાભ?

સવાઈ ગંધર્વ આખી જિંદગી વિદ્યાર્થી રહ્યા છે. એમના સંગીતમાં અબ્દુલ કરીમખાંનું અંધ અનુકરણ નથી. ગુરુની રજાથી એમણે મુરાદખાં બીનકાર, રહિમબક્ષ અને હૈદરબક્ષ (જેમનું નામ 'પિયા બિન'માં આવે છે તે હોવા જોઇએ) પાસેથી ચીજો મેળવી લીધી. નિસારહુસેનખાં અને એમના શિષ્ય ગાયનાચાર્ય રામકૃષ્ણ બુવા વઝેના શિષ્ય પણ તેઓ થયા અને નાના ગુરુબંધુઓ પાસેથી પણ સારી ચીજો મેળવી. વિનયી અને નિરભિમાની સ્વભાવના તેઓ ન હોત તો આવું તેઓ કરી શકત નહિ.

૧૯૨૮-૨૯ સુધી રામભાઉ નાટક કંપનીઓમાં રહ્યા એટલે તેઓ પોતાની મોટી શિષ્યપરંપરા નિર્માણ કરી શક્યા ન હતા. કંપનીઓમાંથી નિવૃત્ત થયા પછી તેઓ કેટલાક દિવસ મુંબાઈ અને પૂના રહ્યા, પણ એ શહેરોની હવા માફક ન આવવાથી તેઓ પાછા કુંદગોળ જઈ રહ્યા. રેડિયો પરથી ગાવા માટે તેઓ અવારનવાર મુંબાઇ તરફ આવતા. પણ ૧૯૪૨ પછી એમને લકવો થયો ત્યારથી એ બંધ થયું. એમને આરામ થશે એમ એ વખતે લાગતું ન હતું પણ વૈદના અથાગ પરિશ્રમ પછી એમની તબિયત સુધરી તો ખરી પણ જાહેર રીતે ગાવા જેટલી શક્તિ એમનામાં આવી નહિ.

એમના કેટલાક શિષ્યોએ દેશભરમાં કીર્તિ મેળવી છે. ગંગુબાઈ હનગલ અને ભીમસેન જોશી એમના મુખ્ય શિષ્યો. ગુરુની વિદ્યાનો ઘણો અંશ આ શિષ્યોમાં ઊતર્યો છે. પણ બેમાંથી એક ગુરુની તોલે આવે એમ નથી. ફિરોઝ દસ્તૂર પણ એમની પાસે શીખ્યા હતા.

સવાઈ ગંધર્વનું કૌટુંબિક જીવન બહુ સુખી નથી. નાટક કંપનીઓમાં એમણે ઘણા પૈસા ગુમાવ્યા અને બધાં દેવાં ચૂકવ્યાં તેથી વૃદ્ધાવસ્થામાં એમની પાસે બહુ મૂડી રહી ન હોય એ બનવા જેવું છે. સ્વભાવના બહુ ભોળા, એટલે કોઈપણ માણસ એમને બનાવી જાય. આથી પૈસાની બાબતમાં તેઓ જરા સંશયી થયા છે એમ એમના એક નિકટવર્તી શિષ્ય પાસેથી સાંભળેલું યાદ છે. એકનો એક પુત્ર જન્મથી માંદો છે એટલે એ વિષે બોલવાનું રહેતું નથી. છોકરી પ્રમિલા સારે ઠેકાણે પરણી છે, જમાઈ ડૉક્ટર છે અને ગાયનકળાનો શોખીન છે તથા ગાઈ શકે છે. રેડિયોમાં ગાય છે એટલો જ એમને આનંદ છે. આજે ૬૬-૬૭ જેટલી એમની ઉંમર હશે.

એમની ગુરુભક્તિ અનન્ય સાધારણ છે. નાટકમાં જોડાવાથી ગુરુ રિસાયા એ દુ:ખ ઘણાં વર્ષ એમના મનમાં હતું. ગુરુને પણ એ સાલતું હતું. આખરે મિત્રોની મધ્યસ્થીથી બે મળ્યા, અને ભૂતકાળની તકરાર ભૂલી ગયા, એ વાતનો તેમને આજે પણ ઘણો આનંદ થાય છે.

નિવૃત્તિ પછીના એમના જીવનવિષે શું લખવું? એક વાર ગંગુબાઈએ કહેલું યાદ છે: 'ગુરુજી પોતાની છેલ્લી રેકર્ડો વગાડે છે અને શાંતિથી સાંભળે છે.' એ વખતે એમના મનમાં શા વિચારો આવતા હશે? આખી જિંદગી જે વિદ્યાની સેવામાં વિતાવી તે વિદ્યા વૃદ્ધાવસ્થાને લીધે લથડતી તબિયતમાં ચાલી જાય, ગવાતું ન હોય, અને એક વાર હિંદુસ્તાનમાં પોતાના જેવા બહુ થોડા ગાયકો હતા-છે એવું પુરવાર કરતી રેકર્ડો વાગતી હોય અને ગાયક બિચારો વિષણ્ણ હૃદયથી તે સાંભળતો હોય ત્યારની એની વેદનાનો કોને ખ્યાલ આવી શકે? સવાઈ ગંધર્વ આજે છે અને નથી. પોતાના ગાયનનું સ્મરણ કરીને જીવવાનું અઘરું કામ એમને માથે આવી પડ્યું છે. એક વખત વાતવાતમાં કવિ નાનાલાલે કહ્યું હતું, 'તમે આજે જુઓ છો એ નાનાલાલ નથી. એ તો ખંડિયેર છે.' સવાઇ ગંધર્વને જોઉં છું અને એ હમેશાં યાદ આવે છે.

છેલ્લીવાર ગંગુબાઇ અમદાવાદ આવ્યાં ત્યારે એમણે કહ્યું: 'ગુરુજી હવે પૂનામાં છે; જરૂર મળી આવજો. કુંદગોળનું બધું સંકેલી તેઓ હવે પૂના આવ્યા છે.' અને સરનામું આપ્યું. એક દિવસ ફરતા ફરતા એમના ઘર પાસે ગયા હતા. વિચાર કર્યો, ચાલો મળી આવીએ. અંધારું થતું હતું. સાંજના સાડા છ પોણાસાત વાગ્યા હશે. ઉપર ગયા. બારણું ખખડાવ્યું. 'કોણ છે?' પેલો પરિચિત સ્વર સંભળાયો. જાણી જોઇને ચૂપ રહ્યા. મનમાં થયું, જોઈએ ઓળખે છે કે નહિ. રામભાઉનાં પત્નીએ બારણું ઉઘાડ્યું. વીજળીમાં ભંગાણ પડવાથી દીવા બંધ પડ્યા હતા, રામભાઉ ગાદલાપર બેસી દીવામાં ઘાસતેલ પૂરતા હતા. અમને જોઇ તરત જ, 'ઓહો વસન્તરાવ! ઘણે દહાડે મળ્યા.' એમ બોલ્યા. એમનું શરીર તદ્દન થાકી ગયા જેવું લાગતું હતું. લકવાની અસર શરીર પર રહી ગઈ છે. ડોક, એક હાથ અને પગ હમેશાં કંપતાં હોય એવું દેખાય છે. એવું જોઉં છું ત્યાં ભૂતકાળના સંગીતની જાહોજલાલીની વાતો શરૂ થઇ. જૂના વખતના સંગીતાકાશમાં પૂર્ણ તેજે તપતા રામભાઉ મનશ્ચક્ષુ આગળ ઘડીવાર દેખાયા અને આજની સ્થિતિનો વિરોધાભાસ અધિકસ્પષ્ટ થયો. ભીષ્માચાર્યની જેમ તેઓ આજે જીવે છે,—અને જાણે સંગીત કલાના મૂર્ત સ્વરૂપ જેવા આજની સંગીતકલાની હાલાકીની પરિસ્થિતિ દર્શાવતા હોય એમ લાગે છે. ઘણીવાર વાતો કરી, ફરી આવવાનું આશ્વાસન આપી છૂટા પડ્યા. હવે ફરીથી ક્યારે મળીશું એનો વિચાર કરતા દુ:ખી ચિત્તે અમે ઘરભણી વળ્યા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં **નવાં પુસ્તકો**

સાહિત્ય પ્રવેશિકા: હિંમતલાલ ગણેશજી અંજારિયાના જાણીતા ગુજરાતી સાહિત્યના પરિચય-પુસ્તકની બીજી આવૃત્તિ—૨ ૮-૦; **વૈતાળની વાતો**: શામળ ભટ્ટની એ જાણીતી કૃતિમાંની બોધક કથાઓનું લોકોને રોચક શૈલીમાં કરેલું રૂપાંતર, લેખકો: ડૉ. બિપિનચંદ્ર જીવણચંદ્ર ઝવેરી અને પુરુષોત્તમ જીવણજી મિસ્ત્રી, ૧-૮-૦; **નિત્યપાઠ કરવા** યોગ્ય નામસ્મરણો, સ્તોત્રો ને ધૂન-ભજન વગેરેનો નાનકડો સંગ્રહ—સંગ્રાહક: વામનરાવ પટેલ, સાદું પૂઠું ૦-૧૨-૦, બૉર્ડ પૂઠાનું ૧-૦-૦; **માટીની મૂર્તિઓ**: વાસ્તવિકતાભરી ગ્રામસૃષ્ટિની વાર્તાઓ, લેખક: મોહમ્મદ માંકડ, ૦ ૧૨ ૦; **અક્ષય પાત્ર**: 'સારંગ' બારોટની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, ૧-૮-૦; **ભક્ત કવિ રહીમ અને જમાલનાં** તથા બીજાં સરળ ગુજરાતી અર્થ સાથેનાં કાવ્યો, ૦ ૪-૦; **સિંદબાદનાં સાહસો**: એ પ્રખ્યાત સફરોનું બાલભોગ્ય સંપાદન. કરનાર કૃષ્ણાબહેન, ૦-૮-૦; **ગજેન્દ્રમોક્ષ**: આખ્યાન તથા મૂળ પાઠ; અનુવાદક: વામનરાવ પ્રા. પટેલ, ૦ ૬-૦; **ઠંડા પહોરની વાતો**: સ્વદેશી-પરદેશી બાલભોગ્ય વાર્તાઓનું સચિત્ર સંપાદન કરનાર: દશરથ અમુલખરાય દેસાઈ, ૦-૧૨ ૦; **બાળકોની રીતભાત**: શાળોપયોગી સચિત્ર આવૃત્તિ, લેખક: સોમાભાઇ ભાવસાર, ૦-૪ ૦; **પ્રૌઢ વાચનપોથી**: ૦-૪-૦; **ભક્ત પ્રહલાદનો** દૈવી વૃત્તિઓ તરફ પ્રેરતો વૃત્તાંત સંપાદક: વામનરાવ પ્રા. પટેલ ૦ ૪-૦; **હિંદુસ્તાનનાં સંગીતના** અંગઉપાંગોના પ્રાથમિક પરીચય સાથે આપણા સંત કવિઓની સરળ અને ભાવવાહી કવિતા પ્રસાદીને જુદા-જુદા શાસ્ત્રીય રાગોમા ઉતારવાનો પ્રયત્ન. લેખક: મૂળસુખલાલ આ. દીવાન. ૦—૮—૦; **ધર્મકથાઓ**: ઉપનિષદોની બોધપ્રદ કથાઓ લેખક: વામનરાવ પ્રા. પટેલ. ૧-૮-૦.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: લાલા હંસરાજ



મનસા, વાચા, કર્મણા જેણે આજીવન દેશોન્નતિનું જ ચિંતન કર્યું એ ભારતના એકનિષ્ઠ સેવક, ત્યાગી શિક્ષાગુરુ અને લાલા લજપતરાયના દીક્ષામિત્ર લાલા હંસરાજનો જન્મ પંજાબના એક ગરીબ ખત્રી કુટુંબમાં ૧૮૬૧ની ૧૯મી એપ્રિલે થએલો. દસ વર્ષની વયે પિતાનું અવસાન થતાં મોટાભાઇ મુલકરાજ પાસે લાહોર આવી અમેરિકન મિશન સ્કૂલમાં જોડાયા. ૧૮૭૭માં સ્વામી દયાનંદે લાહોરમાં આર્યસમાજની સ્થાપના કરી ત્યારે સોળ વર્ષના હંસરાજના મનપર એના તત્ત્વબોધની એટલી ઊંડી છાપ પડી કે એણે આર્યસમાજની દીક્ષા લીધી. કૉલેજમાં દાખલ થયા ત્યાં ગુરુદત્ત વિદ્યાર્થી ને લાલા લજપતરાય સાથે એમને મૈત્રી થઈ. ત્રણેમાં દુઃખી ભારત માટે કંઇ ને કંઈ કરી છૂટવાની તમન્ના હતી, તેથી ભાવિ જીવનની પૂર્વ તૈયારીઓમાં તેઓ રાતોની રાતો વિતાવતા. કૉલેજમાં આખી યુનિવર્સિટીમાં ગુરુદત્ત પહેલે ને હંસરાજ બીજે નંબરે આવ્યા. પણ સારી નોકરી કરી આર્થિક ઉન્નતિ સાધવાનું પ્રલોભન ન રાખતાં એ બંનેએ સાથે મળી ૧૮૮૨ના જાન્યુઆરીમાં 'રીજેનરેટર ઑાવ આર્યાવર્ત' નામનું એક અંગ્રેજી સાપ્તાહિક શરૂ કર્યું. ૧૮૮૩માં સ્વામી દયાનંદ અવસાન પામતાં એમના સ્મરણમાં ત્રણે મિત્રોએ મળી 'દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજ' સ્થાપી, જેમાં માત્ર ૫૦ રૂપિયાના માસિક વેતને લાલા હંસરાજે સર્વાનુમતે કુલપતિપદ સ્વીકાર્યું. અને પછી તો એમના હાથ નીચે કૉલેજે જે વિકાસ સાધ્યો તેના પરથી પંજાબમાં આર્ટ્સ ઉપરાંત આયુર્વેદિક કૉલેજ, ધાર્મિક કૉલેજ, ઉદ્યોગશાળા વગેરે અનેક શાખાઓમાં પ્રગતિ સધાઈ. આ બધી સંસ્થાઓના વિકાસ પાછળ એમની જ કાર્યરતતા અને ફનેહ રહેલાં છે. પા સદીમાં તો પંજાબને એમણે નવો જ પલટો આપી દીધો અને લોકોએ એમને 'મહાત્મા'ના પદથી નવાજ્યા.

મલબારમાં મોપલા હુલ્લડ થયું ત્યારે બળજબરીએ વટલાવાએલા હિંદુઓને શુદ્ધ કરી, તેમને પાછા હિંદુ ધર્મમાં લઈ, પતન તરફ જઈ રહેલા હિંદુ ધર્મને બચાવવાનું કાર્ય તેમણે સ્વામી શ્રદ્ધાનંદને પ્રમુખ નીમી ઉપાડી લીધું ભારતવર્ષમાં આર્ય સમાજે પ્રાપ્ત કરેલાં સઘળાં સંમાન અને પ્રતિષ્ઠા એમને તથા એમની ત્રિપુટીને જ આભારી છે. પરંતુ તેમનું કાર્ય આર્યસમાજના પ્રચાર પૂરતું જ સીમિત નહોતું. એમની મુખ્ય મુરાદ તો હતી શિક્ષણાત્મક પ્રગતિ અને સામાજિક સુધારણા વડે નવભારત ઘડવાની. આ બધો સેવાભાર ઉપાડતાં છેલ્લે છેલ્લે એમની તબિયત ખૂબ જ લથડી ગઇ હતી અને નજર પણ ઝાંખી બની હતી, છતાં યે કાર્યમાં સહે[illegible] પણ સ્ખલન આવવા દીધા વિના ૧૯૩૮ના નવેમ્બરમાં પોતે અવસાન પામ્યા ત્યાં સુધી તે અવિરત જારી જ રાખેલું. જેમના માત્ર એક જ બોલ પર હજારો રૂપિયા ન્યોછાવર કરી દેવા લોકો તૈયાર હતા એવા એમણે પોતાના ઘરમાં તો મેજ કે ખુરશી સુદ્ધાં વસાવી નહોતી. એમનો આવો મહાન અને વિરલ ત્યાગ આપણને સદાકાળ પ્રેરણારૂપ રહેશે.

આ માસ (એપ્રિલ)ના દિનવિશેષ

તા. ૧ પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે આદિલશાહ પાસેથી ગોવા જીતી ૮૦૦ મુસલમાન સ્ત્રીપુરુષોની કતલ કરી, ૧૫૧૦.
તા. ૬ બારમી માર્ચે શરૂ કરેલી દાંડી કૂચ પૂરી કરી ગાંધીજી દાંડી પહોંચ્યા, ૧૯૩૦.
તા. ૯ અમેરિકન આંતરવિગ્રહનો અંત, ૧૮૬૫
તા. ૧૨ ઇંગ્લંડનો રાષ્ટ્રધ્વજ યુનિયન જૅક ફરકતો થયો — [best reading: હસીમાં આવ્યો], ૧૬૦૬.
તા. ૧૫ શીખપંથના આદ્યસ્થાપક ગુરુનાનકનો લાહોર નજીક તલવંડી ગામે જન્મ ૧૪૬૯.
તા. ૧૮ ચિતાગૉંગ શસ્ત્રાગાર પર બંગાળી ક્રાંતિકારીઓની હિંમતભરી ધાડ, ૧૯૩૦.
તા. ૧૯ સ્વાશ્રયે ઊંચે ચડી શ્રીમંત થનાર પહેલા પારસી બૅરોનેટ સર જમશેદજી જીજીભાઇનું અવસાન, ૧૮૫૯.
તા. ૨૪ સૂરતની સોનાની મૂરતને છેલ્લી ઝાંખી કરનાર સૂરતની પ્રચંડ આગ, ૧૮૩૭.
તા. ૨૫ વાયરલેસના શોધક સીનોર માર્કોનીનો ઈટલીમાં બોલોની મુકામે જન્મ, ૧૮૭૪.
તા. ૨૮ હિંદના એક પીઢ પત્રકાર અને ઇંડિયન સોશિયલ રીફોર્મરના સમર્થ સંપાદક કામાક્ષી નટરાજનનું અવસાન, ૧૯૪૮.

માર્ચ (૧૯૫૨)ની તવારીખ

તા. ૪ ઉત્તર જાપાનમાં હોક્કાઈડો ટાપુમાં પંદર મિનિટ સુધી ધરતીકંપના સખત આંચકા લાગવાથી ત્યાંના મુખ્ય શહેર કુશીરો[illegible]માં પારાવાર નુકસાન; તા. ૭ રંગભેદ સામેની દ. આફ્રિકાની બિનગોરી પ્રજાની ૬ઠ્ઠી એપ્રિલે થવાની વિરોધ ચળવળ અંગે ડર્બનમાં શ્રી મણિલાલ ગાંધીના એકવીસ દિવસના આત્મશુદ્ધિના ઉપવાસ શરૂ; તા. ૧૦ ભારતના પૂરવઠા પ્રધાન શ્રી ગાડગીલે હિંદનું પ્રથમ પેનિસિલીનનું કારખાનું પીંપરીમાં ખુલ્લુ મૂક્યું; તા. ૧૪ બૅંકના દર વધારવાના વિરોધમાં બ્રિટનના સાત લાખ કોલસાના કામદારોની હડતાલ; તા. ૧૭ હિંદભરમાં ફાઇન અને સુપર ફાઈન કાપડની વહેંચણી પરનો અંકુશ રદ થયો; તા. ૧૯ અલીપોર (કલકત્તા)માં ભારતના અર્થસચિવ શ્રી દેશમુખે નવી ટંકશાળાનું ઉદ્ઘાટન કર્યું. (એશિયામાં આ જાતની અદ્યતન આ એક જ ટંકશાળ છે); તા. ૨૨ ઘોડા ઉપરથી પડી જવાથી સિલોનના વડા પ્રધાન ને અગ્રગણ્ય રાજનીતિજ્ઞ શ્રી સેનાનાયકનું અવસાન.

પ્રસંગવિશેષ: જોન ઑાવ આર્ક દ્વારા ફ્રાંસના સ્વાતંત્ર્યનો આરંભ: ૨૯મી એપ્રિલ

સો સો વરસથી ફ્રાંસ અને ઇંગ્લંડ વચ્ચે કટ્ટર અને લાંબો વિગ્રહ ચાલ્યો આવતો હતો. ફ્રાંસના ડૉફીનના બર્ગંડી અને એવાં બીજાં ઘણાં ખડિયાં રાજ્યોને આ યુદ્ધરમતનાં પ્યાદાં બનાવી, થોડા વખતને માટે તો ફ્રાંસનો ઘણોખરો પ્રદેશ પોતાના તાબામાં લઇ, પોતાને જ ફ્રાંસના રાજા કહેવડાવવાની હિંમત કરવા જેટલા ઇંગ્લંડના કાવાદાવા વધી ગયા હતા અને ફ્રાંસ અતિ દીન અને આશાહીન બની ગયું હતું. પણ ઈશ્વરની પ્રેરણાથી ઑર્લિયાંની ખેડૂતકન્યા જોને હતાશ ફ્રાંસમાં આત્મવિશ્વાસનો સંચાર કર્યો ને તેને ભારે પુરુષાર્થ કરવા પ્રેર્યું. જોન ઑાવ આર્કની એ વીર ગાથા તો જગજાહેર છે. ઇ.સ. ૧૪૨૯ની ૨૯મી એપ્રિલે તેણે ફ્રેંચ સૈન્યની સરદારી લઇ સૌ પ્રથમ ઑર્લિયાંના કિલ્લાને ઘેરો ઘાલ્યો અને તેમાં રહેલા અંગ્રેજોને ચાલ્યા જવા કહેણ મોકલ્યું. દુર્ગમ ગણાતા એ ગઢને જીતવાની હિંમત કરનાર જોનને અંગ્રેજોએ હસી કાઢી અને યુદ્ધ શરૂ થયું. મહિનાઓથી દબાવી રાખેલો એ કિલ્લો એક છોકરીની સરદારી નીચેના નાનકડા ફ્રેંચ સૈન્ય સામે ટકાવ નહિ કરી શકવાથી અંગ્રેજોને છોડવો પડ્યો. અંગ્રેજોની આ નાલેશીએ ફ્રાંસમાં હિંમત પ્રેરી ને આત્મભાનથી જાગૃત થએલી એ ગુલામ જેવી બની ગએલી પ્રજાએ અંગ્રેજોને પોતાના દેશમાંથી દૂર કર્યા.

શીતલ રખવાળાં કરે, ભેંસ માંદળે ન્હાય;
નકટી આભૂષણ ધરે, (એ)ત્રણે અલેખે જાય.

—વિશ્વરથ

મદ્રાસ હાઇકોર્ટના એક જજ શ્રી હેરંબ મિત્ર કાયદાપાલન અને પ્રામાણિકપણામાં કેટલા ચુસ્ત હતા તેનો એક વિચિત્ર પ્રસંગ કહેવાય છે, કે પોતાના નાના પુત્ર સાથે એકવાર તે મુસાફરી કરતા હતા ત્યાં રાતના બરોબર બારને ટકોરે તેમણે ટ્રેનની સાંકળ ખેંચી ગાડી ઊભી રાખી, ને ગાર્ડ તપાસવા આવ્યો તેને પૈસા આપી કહ્યું, 'મારા આ પુત્રની મેં અરધી ટિકિટ લીધી છે. પણ તેને હમણાં હાલ (રાતના બાર વાગ્યે દિવસ બદલાયો ગણાય તે હિસાબે) અગિયારમું વરસ બેઠું : એટલે હવે મારે આખી ટિકિટ લેવાની થાય છે. તો તેના બાકી પૈસા લઈ ટિકિટ બનાવી આપો !'

અનેકાર્થી શબ્દ : **કળી**=વણખીલ્યું ફૂલ; છૂટો મોતીચૂર લાડુ; અંગરખા કે પહેરણની સિલાઇમાં બગલ આગળ કરાતું સીવણ. અગ્નિ ચેતવવા ખેડૂતો રૂની દીવેટ વાપરે છે તે; સૌરાષ્ટ્રમાં 'સેવ'ને માટે વપરાતો શબ્દ.

કહેવતોના અર્થ : 'સાસરાનું માન સાળીએ' સાસુસસરા વગેરે વડીલોથી આમન્યા રહે, ને સાળાઓ ઘણી વાર સમકક્ષી હોય, પણ સાળીઓ સાસરામાં એવી વ્યક્તિ છે કે જે મિઠાશ ને મમતા સાથેનું માન (આમન્યા લોપાયા વિનાનું નિકટત્વ) દાખવી રહે છે. આથી વ્યવહારમાં માનસૂચક પ્રતીક તરીકે આ કહેવત વપરાય છે. એ આખી કડી આ છે :

સાસરાનું માન સાળીએ,
ને ગાવાનું ગાન તાળીએ;
જમણનું માન થાળીએ,
ને મોઢાનું ગાન વાળીએ.'

જોડાનો જે ભાગ ડંખતો હોય તેના ઉપર કપડાનો એક કકડો ગરમ પાણીમાં બોળીને થોડી વાર મૂકી રાખવો. ગરમીને લીધે ચામડું પહોળું થશે ને ડંખ પડશે નહિ.

પ્લાસ્ટર ઑવ પૅરીસ સાથે પાણી ન મેળવતાં દૂધ મેળવવાથી પ્લાસ્ટર લાંબો વખત નરમ રહેશે અને ચોંટશે પણ વધારે સારું.

ઑસ્ટ્રેલિયાના સિડની શહેરના એક વતનીને હસવાનો રોગ લાગુ પડ્યો છે. એ માણસ બેવડ વળીને થાકી જાય ત્યાં સુધી હસે છે ને પછી થાકીને હસવાનું બંધ થાય એટલે ફરી પાછો હસવાનું શરૂ કરે છે!



ફ્લાઇંગ્ણિકાઃતલવારને બળે અર્ધા યુરોપને જેર કરી નેપોલિયન તખ્તનશીન થયો ત્યારે તેને માટે આ બેમૂલ રત્નજડિત તલવાર તેના શાહી ઝવેરી નિટોટે તૈયાર કરી હતી.

સુખી થવાનાં બે સૂત્રો

કમ ખાઓ
ગમ ખાઓ

કમ=ઓછું ખાઓ. પેટને ખોરાકથી લાદો નહિ; ગમ ખાઓ=ખામોશી રાખો : ગુસ્સો કે દુઃખ લાગે તે વખતે તો તે તરત ગળી જ જાઓ.




ફેબ્રુઆરી અંકને ૬૧મે પાને હિંદની આરોગ્યપ્રચારની ટિકિટો પૈકી એક આના વાળી એક ટિકિટ આપી હતી. મધ્યસ્થ સરકારના આરોગ્ય ખાતાએ એવી બીજી બે ટિકિટો કાઢી છે, તે પૈકી ચાર આનાવાળી ટિકિટ આ ઉપર આપી છે. રૂપિયા વાળી ટિકિટ હવે પછી આપીશું. સ્પષ્ટતાને ખાતર ઉપરનું ચિત્ર મૂળ ટિકિટ કરતાં પોણા બે ગણું મોટું કરીને આપ્યું છે.


સૂકા મેવા તરીકે પ્રખ્યાત કાજુ એ હિંદની એક આગળપડતી પેદાશ છે. તે મૂળ તો અમેરિકાનું વતની; પણ આજે હિંદમાં તે કુદરતીરીતે એટલું ગબલખ ઊગે છે કે આખી દુનિયાની કાજુની વપરાશનો ૯૫ ટકા ભાગ એકલું હિંદ પૂરો પાડે છે; અને તે પણ હિંદમાં થતી તેની કુલ પેદાશનો ૭૫ ટકા ભાગ છે. બાકીનો ૨૫ ટકા ભાગ હિંદમાં વપરાય છે.

મોહન : એ તો તું સાંખી રહે; તારે બદલે હું હોઉં તો તેને બરોબરની ચોપડાવી દઉં.


સોહન : ચોપડાવી તો હું યે દઉં; પણ એને સુભ્રરને ત્યાં ટેલીફોન નથી.



જુદાજુદા કદના બે સમચોરસમાંથી કાપી કાઢેલા આ પાંચ ટુકડા છે. નં. ૧, ૨, ૩ અને ૪ના ટુકડાને જો તમે યોગ્ય રીતે ગોઠવી શકો તો તેમાંથી એક સંપૂર્ણ સમચોરસ બની શકે છે. હવે આ ચાર ટુકડાઓમાં પાંચમા નંબરનો ટુકડો ઉમેરીને, કોઇ પણ ટુકડાની આકૃતિમાં જરા પણ ફેરફાર કર્યા વિના પહેલા સમચોરસથી સહેજ મોટા કદનો બીજો સંપૂર્ણ સમચોરસ બનાવી શકાય છે. પહેલો સમચોરસ તો કદાચ તુરત બેસાડી શકશો પણ બીજો સમચોરસ અજમાવી જુઓ. એ ધારવા જેટલો સહેલો નહિ લાગે. આ આકૃતિને અહીંથી કાપી ન લેવી હોય તો તેની નકલ ઉતારી લઈ એક જૂના પોસ્ટકાર્ડ પર ચોડીને દરેક કટકો છૂટો કાપી લેવો. જવાબ આવતે મહીને : એ દરમ્યાન તમે પ્રયત્ન કરી જુઓ —દુષ્યંત મજમુદાર



પ્રકૃતિના આલેખ : ફોટો જગન મહેતા • છે તો સાદું નદી કિનારાનું દૃશ્ય; પણ એના મુલાયમ માધુર્યને કૅમેરાની કરામતથી ઉતારવામાં કલાકારનું સાફલ્ય છે. નજીકનું થડ, વચ્ચેનું પર્ણઝુંડ, વહેતાં પાણી અને સામા તીર પરનાં ઝાડ-એ પ્રત્યેકનું ચડાઊતરી પોત તેણે છૂટું પાડી આપ્યું છે અને નદી-નીર તથા સામા કિનારા પરની હવાની ધુમ્મસને જાણે દૃષ્ટિગોચર કરાવી આપી છે.



ભારતની રેલવેની શતાબ્દી : આજથી ૧૦૦ વર્ષ પહેલાં ઈ. ૧૮૫૨માં મુંબાઈ અને થાણા વચ્ચે પહેલવહેલી રેલવે લાઇન નંખાઇ, અને તે માટે બ્રિટનની 'વલ્કન' નામની રેલવે એન્જિનો બનાવનાર પેઢીએ પૅસેન્જર ગાડીઓ માટેનાં ૮ નાનાં એન્જિનો મોકલ્યાં હતાં. ઇ. ૧૮૫૩માં એ ગાડીઓ ચાલવી શરૂ થઇ. તે વખતે જે સૌથી પ્રથમ રેલવે એન્જિન આવેલું તેનું ચિત્ર વલ્કન કંપનીના દફતરમાંના આલેખન ઉપરથી ડાબી બાજુ મથાળે આપ્યું છે. તે પછી તેમાં ઉત્તરોત્તર સુધારા થતા જઇને આ સદીના ત્રીજા દાયકામાં જે ખૂબ લોકપ્રિય એક્સ્પ્રેસ એન્જિનો આવ્યાં તેનું મોટું ચિત્ર નીચે જમણી બાજુ આપ્યું છે. ડાબી બાજુ વચ્ચેનું ચિત્ર જી. આઈ. પી. ઉપર દોડતાં છેલ્લી ઢબનાં WM કલાસ એન્જિનોનું છે, અને તેની નીચે ૩૭૦૦ હૉર્સ પાવરનું બળ ધરાવતા ઇલેક્ટ્રિક એન્જિનનું ચિત્ર છે.

ઈ. ૧૮૫૨માં વલ્કને પ્રથમ ૮ એન્જિનો મોકલ્યાં તે પછી આજ સુધીમાં કુલ ૨ ૭૫૮ એન્જિનો તેણે પૂરાં પાડ્યાં છે. એટલે કે છેલ્લાં ૧૦૦ વર્ષ દરમિયાન પખવાડિયે ૧ એન્જિનને ધોરણે! પણ હવે ભારત સ્વતંત્ર થયા પછી તેણે પોતે જ એન્જિનોનું ઉત્પાદન કરવા માટે કલકત્તા પાસે ચિત્તરંજન ખાતે પોતાનું જંગી કારખાનું બાંધ્યું છે. ત્યાં કામ કરતા અગ્રણી યુવાન ભારતીય ઇજનેરો વલ્કન ખાતે જ તાલીમ પામેલા છે. ઉપરાંત વલ્કનના નિપુણાત ઇજનેરો પણ ત્યાં કામ કરે છે.

